
Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




# ગુરુરામ સંસ્મરણ રાસ

(ડહેલાવાલા)

(ચિત્રમય)

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

પ. પૂ. પંન્યાસશ્રી રુપ-અમી-સૌભાગ્ય-રત્ન-મોહન-ધર્મ-સુરેન્દ્રસદ્‌ગુરુભ્યો નમઃ

(ડહેલાવાળા)

# ગુરુ રામ સંસ્મરણ રાસ

(ચિત્રમય)

**● દિવ્યકૃપા ●**

- અપ્રતિમ પ્રતિભા સંપન્ન પરમ પૂજય આચાર્યદેવશ્રી વિજય **સુરેન્દ્રસૂરીશ્વરજી** મહારાજા
- ચારિત્ર ચુડામણિ પરમ પૂજય આચાર્યદેવશ્રી વિજય **રામસૂરીશ્વરજી** મહારાજા (ડહેલાવાળા)

**● આશિર્વાદ દાતા ●**

**મધુરભાષી પ.પૂ. આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા.**

**પ.પૂ. આ.ભ.શ્રી રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

**● પ્રેરક - માર્ગદર્શક - કૃપાદાતા ●**

ગુરુ **રામ**ચરણ અંતેવાસી પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી

**જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

**● દિવ્યાશિષ ●**

પ.પૂ. વિદુષિ સા.શ્રી **કંચનશ્રીજી** મ.સા.

પ.પૂ. વાત્સલ્યનિધિ **ભદ્રાશ્રીજી** મ.સા.

પ.પૂ. તપસ્વીરત્ના **સરસ્વતિશ્રીજી** મ.સા.

**● આશિર્વાદ દાતા ●**

પ.પૂ. પદ્મલત્તાશ્રીજી મહારાજ

પ. પૂ. પ્રિયદર્શનાશ્રીજી મહારાજ

**● રચયિત્રિ ●**

પદ્મ - પ્રિય શિષ્યા સા. રાજપ્રજ્ઞાશ્રી

www.jaintatvagyanshala.org

● **પ્રકાશક :**
**સુરેન્દ્રસૂરિ જૈન તત્ત્વજ્ઞાન શાળા,**
ઝવેરીવાડ પટણીની ખડકી,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

● **પ્રાપ્તિસ્થાન :**
(૧) **મેનાબેન આરાધના ભવન**
ઈ, દેવયશા બિલ્ડીંગ સેઈન્ટ પાર્ક,
અડાજણ પાટીયા, ગુજરાત ગેસ સર્કલ પાસે,
**સુરત-૯.**

(૨) **સુરેન્દ્રસૂરિ જૈન તત્ત્વજ્ઞાન શાળા**
ઝવેરીવાડ, પાટણીની ખડકી,
**અમદાવાદ - ૩૮૦ ૦૦૧.**

● **નકલ :**
૫૦૦

● **મૂલ્ય :**
રામરાસ વર્ષમાં એકવાર અવશ્ય ભણવો - ભણાવવો.

● **આર્ટિસ્ટ :**
આર્ય ક્રિષ્ના અને નિલેશભાઈ શાહ

● **કમ્પોઝ :**
**તિથિ પ્રિન્ટર્સ**
બી/૨, ઉમા ફ્લેટસ, વિશ્રામનગરની પાછળ,
ગુરૂકુળ રોડ, મેમનગર, **અમદાવાદ - ૩૮૦ ૦૫૨.**
ફોન : (૦૭૯) ૨૭૪૭૬૪૧૯, ૯૮૨૪૫૫૫૦૮૩

● **મુદ્રક :**
**પાર્શ્વ પબ્લિકેશન**
નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ,
**અમદાવાદ - ૩૮૦ ૦૦૧.**
ફોન : (૦૭૯) ૨૫૩૫૬૯૦૯




Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
www.jaintatvagyanshala.org

# निमितम्

## ગુરુ રામ રાસના લાભાર્થી...

તપાગચ્છાધિરાજ, શુદ્ધ આચારનિષ્ઠ પરમારાધ્યપાદ્ આચાર્ય ભગવંતશ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ની દિવ્યકૃપાથી તેઓશ્રીના શિષ્યરત્ન પરમ તારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની અસીમકૃપા અને પરમ પાવનકારી નિશ્રામાં પૂજ્ય ગુરુદેવશ્રીના આજ્ઞાવર્તિની સા.શ્રી પ. પૂ. પદ્મલત્તાશ્રીજી મ.સા. તથા તેમના શિષ્યા સા.શ્રી પ.પૂ. પ્રિયદર્શનાશ્રીજી મ.સા. તેમજ તેમના શિષ્યા સા.શ્રી રાજપ્રજ્ઞાશ્રી કૈવલ્યપ્રજ્ઞાશ્રી વિરતિપ્રજ્ઞાશ્રી આદિના શુભાશિર્વાદથી -

વિ.સં. ૨૦૬૪ માગસરસુદ-પથી શાશ્વતગિરિરાજમાં દાદાની છત્રછાયામાં નવ્વાણું યાત્રા કરવા-કરાવવાનો લાભ લીધેલ તેમાં પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા. તેમજ તેઓશ્રીના સપરિવાર - શ્રમણ - શ્રમણી ભગવંત ૩૫ ઠાણાએ કરેલ ચોવિહાર છઠ્ઠસહ સાત યાત્રા સહિત નવ્વાણુંયાત્રાની યાદગાર સ્મૃતિ નિમિત્તે સાદર સમર્પણમ્

**દોશી લીલાબેન હિંમતલાલ શીવલાલ**

**પરિવાર (મોરવાડાવાળા)**

**શાહ કાન્તાબેન ચંપકલાલ રવચંદ**

**પરિવાર (સીસરાણાવાળા)**

**શાહ વીમળાબેન બાબુલાલ ત્રિભોવનદાસ**


**પરિવાર (ચંડીસરવાળા)**

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## પૂજ્યપાદ્શ્રીના હસ્તાક્ષરોમાં નમસ્કાર મહામંત્ર

नमो अरिहंताणं ।
नमो सिद्धाणं ।
नमो आयरियाणं ।
नमो उवज्झायाणं ।
नमो लोए सव्वसाहूणं ।
एसो पंच नमुक्कारो ।
सव्व पावप्पणासणो ॥
मंगलाणं च सव्वेसिं ।
पढमं हवइ मंगलम् ॥१॥

## પૂજ્યશ્રીનાં પગલાં



ગુરુ **રામ** કેરો રાસ રચતાં, કર્મો હુઆ મુજ હ્રાસ હો...
ગુરુ **રામ** કેરો રાસ ભણશે, વિઘ્નો થશે તસ નાશ હો...
ગુરુ **રામ** કેરુ જીવન બનશે, જગમાંહે ઈતિહાસ હો...
કૃતિ **રામ**ના ચરણે ધરૂં, **રામ** હૃદયમાં મમ વાસ હો...(૧)

www.jaintatvagyanshala.org

# પરમ બ્રહ્મનિષ્ઠ, ગીતાર્થમૂર્ધન્ય પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)નો સંક્ષિપ્ત જીવન પરિચય

**જન્મ સ્થળ :** રાજનગરમાં (શાહપુર)કુવાવાળી પોળ

**જન્મ સમય :** પરોઢના પાંચને સાત મિનિટે

**જન્મ સંવત :** વિક્રમ સં. ૧૯૭૩, મહા સુદ પંચમી -(વસંતપંચમી) શનિવાર

**જન્મનક્ષત્ર :** ઉત્તરાભાદ્રપદ

**જન્મરાશિ :** મીન - ધન

**જન્મ લગ્ન :** વૃષભ

**સંસારી નામ :** રમણ

**સંસારી પિતાનું નામ :** ભલાભાઈ

**સંસારી માતાનું નામ :** ગંગાબેન

**પિતામહ :** પૂંજાભાઈ

**સંસારી મૂળવતની :** કુબડથલ

**સંસારી સમાજ :** બત્રીશી સમાજ

**સંસારી બંધુ :** વાડીભાઈ

**સંસારી બહેન :** કાન્તાબેન

**સંસારી સ્વજનદીક્ષા :** સંસારી માતા - ગંગામાં

**સંસ્કાર ઘડતર :** સા. સુનંદાશ્રીજી (માતા મ.)

**પ્રથમ પ્રતિબોધક :** સા. શ્રી ચંપાશ્રીજી (સંસારી માસી મ.)

**દીક્ષામુર્હુતદાતા :** પંન્યાસ દાદાગુરૂ ધર્મવિજય મ.સા.

**દીક્ષાદાતા :** પૂ.આ. શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

**દીક્ષાગુરુ :** પૂ.આ. શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

**દીક્ષા સ્થળ :** રાજનગરમાં હરિપુરા અસારવા

**દીક્ષા સંવત :** વિ.સં. ૧૯૮૬

**દીક્ષા તિથિ :** વૈશાખ વદ દશમ

**દીક્ષા વય.:** તેર વર્ષની ઉંમરે

**વડી દીક્ષા સ્થળ :** પાટણ

**વડી દીક્ષા સંવત :** ૧૯૮૭

**સંયમ ઘડતર :** ધર્મ વિ. મ., સુરેન્દ્રસૂરિ મ., રવિવિજય મ.

**ગણિપદ સ્થળ :** જામનગર

**ગણિપદ તિથિ :** આસો વદ ૩

**ગણિપદ સંવત :** વિ.સં. ૧૯૯૯

**ગણિપદ તારીખ :** ૧૬, શનિવાર ઈ.સ. ૧૯૪૨

**ગણિપદ દાતા :** પૂ.આ. શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજા (ગુરૂ મહારાજ)

**પં પદસ્થળ :** પાટણ

**પંન્યાસપદદાતા :** પૂ.પંન્યાસ રવિવિજય મ.સા.

**પન્યાસ પદ તિથિ :** વૈ.સુ. ૩ બુધવાર વિ.સં. ૨૦૦૭

**આચાર્ય પદ સ્થળ :** પાટણ - ખેતરવશી.

આચાર્ય પદ : સંવત ૨૦૦૭

**આચાર્ય પદ તિથિ :** વૈ.સુ. પં શુક્રવાર

**સૂરિપદ દાતા :** પંન્યાસ પૂ. રવિવિજયજી મ.સા.

સંવત વિ.સં. ૨૦૪૪ મહામુનિ સંમેલનના અધ્યક્ષ

સર્વ સમુદાયો દ્વારા સ્વીકાર્ય તપાગચ્છનાયક વિ.સં. ૨૦૪૭

**આયુષ્ય પર્યાય :** ૮૯ વર્ષ

**દીક્ષા પર્યાય :** ૭૫ વર્ષ

**આચાર્યપદ પર્યાય :** ૫૪ વર્ષ

**કાળધર્મ સ્થળ :** સુરત (સૂર્યપુરી) કૈલાશનગર

**કાળધર્મ તિથિ :** ફાગણ વદ ૯ વિ.સં. ૨૦૬૦

**કાળધર્મ નક્ષત્ર :** અભિજીત નક્ષત્ર

**કાળધર્મ વાર :** રવિવાર

**કાળધર્મ તારીખ :** ૩-૪-૨૦૦૫

**કાળધર્મ સમય :** સાંજે ૫-૦૩ મિનિટે

**કેવી સ્થિતિમાં :** બેઠા બેઠા

**અંતિમ સંસ્કારયાત્રા :** સુરતનગરીમાં

**અંતિમ સંસ્કાર તિથિ :** ફા. વદ. ૧૦

**અંતિમ સંસ્કાર તારીખ :** ૪-૪-૨૦૦૫

**અંતિમ સંસ્કાર વાર :** સોમવાર

**અંતિમ સંસ્કાર સમય :** સાંજે ૫ વાગે

**શિષ્ય સંપદા :** ૧૯

**પ્રશિષ્ય સંપદા :** ૩૫

**આજ્ઞાવર્તિ શ્રમણશ્રમણી :** ૩૦૦ થી વધુ

**અંતિમ ચિંતના :** શાસન ઐક્યતાની

**વિચરણ :** ગુજરાત - બનાસકાંઠા - કચ્છ - રાજસ્થાન - મેવાડ - સૌરાષ્ટ્ર - બિહાર - બંગાળ - મહારાષ્ટ્ર,

**વિશિષ્ટગુણો :** અપ્રમત્તતા, ક્રિયાનિષ્ઠ, સમતા, સમાધિ, સહનશીલતા, બ્રહ્મચર્ય, આચારનિષ્ઠા, જિનાજ્ઞાવફાદારી, મૈત્રીભાવ, વાત્સલ્યભાવ, સરળતા, નિઃસ્પૃહતા, નિરાડંબરતા, શાસ્ત્રપરંપરા, પૂર્વપુરૂષોની પરંપરાના હિમાયતી

**વિશિષ્ટ રસ :** શાસ્ત્રાભ્યાસ - પ્રાચિનહસ્તપ્રતો - તાડપત્રોનું સંમાર્જન, સંશોધન - શ્રમણ-શ્રમણીનું સંયમ - જ્ઞાન-ઘડતર, દેશનાદાન, તત્ત્વજ્ઞાનશાળા,

**કંઠસ્થ સ્વાધ્યાય :** ૨,૧૫,૦૦૦ થી વધુ શ્લોક

**નિત્ય સ્વાધ્યાય અંતિમ વર્ષોમાં :** ૧ હજાર (ઓછામાં ઓછો)

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ઐતિહાસિક રાસ સાહિત્યની ઉપકારક પરંપરા

વિ.સં. ૨૦૪૭-૪૮નાં વર્ષોમાં પૂજ્યપાદ્ પરમતારક ગુરૂદેવશ્રી રામસૂરીશ્વરજી મ.સા.ની કૃપા અને માર્ગદર્શનથી શ્રી રૂપ વિ. મ. ડહેલાના ઉપાશ્રયના હસ્તલિખિત જ્ઞાનભંડારના સંશોધનનો એક સુઅવસર મને સાંપડયો હતો, ત્યારે હસ્તપ્રતોની વિધ વિધ રચનાઓને તથા જુદા જુદા સૈકાઓની હસ્તપ્રતોનું નિરીક્ષણ કરવાનો આનંદ પ્રાપ્ત કર્યો હતો. તેમાં પૂ. રૂપ વિ. મ.ના જીવનસંબંધી માહિતી માટે તેમના રચિત ગ્રંથો શોધતા પં.શ્રી સત્ય વિ. મ.નો નિર્વાણ રાસ મળ્યો, તપાસતાં (૨) ત્યારબાદના પં.શ્રી કર્પૂર-ક્ષમા-જિન-ઉત્તમ-પદ્મ વિ.મ. સુધીના નિર્વાણરાસ મળ્યાં, રસપ્રદ બાબત એ હતી કે પૂર્વનાં મહાપુરુષનો રાસ પછીના મહાપુરુષે રચેલો હતો, પણ અમી વિ. મ.એ પૂ. રૂપ વિ.મ.નો રાસ રચેલો જણાતો નથી. પણ તેમનાં શિ. સૌભાગ્ય વિ. મ.એ પૂ. અમી વિ. મ.નો રાસ રચ્યો છે, તે યાવત્ પ્રાયઃ મોહન વિ. સુધી નિર્વાણરાસ ઉપલબ્ધ થયાં. એટલે રૂપ વિ.મ.ના જીવનસંબંધી જે માહિતી જોઈતી હતી તે કોઈને અદ્યાવધિ ઉપલબ્ધ નથી થઈ તે હકીકતછે.

આ મહાપુરૂષો કેવા તો નિસ્પૃહ હશે કે તેમણે રચેલા અનેક ગ્રંથોમાંથી પણ તેમની કોઈ માહિતી મળતી નથી. તેમની છેલ્લી કૃતિ વિ.સં. ૧૯૦૫ની મળે છે, તેના આધારે અનુમાન થાયછે કે આ મહાપુરુષ ૧૯૦૫માં કાળધર્મ પામ્યા હોય !

ઈતિહાસને ઉભો રાખવા તે સમયના દેશ-કાલને તથા મહાસંતોના જીવનની વિશિષ્ટતાઓ જાણવા આવા રાસાઓ ખૂબ ઉપયોગી સિદ્ધ થયાછે.

પં.શ્રી. સત્ય વિ.થી મોહન વિ. સુધીનાં નિર્વાણરાસમાં એક રૂપ વિ.મ.નો રાસ ખૂટેછે. તે વખતે મનમાં એક બીજ રોપાયેલું હતું કે આ ખૂટતી કળી પૂર્ણ થાય તો સારૂ, માહિતી શોધવા અનેક પ્રયત્ન કરવા છતાં ન મળી, વાત ધીમે ધીમે વિસરાઈ ગઈ. પરમતારક ગુરૂદેવશ્રી રામસૂરિ મ.સા.ની ઉપસ્થિતિ કાળમાં આ બાબતે ઘણા અનુભવો મળ્યાં હતાં. કારણ કે પૂજ્યશ્રી અનુભવની ખાણ અને જ્ઞાનના ભંડાર હતાં. અંત સમય સુધી તેઓશ્રીએ અમને સૌને અનુભવજ્ઞાન આપ્યું છે. તેનાથી જ અમો અમારી જાતને સમૃદ્ધ માનીએ છીએ. પૂજ્યશ્રીનાં કાળધર્મ બાદ ૧।। વર્ષે વર્તમાનકાલીન મહાત્માનો આવો એક રાસ મને જોવા મળ્યો, અને ફરી મારી સ્મૃતિમાં સળવળાટ થયો, પૂર્વનું વાવેલું બી પાછું અંકુરિત થયું. વિચાર આવ્યો કે સાહેબજીના કાળધર્મને ૧।। વર્ષ થયા છતાં ચતુર્વિધ સંઘ-શાસન પૂજ્યશ્રીને વારંવાર યાદ કરે છે, આવા મહાપુરુષના ગુણો સ્મૃતિ રૂપે જળવાઈ રહે તેવી કોઈ રાસરૂપે

www.jaintatvagyanshala.org

રચના થાય તો સારૂ...! આ ભાવનાને સાકાર સ્વરૂપ આપવા સમુદાયના સાધ્વીજી શ્રી પદ્મલત્તાશ્રીજી તથા પ્રિયદર્શનાશ્રીજીને સૂચન કર્યું. તેમણે તેમના શિષ્યા સા. રાજપ્રજ્ઞાશ્રીજીને સૂચિત કર્યું. તેમની કાવ્યો બનાવવાની કુશળતા પૂર્વે નિહાળી હતી. ગુરૂદેવશ્રીએ જ્યારે અંતિમ દિવસોમાં વીર ઉપસર્ગોની સજઝાય સાંભળવા ભાવના વ્યક્ત કરી ત્યારે જ્ઞાનભંડારોમાં તપાસ કરવા છતાં પૂર્વ મહાપુરૂષ રચિત ઉપસર્ગોની સજઝાય કોઈ હાથ ન લાગી, ત્યારે આ સાધ્વીજીએ માત્ર ૨-૩ દિવસમાં ઉપસર્ગોની ઢાળો બનાવી આપેલ, જે ગુરૂદેવશ્રીને અંત સમયે સંભળાવવામાં આવી હતી. તે ઢાળો પૂજ્યશ્રીનો સ્મૃતિગ્રંથ "ગુરૂ રામસંસ્મરણ યાત્રા"માં તેમજ આ પુસ્તિકાની પાછળ સ્મૃતિ રૂપે પ્રકાશિત કરવામાં આવીછે.

આ "ગુરૂ રામનિર્વાણ રાસ" સાધ્વીજીએ રચ્યો છે, તે એક વિશિષ્ટતા છે. વળી આ રાસ ખૂબ જ અલ્પ સમયમાં રચી આપ્યો છે. પૂજ્યશ્રીના જીવનને નીકટતાથી નિહાળવામાં ઘણા સાધ્વીજીઓ પૈકીના આ રચનાકાર સાધ્વીજી પણ એક હતાં. પૂજ્યશ્રીની પ્રત્યેક વિશેષતાઓથી પોતે વાકેફ હતાં. પૂજ્યશ્રીની તેમને જોઈતી કેટલીક ઘટનાઓ અને માહિતીઓ અમે પૂરી પાડી છે, તથા કેટલીક માહિતીઓ પૂજ્યશ્રીના સંસારી સ્વજનો તરફથી મળી. કેટલીક માહિતીઓ પૂજ્યશ્રીનાં ભક્ત શ્રાવકો દ્વારા પ્રાપ્ત થઈ, આમ બધું ભેગું કરી તેમણે બનાવેલી આ કૃતિ કાવ્યરસના રસિકો માટે આહ્લાદક રસથાળ પૂરવાર થશે તેમાં કોઈ શંકા નથી. આવા રાસ રચતા ઘણી વાર રચનાકાર ભાવના આવેશમાં અતિશયોક્તિ તરફ વળી જતાં હોય છે, આ બાબતે તેમણે સભાનતાપૂર્વકનો પૂર્ણ પ્રયત્ન કર્યો છે, અને તેમાં પૂરા સફળ પણ થયા તે આનંદની વાતછે.

કાવ્ય રચનાના નિયમ અને શરતોનું પાલન પણ યથાશક્ય કર્યું છે. કાવ્યના પ્રાસ-રાગ-લય-સૂર આદિને વારંવાર તપાસ્યા છે અને વર્તમાનકાલીન પ્રચલિત રાગો દ્વારા રાસને બાળભોગ્ય બનાવવાનો પ્રયાસ પણ સુંદર કરેલછે.

આવા પ્રયાસોમાં વધુને વધુ પ્રગતિ સાધો એ જ શુભકામના સહ શુભાશીઃ

ગુરૂકૃપાકાંક્ષી

વિ.સં: ૨૦૬૪
મહા સુદ ૫

જગચ્ચન્દ્ર.

(ગુરૂ રામ જન્મદિન)
આગમ મંદિર - પાલીતાણા.

# રાસ અંગે અભિવ્યક્તિ અને આશીર્વચન

રામરાસ આ સાથે જોઈ મોકલું છું. પ્રયાસ સારો કર્યો છે. ગુરુભક્તિ તથા જ્ઞાનરસ બન્નેનું મિશ્રણ બનાવી આ પ્રયત્ન થઈ શક્યો જણાય છે. ધન્યવાદ. અનુમોદના.

**- આ. શ્રી. શીલચન્દ્રસૂરિ**

◆

તપાગચ્છાધિરાજના જીવનને ઢાળબદ્ધ રીતે ગુંથવા માટે સા. રાજપ્રજ્ઞાશ્રીજીએ ખૂબ અનુમોદનીય પ્રયત્ન કર્યો છે, જ્ઞાન પ્રત્યેનો પ્રેમ અને સાહેબજી પ્રત્યેના સમર્પણભાવથી ખરેખર આ કાર્ય સુંદર કરી શકશે તેમ માની આ કાર્ય અમોએ તેમને સોંપ્યું.

જણાવતાં હર્ષ છે કે.અપેક્ષા કરતાં વધુ સારી રીતે આ રાસનું સર્જન થયું છે, ધન્યવાદભર્યા આશિષ આપતાં હૈયું ગૌરવ અનુભવે છે.

હજુ પણ ઉત્તરોત્તર ચડિયાતા સાહિત્યના સર્જન તેમના હસ્તે થાય અને તે દ્વારા અમને - સમુદાયને, અને સકલ શ્રી સંઘને લાભ થાય તેવી અમારી અપેક્ષા છે, અને મંગલમય આશિર્વાદ આપીએ છીએ.

એજ - **સા. પદ્મલતાશ્રીજી - સા. પ્રિયદર્શનાશ્રીજી**

◆

જેમ જેમ વાંચતા જાઓ તેમ તેમ એક મહાન ગુરુની ગરિમાનો અનુભવ થાય છે. આ કળિયુગ ગુરુ **રામ**ના નામે સતયુગ બન્યો, તેવો અહેસાસ થાય છે.

રચયિતાએ ગુરુ **રામ**નું જીવન આબેહૂબ વર્ણવ્યું છે. આ શબ્દોની અસરમાં અક્ષર અને અક્ષય બનવાની શક્તિ કંડારાઈ છે. આ છે ગુરુભક્તિ...!

જીવનનાં આરોહ અને અવરોહ વચ્ચે ગુરુરામે સંવેદનની સંવાદિતતાનો પ્રવાહ સમાધિરૂપે કેવો વહાવ્યો છે, તે સમાધિની ઢાળમાં ઉડીને આંખે આવે છે.

ગુરુ**રામ**ના સમ્યગ્ જ્ઞાન-દર્શન ચારિત્રના પાયાના ભણતર ગણતર અને ઘડતર કેવા થયા અને તેનું પરિણમન કેવું પામ્યા તેનું વર્ણન કરવા

રચયિત્રિએ પુરો પ્રયાસ કર્યો છે. કર્મક્ષય અને દોષક્ષયની દૃષ્ટિ નજર સામે રાખી છે. ૮૫ વર્ષે પણ નિયમિત પાંચ નવી ગાથા કરવી તે આજનાં સાધુ ભગવંત - સાધ્વીજી ભગવંતોને દીવાદાંડી રૂપ બને છે.

સહુને જ્ઞાન પોતે મેળવે તે તમન્ના-તીવ્રતા સહજ હોય. પણ ગુરુ **રામ** તો સંયમમાર્ગે ડગ ભરનાર સર્વ કોઈ જ્ઞાનને પરિણતિમય કેવી રીતે બનાવે તેની ચિંતાથી ચિંતિત બનતા. અને તે નિમિત્તે એક બે નહિ પાંચ-પાંચ વિદ્યાલયો ખોલાવી શાસનના એક જ્ઞાનવીર બન્યા છે.

ગુરુ **રામ**ના જીવનને માણવું છે, અનુભવવું છે તેવા આશયથી આ રાસનું વાંચન કરશો તો અનુભૂતિ કોઈ જુદી જ હશે ? અને વાંચતાં વાંચતાં ગુરુ **રામ**ના જીવનમાં અસ્ખલિત રીતે વહેશો.

અંતે લયબદ્ધ અને વાચકની જીજ્ઞાસા સંતોષની ઢાળોના પ્રવાહને વહેવડાવવામાં સા. રાજપ્રજ્ઞાશ્રીજી (રચયિતા) સાચા અર્થમાં પ્રાજ્ઞ બન્યા છે. આ જ રીતે આગળ વધતાં રહો એ જ શુભાભિલાષા...

**- પદ્મ-પ્રિય શિશુ માલિનીયશાશ્રી**

◆

"તપાગચ્છાધિપતિ"

"સાહેબજી"

આ નાનકડા સંબોધનની પાછળ કેવી વિરાટ અને વિરલ પ્રતિભા હતી તે કોણ જાણી શકે ? તે યુગપુરુષનું નામ-કામ જેણે જાણ્યું છે, માણ્યું છે, અને અનુભવ્યું છે તેના માટે તો આ સંબોધનનું ઉચ્ચારણ માત્ર દિવ્ય અનુભૂતિ કરાવશે એ નિ:શંક છે.

આ ધરતી પર વૃક્ષો ઉગે છે, અને સ્વ અસ્તિત્ત્વ દ્વારા બીજાને ફળ અને છાંયડો આપે છે, તેમ સાધકપુરુષો પોતાની સાધના દ્વારા જગત પર ઉપકાર કરતા જાય છે, તેમની ઉપકાર યાત્રા યુગ-યુગાંતરો સુધી જીવંત અને જયવંત રહે છે.

આવા જ એક મહાયુગપુરુષ એટલે ભગવાન સુધર્માસ્વામિની સીત્યોતેરમી પાટે વિક્રમની એકવીશમી સદીમાં આચારસંપન્ન, નિસ્પૃહતાદિ ગુણો દ્વારા અજવાળા પાથરી જનારા **તપાગચ્છાધિપતિના બિરુદે જગમશહુર**

**બન્યા જેમનું નામ હતું શાસન શિરતાજ પરમ તારક પૂજ્યપાદ્શ્રી રામસૂરીશ્વરજી મહારાજા...!**

**આપાદશિષ પરમબ્રહ્મના સ્વામી મહાપુરૂષ આ કળિયુગનું મહાન આશ્ચર્ય હતા.**

આ દેશમાં અને વિદેશમાં પણ કરોડો હૈયામાં બિરાજમાન - ઘર-ઘર અને ઘટ-ઘટમાં વસેલા રામાયણના ભગવાન રામનું સહજપણે સ્મરણ થઈ જાય છે. **તો ગુરુરામ પણ ઐતિહાસિક-આધ્યાત્મિક દસ્તાવેજી ચારિત્રવંત યુગપુરુષ હતા, જેમનું જીવન પણ અધ્યાત્મ જગતમાં ઈતિહાસની અનોખી મૂડી બનશે.**

પિતા દશરથના વચન ખાતર રામે રાજ્યગાદીનો ત્યાગ કર્યો અને પિતૃભક્તનો આદર્શ આપ્યો તો આ પણ **રામ** જ હતા ને ! સંયમ જીવનની પ્રથમક્ષણથી સંપૂર્ણ ગુરુપારતન્ત્ર્ય એ તેઓશ્રીનો આદર્શ હતો, **નામ જો રામ હતું તો કામ પણ રામ જેવાં જ હતાં.**

અજૈનમાં રામ આજે આદર્શ બની રહ્યાં છે, એનું મહત્ત્વનું કારણ રામ ટોચકક્ષાની નિઃસ્પૃહતા, સાદગી સરળતાને વરેલા હતા. **તેમ ગુરુ રામ આટલા મહાન તપાગચ્છાધિપતિ પદે બિરાજમાન છતાં ક્યાંય માન કષાયને નજીક આવવાની તક આપી નથી.** રામાયણના રામે સીતાહરણ કરનારા રાવણનો વધ કર્યો. ગુરુ રામે સંયમહરણ કરી શકે તેવા દંભ-માન-આડંબર-સત્તા વગેરે દુર્ગુણોનું અસ્તિત્ત્વ જ ના રહેવા દીધું, પ્રચંડ પુણ્યોદય કે મહાન શાસન પ્રભાવકતાના લપસણા ઓઠા નીચે શિથિલતાને ફુલવા-ફાલવા દેવાનો વિચાર શુદ્ધાં નહિ બલ્કે શિથિલાચાર પ્રત્યે ભારોભાર તિરસ્કાર, આમાં કોઈને અતિશયોક્તિ લાગે તે તેમની દૃષ્ટિનો દોષ કહી શકાય. દોષ દૃષ્ટિથી આ મહાપુરુષને ઓળખવાનું સાહસ ન કરશો.

રામ મર્યાદા પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છે. **જ્યારે શાસ્ત્ર-સંઘ અને શાસનને સમર્પિત સમગ્ર જીવન જીવનારા સંયમજીવનની ઉત્તમોત્તમ મર્યાદા જાળવનારા પૂજ્યપુરુષ એટલે ગુરુરામ !**

**એક જ વાક્યમાં કહી શકાય કે "રામ તો રામ" જ હતા.** જેઓશ્રીનું આત્મદ્રવ્ય અનોખું હતું, જેમનું જીવન માત્ર જાણ્યું જ નહિ નિકટમાં રહી સાક્ષાત્ અનુભવ્યું પણ છે, મારા સંયમ જીવનમાં સદા ય તેઓશ્રીએ અગાધ વાત્સલ્ય વહેવડાવ્યું છે, મારા જીવનમાં યત્કિંચિત્ જેકાંઈ પ્રગતિ કે પરિણતિ છે તે પૂજ્યપાદ્શ્રીની પરમ કૃપાનું જ ફળ છે, તેમાં પણ જ્ઞાનની સાધના-

ઉપાસના માટે વિશેષ પ્રેરણા કાયમ રહી, જ્ઞાનભંડાર, પ્રાચીન પ્રતોના સંશોધનાદિ કાર્યો સોંપી ખૂબ ઉત્સાહ વધાર્યો છે. કાર્યથી સંતોષ થાય ત્યારે આનંદથી **"બહુ સરસ"** જેવા બે શબ્દોનું દાન આપતા કે જીંદગીના તમામ વૈભવ જાણે તુચ્છ લાગે...!

પરમારાધ્યપાદ્ તરીકે મારા હૃદયસિંહાસને પ્રતિષ્ઠિત એવા પૂજ્યપાદ્શ્રીના અદ્‌ભુત સમાધિમય મૃત્યુ મહોત્સવની હું સાક્ષી રહી છું. મહાવ્યાધિઓ સામે મહાસમાધિનો અકળ રાધાવેધ સાધ્યો હતો. પંચોતેર વર્ષનો સંયમપૂત આત્મા મોક્ષયાત્રાના એક મુકામ આગળ નીકળી ગયો, પરંતુ આધાર સ્થંભનો અસહ્ય વિયોગ દોઢવર્ષ વીતવા છતાં વિસરાતો ન હોતો, ગુરુદેવની ચિરવિદાય ખૂબ વસમી થઈ પડી, બાળક તેની માતાને ગુમાવતાં જે ખાલીપો અનુભવે એવો શૂન્યાવકાશ જીવનમાં વ્યાપી ગયો હતો, પુર્નદર્શન સુલભ નથી બસ ! હવે તો તેઓશ્રીની આગવી યાદથી સંતોષ માણવો રહ્યો, આવી હૃદય વ્યથાના સંવેદનો જાણે પૂજ્યપાદશ્રીના અનન્ય કૃપાપાત્ર - આજીવન સમર્પિત અંતેવાસી **આ. શ્રી જગચ્ચંદ્રસૂરિ મ.સા.**ને પહોંચ્યા ન હોય તેમ મારી મનોસ્થિતિ ને સ્વસ્થ કરવા દોઢ વર્ષ બાદ મારા ગુરુણી **શ્રી પૂજ્ય પદ્મલત્તાશ્રીજી મ.સા.** ત્થા **પૂ. ગુરૂણીશ્રી પ્રિયદર્શનાશ્રીજી મ.સા.**ને પત્ર દ્વારા ગુરુ રામરાસ સર્જનની પ્રેરણા કરી તેઓશ્રીની આ પરમ કૃપામય પ્રેરણાનું ફળ એટલે **"ગુરુરામ સંસ્મરણ રાસ"**.

આચાર્ય ભગવંતની આ પ્રેરણા મળતાં આનંદ અસીમ બન્યો, પણ પૂજ્યપાદશ્રીનું જીવન ચરિત્ર અને એમાંય પ્રાચીન રોઓમાં ગેયબદ્ધ રાસાઓ રચવા તે ખૂબ કઠિન કાર્ય હતું, પરંતુ આચાર્ય ભગવંતશ્રીની પ્રેરણા મળી છે તો થશે જ તે શ્રદ્ધા સાથે મારા દાદી ગુરુ પ્રશાંતમૂર્તિ **પૂ. પદ્મલતાશ્રીજી મ.** ત્થા મને હરપળ સંયમજીવનમાં નિશ્રાદાતા પ.પૂ. ગુરુણીશ્રી **પ્રિયદર્શનાશ્રીજી મ.સા.**ના આશીર્વાદ લઈ રાસનો પ્રારંભ કર્યો. ઢાળો બનાવતાં - બનાવતાં ઘણીવાર મુંઝવણ વધી જાય. પ્રાસ ન બેસે, શબ્દો ન મળે.. પૂજ્યશ્રીના આંતરગુણો મારા તુચ્છ શબ્દોમાં કેવી રીતે કંડારવા ? મુંઝવણનો પાર ન રહે ત્યારે મારી શ્રદ્ધાના પરમધામ પૂજ્યપાદ્શ્રીને મનોમન વંદીને પ્રાર્થના કરું કે આપને જ આ કાર્ય પરોક્ષ સંકેતે પણ કરાવવાનું જ છે, મારી તાકાત નથી અને પ્રાર્થના થતાં જ પ્રકાશ પાથરે, મુંઝવણ ગાયબ થઈ જાય. અને કડી રચાઈ જાય... **આ મારી પ્રત્યક્ષ અનુભૂતિ છે, પૂજ્યપાદ્શ્રીની દિવ્યાશિષરૂપ પ્રત્યક્ષ કૃપાથી જ આ રચના શક્ય બની છે.**

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

સાહેબજીના જીવનચારિત્રની આ રાસ રૂપ રચના મારા માટે તો નિરંતર સ્મરણયાત્રા બની રહી છે, આ ભાવ-સ્મરણયાત્રામાં પૂજ્યપાદ્શ્રીનું જીવન જોયું, જાણ્યું, અનુભવ્યું એનો નિરવધિ આનંદ છે, રાસ સમાપન વેળાએ 'કૃતિ' પૂર્ણ થયાનો આનંદ છે. સાથે જ આટલો સમય સાહેબજીની ઓરામાં રહેવાનો અવસર હતો. તેમાંથી બહાર નીકળવાનો અજંપો છે, ગુરુદેવને પ્રાર્થના કરૂં છું કે સદા ય તેઓશ્રીની અતિ પવિત્રતમભાવ ઓરામાં રહેવાનું સદ્ભાગ્ય બની રહે, ધન્યતા અનુભવાતી રહે,

**પ.પૂ. જગચ્ચંદ્રસૂરિ મ.સા.**ની દીર્ઘદષ્ટિતાના પ્રભાવે ખાલીપો દૂર થયાનો અનુભવ થાય છે.

**આ રાસ સર્જનનું ફળ - શાસનને અદ્વિતીય વફાદાર આ મહાપુરૂષના મહાત્મ્યને સૌ કોઈ જાણે તેમનો મહિમા સર્વત્ર પ્રસરે, અને ગુરૂદેવની અંતિમ ભાવના મુજબ સમગ્ર જૈન શાસનની એકતા ઝડપથી થાય તે જ મનોકામના છે.**

પરમ શ્રદ્ધેય ગુરુદેવનો પરિચય આપવામાં ખૂબ ઉણી ઉતરી છું. અગાધ ગુણસિંધુને બિંદુમાં પણ વર્ણવી શકી નથી. માત્ર મેં તો મારા શબ્દોમાં યત્કિંચિત્ આકાર આપ્યો છે, બાકી આ વિરલ વિભૂતિને બાહ્યથી ઓળખવાની મારી તુચ્છ દૃષ્ટિમાં તાકાત નથી તો આંતરનિધિ ઓળખવો - વર્ણવવો તે પાંગળા પગે અટવી ઉલ્લંઘવા કરતાં ય ઘણું કઠિન છે.

આ રચના ગુરુગુણ ગાવાના આશયથી જ થઈ છે. આ રાસ ગાવાથી ગુરુભક્તોને ગુરુગુણનું ગૂંજન હૃદયમાં ગૂંજતું થશે. પ્રાચીન અને પ્રચલિત રાગ છે, જેથી ગાવામાં આનંદ આવશે.

પ્રારંભમાં નાની ઢાળો છે કેમકે પૂજ્યશ્રીના પ્રારંભિક જીવનનો મને પરિચય ન હોય પરંતુ પછીની ઢાળો લાંબી એટલા માટે છે કે છેલ્લા ૨૦ વર્ષથી ગુરૂદેવને ખૂબ નિકટતાથી અનુભવ્યા છે, જેથી ઘણી માહિતિ હૃદયગત હતી.

લાંબી લાગશે પણ ગુરુ ગુણ ગાન માટે થયેલ વિસ્તારને સુજ્ઞજનો ક્ષમ્ય-ગણશે તેવી અપેક્ષા છે.

આ પુસ્તકમાં વર્ણવેલા કેટલાક પ્રસંગોના માહિતિસ્ત્રોત રહ્યા છે. પ.પૂ. શાસન પ્રભાવક **આચાર્ય ભગવંતશ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા.** લેખિત જ્ઞાનગંગામાં "રમણ બન્યા રામ". પુસ્તક તે બદલ તેઓશ્રીની હું ઋણી છું.

કાવ્ય-છંદ અંગેનું ઘણું માર્ગદર્શન આપીને શાસનના અનેક કાર્યોમાં વ્યસ્ત છતાં સમય કાઢીને આ રાસની કેટલીક ઢાળો સુધરાવી છે તેવા કાવ્ય નિષ્ણાત પરમપૂજ્ય **શીલચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**ની હું અત્યંત ઋણી છું.



www.jaintatvagyanshala.org

આ રાસની પૂર્વભૂમિકાથી પૂર્ણતા સુધીના કાર્યમાં જેઓશ્રીની પ્રેરણા-માર્ગદર્શન, સુઝ, ચોક્કસાઈ ઉપકારક બની છે. અનેક જવાબદારીઓ વચ્ચે પણ આખો રાસ સાદ્યન્ત બે વાર તપાસ્યો છે, તેમજ વિશિષ્ટ માહિતિઓ આપનાર **પૂ.આ. ભગવંતશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.**નો મારા ઉપર અનહદ ઉપકાર છે.

રાસની ઢાળો જેમ જેમ રચાતી ગઈ તેમ તેમ ઉત્સાહ પૂર્વક સાંભળીને તેમાં જરૂરી ફેરફાર અંગે ધ્યાન દોરી ઉલ્લાસ વધારી આશીર્વાદ આપ્યા તેવા મારા દાદી ગુરૂણી સાધ્વીજીશ્રી **પૂજ્યપદ્મલત્તાશ્રીજી મ.સા.** ત્થા **પૂ.ગુરૂણીશ્રી પ્રિયદર્શનાશ્રીજી મ.સા.** ત્થા વડીલગુરુભગિની **પૂજ્ય માલિનીયશાશ્રીજી મ.સા.** આ ત્રણે પૂજ્યોની હું અત્યંત ઋણી છું.

ઢાળોની રચના માટે યોગ્ય સમય અને સુયોગ્ય વાતાવરણ મળી શકે તે માટે અનેક જવાબદારીમાંથી મને મુક્ત રાખનારા મારા આશ્રિત સંહવર્તિ સાધ્વીજીઓનો સહયોગ સંભારણું બની ગયો છે.

રાસને વ્યવસ્થિત રૂપે જોઈ આપવા બદલ પંડિતવર્યશ્રી ધીરૂભાઈ ત્થા દોશી નવિનભાઈ (કુવાલાવાળા) બંનેનો પ્રયત્ન પ્રશંસનીય છે.

પૂજ્યશ્રીના પૂર્વજીવનની માહિતિ આપી છે. ગુરુદેવના સંસારી ભત્રીજા ગુણવંતભાઈ વાડીલાલ શાહે તેમજ કેટલીક માહિતિઓ ગુરૂભક્તો તરફથી મળી છે તે બદલ તેઓની પણ આભારી છું.

ગુરૂદેવની ભક્તિથી પ્રેરાઈને પ્રેસનું કાર્ય ખૂબ સુંદર રીતે કરી આપનાર રાજેશભાઈ-પ્રેસવાળાનો પ્રયાસ અત્યંત અનુમોદનીય છે.

પેઈન્ટર ક્રિષ્નાએ સુંદર ચિત્રો બનાવી પુસ્તકની રોનક વધારી છે.

તેમજ

કોમ્પ્યુટરનું કાર્ય કરનારા નિલેશભાઈની ગુરુસેવા અને સહકાર મહત્ત્વપૂર્ણ બન્યો છે.

**- સા. પદ્મ-પ્રિય શિશુ રાજપ્રજ્ઞાશ્રી**

◆

હા, અમારે કાંઈક કહેવું છે. પરંતુ એ આ પુસ્તક અંગે નહીં પણ આ પુસ્તકની રચના અંગે, એના રચયિતા માટે લખવું છે.

પૂજ્યપાદ તપાગચ્છાધિરાજ **રામસૂરીશ્વરજી** મહારાજ અંગેનું આ પુસ્તક એમ જ તૈયાર નથી થયું. પૂજ્ય રાજપ્રજ્ઞાશ્રી મહારાજે સાહેબજી પ્રત્યેના અનન્ય ભક્તિભાવથી આ પુસ્તકની રચનાનો લાભ લીધો છે. આ રાસ રચના વખતે તેમની ગુરુભક્તિ અને વિશેષ કરીને તેમના ઉપર વરસતી ગુરુકૃપાને જોઈ-જાણી-અનુભવી છે.

ક્યારેક ઢાળ રચવામાં ભાવ બરોબર ના આવે, ક્યારેક પ્રાસ ના બેસે, ૪-૫ દિવસ સુધી યોગ્ય શબ્દો ના મળે ત્યારે રાજપ્રજ્ઞાશ્રી મ.ની રાતની ઊંઘ ઉડી જાય. આખરે પૂજ્યપાદ્ સાહેબજીને યાદ કરીને એમનું શરણ લે, અને પછી... !! ચાલો, નિહાળીએ એ પ્રસંગોને, માણીએ એ અનુભવોને...!

(૧) આઠમી ઢાળની છઠ્ઠી કડી - રમણમાંથી **રામવિજય** બનેલા એ મહાપુરુષે કુટુંબીજનોનો ઉશ્કેરાટ કેવી રીતે શાંત કર્યો ? શું કહ્યું ? આ મોટી મૂંઝવણ હતી. એ પ્રસંગની કોઈ વ્યક્તિ અત્યારે હયાત નથી. માહિતી ક્યાંથી મેળવવી ? રાજપ્રજ્ઞાશ્રી મહારાજ સાહેબજીને ગદ્ગદ્ હૈયે પ્રાર્થના કરી. અને **આશ્ચર્યનું આશ્ચર્ય સર્જાઈ** ગયું. પોતાના ગુણગાન થાય તે વાતના **કટ્ટર વિરોધી, નિસ્પૃહતાની જીવંતમૂર્તિ** એવા સાહેબજી ભક્તના હૃદયની આરઝુ સાંભળીને કરુણા કર્યા વગર કેમ રહે. સાક્ષાત આવીને કહી ગયા કે "મેં દીક્ષા પછી વાડીભાઈને આમ સમજાવેલ."

અને હૈયું કેવું છલકાય આ કૃપા પાપ્ત કરીને ? રાજપ્રજ્ઞાશ્રી મ.ના ચહેરા ઉપર એ પ્રસંગે જે આનંદ છવાઈ ગયો છે, રોમેરોમ પ્રસન્નતાના પમરાટથી પુલકિત થઈ ગયાં. ધન્યતાની એ પરમ ક્ષણોએ શબ્દો પણ મૌન થઈ ગયેલાં.

(૨) ચોથી ઢાળની રચના વખતે પૂજ્યપાદશ્રીએ જ સ્ફુરણા કરાવી કે **સત્યવિજય મ., રૂપવિજય મ., ધર્મવિજય મ., સૂરેન્દ્રસૂરિ મ. વિ.** ડહેલાના દેદીપ્યમાન રત્નોનું વર્ણન પહેલાં આવવું જોઈએ.

(૩) દસમી ઢાળની છઠ્ઠી કડી રચતાં અટકી જવાયું. સાહેબજીની કૃપા સદાયને માટે સહાય કરે જ ને ! અચાનક જ જાણે કે વાતાવરણમાંથી શબ્દો સરકવા લાગ્યા, કલમ ચાલવા લાગી અને પળભરમાં તો ઢાળ રચાઈ ગઈ.

(૪) આવી જ રીતે ઢાળ પંદરમીના સર્જનમાં થયેલું. એમાં કયા પ્રસંગ, કઈ વાત કેવી રીતે આલેખવી તેની સહજપણે સ્ફુરણા થઈ. સાહેબજી વારંવાર સ્વયં કહેતા હતા તે યાદ આવતું ગયું. કો'ક અદશ્ય શક્તિ ઢાળ રચીને વિદાય થઈ ગઈ.

આવા તો બીજા પણ અનુભવો છે. કેટલા લખવા ! આવા બનાવ બને ત્યારે રાજપ્રજ્ઞાશ્રી મ.ના મનમાં જે ઉમંગ ઉભરાતો, હૈયું ધન્યતાથી છલકાઈ જતું તે જોઈને અમારી પણ પ્રસન્નતા વધી જતી. ભક્તિભર્યા દિલમાંથી નીપજતી કૃપા મેળવ્યાની અનોખી મધુર લહેરીની મહેક એ અમુલખ વસ્તુ બની રહેતી.

ભવિષ્યમાં તેમના હાથે આવાં અનેક કાર્યો થશે જ. તે વખતની એ સર્જનવેળાની અનેરી પળોને અમને અનુભવવા મળશે એવી અમારી આશા છે. તેમના એ સઘળાં કાર્યો માટે અમારી હૃદયના ભાવભરી શુભેચ્છાઓ અત્યારથી જ અર્પીએ છીએ.

**રાજશિશુ - સા. કૈવલ્યપ્રજ્ઞાશ્રી, સા. વિરતિપ્રજ્ઞાશ્રી,**
**સા.જિતપ્રજ્ઞાશ્રી, સા. ભક્તિપ્રજ્ઞાશ્રી**

◆

## શિષ્ટજનોનો અભિપ્રાય

પૂજ્યપાદ્ **શ્રીરામસૂરીશ્વરજી** મ.સાહેબ કે જેઓ ''ડહેલાવાળા'' એવા હુલામણા નામથી સુપ્રસદ્ધિ છે. તેઓશ્રીના જન્મથી માંડીને સ્વર્ગવાસ સુધીના તમામ પાસાઓને સ્પર્શતો, જુદીજુદી ગુજરાતી કવિતાઓના રાગસ્વરૂપે જે આ ''રાસ'' બનાવવામાં આવ્યો છે. તે હાર્દિક અતિશય ભાવભરી ભક્તિના પરિપાક સ્વરૂપ છે. ગુણીયલ જીવોનાં જીવનચરિત્રો સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં જેમ લખાય છે, તેમ ગુજરાતી ભાષામાં કાવ્યમય સ્વરૂપે ચંદ્રરાજાનો રાસ, શ્રીપાળ રાસ આદિ અનેક રાસની જેમ પૂજ્ય સાધ્વીજી મ.સા. રાજપ્રજ્ઞાશ્રીએ હૃદયના અહોભાવ પૂર્વક સુંદર આ રાસની રચના કરી છે. પચીસ ઢાળો, દરેક ઢાળોના જુદા જુદા રસપ્રદ રાગો, આચાર્ય મહારાજશ્રીના આશ્ચર્યજનક અને અહોભાવના પ્રેરક અનેક પ્રસંગોનું દિગ્દર્શન, શિષ્ય - પ્રશિષ્યાદિ પરિવારની વંશાવલી, ઇત્યાદિ વિષયોને આવરી લેતો આ રાસ વિદ્વદ્ જનોના ચિત્તને આકર્ષનાર બને તેવો છે.

બાલ્યવયથી જ ધર્મપ્રેમ, ગુણીયલ જીવન, ત્યાગ, તપ અને વૈરાગ્યથી મઘમઘતું ઉત્તમ જીવન, સંયમ ગ્રહણ કરવાની તાલાવેલી, રજા ન મળતાં ગુપ્ત પણે સંયમ ગ્રહણ કરવાનું સાહસ, નિરતિચાર ચારિત્રપાલન, પરિવારને

સદા હિતશિક્ષાનું પ્રદાન, શારીરિક રોગોની ઉત્કટ દશામાં પણ અનુપમ ધીરજ, અદ્‌ભૂત સહન શીલતા, સ્વાધ્યાયની સતત સતર્કતા, જેમના જીવનમાં આવા અનેક ગુણો સહજભાવે જ વણાયેલા હતા.

પૂજ્ય સાધ્વીજી મ.સા.શ્રી રાજપ્રજ્ઞાશ્રીએ પણ ઉપરોક્ત ભાવોનું આબેહુબ ચિત્ર આલેખવા, સુંદર શબ્દોની સંવેદનાપૂર્વક તન્મય થઈને આ રાસની રચના કરી હોય એમ લાગે છે. જુદાજુદા વિષયોને સાંકળી લેતા આવા અનેક ગુજરાતી રાસો, તથા સંસ્કૃત પ્રાકૃત સુંદર કાવ્યો ભાવિમાં બનાવવાની શાસનદેવ સાધ્વીજી મ.શ્રીને અદ્‌ભુત શક્તિ આપે અને તેઓશ્રી તેના દ્વારા અમૂલ્ય શાસનસેવા કરે - એજ આશા.

**- ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

A/602, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત - ૩૯૫ ૦૦૯.

ટેલીફોન નંબર
ઘરનો - ૨૭૬૩૦૭૦
મોબાઈલ - ૯૮૯૮૩૩૦૮૩૫

◆

પરમ પૂજ્ય સાધ્વીશ્રીજી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.રચિત 'ગુરુ રામરાસ' વાંચનાર્થે મલ્યો.

વિવિધ રાગોમાં ચોવિસ ઢાળને કળશ યુક્ત પાંચશો ત્રણ ગાથા (કડી) ઓમાં પ.પૂ.સા.શ્રી પદ્મ-પ્રિય શિશુ' રાજપ્રજ્ઞાશ્રીજીએ સદ્‌ગુરુ - તપાગચ્છ શિરતાજ પ.પૂ.આ.દેવેશ શ્રીમદ્ વિજય **રામસૂરીશ્વરજી** મહારાજના જીવન ચરિત્રને વર્ણવતાં તેઓશ્રીનો મહીમા વર્ણવેલ છે.

પરમ પૂજ્ય પરમોપકારી - શાસન પ્રભાવક, બહુશ્રુત - ગીતાર્થ - શુદ્ધ ક્રિયાવંત, સ્વાધ્યાય લીન, અપ્રમત ભાવમાં સદા મગ્ન-એકતા પ્રેમી, અજાતશત્રુ આદિ અનેક ગુણાલંકૃત આચાર્યદેવેશ. **રામસૂરીશ્વરજી** મહારાજા ભવોદધિ તારક સદ્‌ગુરુ હતા.

આ 'ગુરુ **રામ**રાસ' દ્વારા જેઓએ ગુરુદેવ **રામસૂરીશ્વરજી**ને નજરે નિરખેલ નથી. જોયા નથી. તેવી વ્યક્તિ પણ પૂજ્યશ્રીના જીવનના એકએક પ્રસંગના નિરૂપણથી સહજ જ તેઓશ્રીના વિરાટ-વ્યક્તિત્વનો ખ્યાલ મેળવી શકે છે. (આવી જાય છે.)

પછી તે 'રમણનું અવતરણ' - રામનું સંસ્કરણ - સદ્‌ગુરુ સુરેન્દ્રસૂરિજીનો ભેટો, **રામમુનિનો** શાસ્ત્રાભ્યાસ, **રામસૂરિજીની** આંતરગુણ સમૃદ્ધિ, રોગ અને ઉપસર્ગમાં સમાધિ સિદ્ધ સૂરિજી - સૂરિરામની અંતિમ સમાધિ-આદિ કોઈપણ પ્રસંગ હોય - તે તેઓશ્રીના વિરાટ વ્યક્તિત્વને ઉપસાવ્યા વિના રહેતા નથી.

પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર પદ્મવિજયજી મ.સા. પ્રથમ તિર્થંકર શ્રી આદીશ્વર ભગવાનના સ્તવનમાં કહે છે કે - 'જિન ઉત્તમ ગુણ ગાવતાં - ગુણ આવે નિજ અંગ'

તપાગચ્છ શિરતાજ પ.પૂ. આ.દેવેશ શ્રીમદ્ વિ. **રામસૂરીશ્વરજી** મ.સા.ના જીવનને-ગુણ વૈભવને-કાર્યોને વર્ણવતા આ રાસના વાંચન અને શ્રવણ દ્વારા પૂજ્યશ્રીના અનેક ગુણોમાંથી એકાદ પણ ગુણ આત્મસાત્ થાય તેવી ગુરુદેવને પ્રાર્થના...!

સા.શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.નો ગુરુ સ્તુતિ યુક્ત આ પ્રયાસ અત્યંત અનુમોદનીય અને પ્રશંસનીય છે.

**- નવીનચંદ્ર હરખચંદ દોશી**
(કુવાલા વાલા)

◆

# રાસનો સારગર્ભિત સંક્ષિપ્ત પરિચય

**ઢાળ-૧ :** જ્યાં પુન્ય પુરૂષનું અવતરણ થયું તે મહાનગરનું વર્ણન - પોળ - સ્થળ - માતા-પિતા - મૂળવતન - ગર્ભથી જ રમણના સુલક્ષણો - માતાને દોહલા - સ્વપ્ન - જન્મ-માસ-દિવસ-સાલ-વાર-તારીખ-ગ્રહો નક્ષત્ર - નયન-નાસિકા ગાલ-ભાલ-દેહ વર્ણ-દેહ આકૃતિ - ભાવ પ્રકૃતિ - જન્મનામકરણ વિ.નું વર્ણન છે.

**ઢાળ-૨ :** માતાએ કરેલા રમણનું સંસ્કરણ-ઘડતર - રમણની ચાલાકી - ચાલ - પ્રભુ પાસે કાલી કાલી પ્રાર્થના - ભાતૃ-ભગિની-વિ.નું વર્ણન છે.

**ઢાળ-૩ :** પૂર્વભવથી વૈરાગ્યની દ્રઢતા - માતા-પિતા દ્વારા અપાતા સંસ્કાર ઝીલવાની ક્ષમતા - બાલ્યવયમાં જ પિતાનું અવસાન - માતાને વૈરાગ્ય - માતાના મનોરથ - મૂળવતન છોડી અમદાવાદમાં વસવાટ - સદ્‌ગુરુની શોધ માટે માતાને વિચાર - માતાને પણ સંયમ લેવાનો વિચાર વિ. વર્ણન છે.

**ઢાળ-૪ :** પતંગનો શોખીન રમણ - માસી મ.નો સત્સંગ - માસી મ. દ્વારા જ્ઞાનાભ્યાસ - સ્કૂલનો અભ્યાસ કરવા શાળા-પ્રવેશ - ધાર્મિક-અભ્યાસ - માસી મ. દ્વારા પ્રથમ વૈરાગ્યનું બીજારોપણ - અદ્‌ભુત જ્ઞાન પ્રતિભા પતંગના નિમિત્તે વૈરાગ્યની પ્રાપ્તિ વિ. વર્ણન છે.

**ઢાળ-૫ :** માસી મ. ચંપાશ્રીજી મ. ત્થા માતા દ્વારા સદ્‌ગુરુનો ભેટો. સદ્‌ગુરુ સ્થળ - પોળ - ઉપાશ્રય - રમણ અંગે પૂ. સુરેન્દ્રવિજય મ.સા. અને માસી મ.નો સુસંવાદ - ગુરૂદેવે ભાખ્યું ભાવિ - માતા પાસે દીક્ષાની સંમતિ વિ. વર્ણન છે.

**ઢાળ-૬ :** પૂ. સુરેન્દ્રવિજય મ.સા. પાસે સુસત્સંગ - વૈરાગ્યની પ્રબળદૃષ્ટિ - નાની વયે દીક્ષા લેવાની તાલાવેલી - મોટાભાઈ તથા માતા પાસે દીક્ષાની વિનંતિ - સ્વજનોની તદ્દન અસંમતિ - મેડીમાં પૂરીને સખત વિરોધ - દ્વાર તોડીને ભાંગ્યા - ડહેલે આગમન - માતાની ખાનગીમાં સંમતિ - ગુરુ પાસે માતાની સંમતિનું કથન - ગુરૂ પાસે દીક્ષાની વિનવણી - ગુરુદેવે એક શ્રાવક

દ્વારા દાદાગુરુ પાસેથી દીક્ષામુહૂર્ત મંગાવ્યું - દાદાગુરુ દ્વારા મુહુર્ત તેમજ ગુપ્ત દીક્ષા પ્રદાનની આજ્ઞા. દીક્ષા - સાલ - માસ - દિવસ - તારીખ - સ્થાન - અતિ બાલવયે રમણનું પરાક્રમ આદિનું વર્ણન છે.

**ઢાળ-૭ :** રમણની ગુપ્તદીક્ષા - દીક્ષાનિશ્રા - કોની હાજરી - દીક્ષા સ્થળ - દીક્ષા પ્રસંગની વિશેષતા - ગુરુદેવનું નામ - દીક્ષાનું નામ કરુણા - ગુરૂદેવે બાલમુનિ માટે ભાખેલું ભાવિ - ગુરુદેવના આશીર્વાદ - માતાના આશિષ

**ઢાળ-૮ :** ગુપ્તદીક્ષાના સમાચાર ફેલાતાં મોટાભાઈનું આક્રંદન - વિલાપ - માતા દ્વારા સમજાવટ - સ્વજનો સાથે દીક્ષા સ્થળે આગમન - બાલમુનિ દ્વારા અદ્‌ભૂત છટાથી સમજાવટ - નુતન બાલમુનિને સુંદર સંયમ પાલનની શુભેચ્છા - સ્વજનોનું ગૃહે પુનરાગમન વિ. વર્ણન છે.

**ઢાળ-૯ :** રામમુનિનો જ્ઞાનાભ્યાસ - કોની પાસે શાસ્ત્ર અભ્યાસ - કોણ મહાપુરુષ દ્વારા અનુશાસન - કેટલા પ્રહર સ્વાધ્યાય - કયા શાસ્ત્રોનો અભ્યાસ - શાસ્ત્રસાગરમાં ડુબકી જીવનમાં મુખ્ય તપ - દીક્ષાના પ્રારંભથી જ કયા વિશિષ્ટ ગુણની ખીલવણી - સંસારી માતાની દીક્ષા - માતા સાધ્વીજીનું નામ : માતા સાધ્વીજી તથા પુત્રમુનિની એક સાથે વડી દીક્ષા આદિ વર્ણન છે.

**ઢાળ-૧૦ :** રામમુનિનું આગવું આચાર ચૂસ્ત ઘડતર કરનાર મહાસાધક દાદાગુરુ - દાદાગુરુનો વૈરાગ્ય અને પ્રભુભક્તિની પરાકાષ્ટા - મહાનિશિથના યોગોદ્વહનમાં બીમારી - વડીલ ગુરુભ્રાતા દ્વારા વાત્સલ્ય - અને સંયમ ઘડતર - ગુરૂ મ. દ્વારા ગણિપદ પ્રદાન - ગુરૂ મ. સાથે વિચરણ વિ.નું વર્ણન છે.

**ઢાળ-૧૧ :** ગુરુદેવનું સ્વર્ગગમન - નાયક વિહોણો સમુદાય - પૂ. રામગણિનું યોગક્ષેમ - ધર્મ-સુરેન્દ્રગુરૂ ભ.એ ભાખેલું ભાવિ. રામગણિવર્યને આચાર્યપદ તથા સમુદાયના સુકાની બનાવવા અંગે પંન્યાસજી રવિ વિ.મ.સા.નો નિર્ણય.

રામગણિવર્યની પદ લેવા માટે અત્યંત નિસ્પૃહતા - પૂ. ધર્મ-સુરેન્દ્ર-રાજેન્દ્ર ગુરૂવરોનાં શિષ્ય-પ્રશિષ્ય પરિવારની નામાવલિ અને પુરા સમુદાયના સુકાની રામ.

**ઢાળ-૧૨ :** ગણિવર્ય રામને પંન્યાસ અને સૂરિપદાર્પણ - કોના હાથે સૂરિપદ પ્રદાન સ્થળ - સાલ-માસ-દિવસ - કયા દેશોમાં વિચરણ કોની સાથે - આચાર નિષ્ઠાદિ મહાનગુણો - કેટલી વયે સૂરિપદાર્પણ - સમુદાયના અદ્ભુત યોગક્ષેમક - પદ પછી પણ પાટનો ઉપયોગ નહિ. (પંન્યાસજી મ.સા.ની હાજરીમાં)

**ઢાળ-૧૩ :** સૂરિરામની આંતરગુણ રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિનું વર્ણન છે. - ડહેલાની પાટે સેંકડો તેમજ શ્રમણ-શ્રમણીના ગચ્છ નાયક - વર્તમાનમાં દેખાતા સર્વ સમુદાયો પ્રાયઃ પૂ. રૂપવિ.મ.સા.ની શાખાઓ - સુધર્માસ્વામીની મૂળપાટે રામસૂરિ - ૭૫ વર્ષની વયે અતિ નાજુક દેહે સંકલ્પસિદ્ધ શત્રુંજય યાત્રા - લોખંડી સંકલ્પના સ્વામી. આદિ વર્ણન છે.

**ઢાળ-૧૪ :** સૂરિરામની બાહ્ય સમૃદ્ધિ - કેટલી વય સુધી શ્લોકોનું કંઠસ્થકરણ - નિત્ય સ્વાધ્યાય - સ્વાધ્યાય માટે અભિગ્રહ - દરેક સમયે તેઓશ્રીનું બાહ્ય લક્ષણ - જીવનનો મુખ્ય અને સર્વોચ્ચ ગુણ - ક્યાં સુધી શ્રમણોને અધ્યાપન - કયા ગ્રંથોનું અધ્યાપન - શાસ્ત્રમાં તીવ્રરુચિ-હસ્તપ્રતોનું અને જ્ઞાન-ભંડારોનું સંશોધન - સંમાર્જન-સંરક્ષણ - સંવર્ધન અને હસ્તપ્રતોનું લેખન - જ્ઞાનશાળાઓ દ્વારા સમ્યગ્જ્ઞાનનો પ્રવાહ વહેવડાવવો. - ત્રિકાલ જાપ - પ્રવચન કુશળતા - પ્રવચનના અંતે ત્રિપદી - સૂરિરામની આભામાં પરંમબ્રહ્મ તેજપૂંજ - મહાગીતાર્થ ગંભીર પ્રાયશ્ચિત્તદાતા - સમિતિ-ગુપ્તિના ઉત્કૃષ્ટ પાલક - શાસ્ત્ર પરંપરાના અખંડ અને ચૂસ્ત પાલક - અસ્વસ્થ દેહે પણ માંડલીમાં પ્રતિક્રમણના આગ્રહી - અપ્રમત્ત ક્રિયાચૂસ્ત - દીક્ષાજીવનથી પ્રારંભીને અંત સુધી કેટલા માઈલ વિચરણ આદિ વર્ણન છે.

**ઢાળ-૧૫ :** ડહેલાની પાટે મહાન્ શાસન જ્યોતિર્ધરો - શ્રમણસંઘ સર્વમાન્ય મહાપુરૂષો - દાદાગુરૂ તથા ગુરૂ મ.સા.ના પ્રવચનની અજોડ પ્રતિભા - સંઘોમાં સંઘર્ષ મિટાવવાની આગવી ક્ષમતા - ૭૭મી પાટે સૂરિરામ - તેમનું વર્તમાન શાસન પ્રત્યે મહાયોગપ્રદાન - શુદ્ધ આચારસંહિતા - વિ.સં. ૨૦૪૪ સંમેલને અધ્યક્ષપદે - વિ.સં. ૨૦૪૪ના શ્રમણ સંમેલનમાં મહદંશે એકતા કરી - અધ્યક્ષ પદે રહી શાસનના અનેક પ્રશ્નોનો ઉકેલ - શ્રમણ સંઘમાં સર્વમાન્ય બન્યા. - આખા શ્રમણસંઘને તપાગચ્છાધિરાજ તરીકે સ્વીકાર્ય



www.jaintatvagyanshala.org

બન્યા - વિ.સં. ૨૦૪૪ના સંમેલન પછી પ્રાયઃ સમસ્ત શ્રમણ સમુદાયની ગોચરી માંડલી એક કરી - ભાવનગરમાં એક સૂરિ ભગવંતને નિર્યામણા કરાવી - શાસનના ચારે ફિરકામાં નિર્વિવાદી વ્યક્તિત્વની મહોર - પ્રચંડપુન્ય પ્રભાવિક - અદ્‌ભુત બ્રહ્મચર્યનિષ્ઠ - તપાગચ્છાધિરાજની ચિરવિદાયથી તપાગચ્છસિંહાસનમાં શૂનકાર - કલકત્તામાં બે ચાતુર્માસથી લોકોમાં મહાપ્રભાવ પ્રવર્ત્યો - સ્થાનકવાસી સંપ્રદાયના આચાર્યને પણ અતિબહુમાન - જીવનના અંતિમ બે ચાતુર્માસ - લોકેષણાથી હજારો માઈલ દૂર સૂરિરામ - સ્વાધ્યાયના મહાસાધક તરીકે સુપ્રખ્યાત. કેટલી વયે પરમપંથે પ્રયાણ આદિ વર્ણન છે.

**ઢાળ-૧૬** : સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવ - સુધર્માસ્વામિની પાટે ૫૦ કે અધિક વર્ષના સૂરિપદ પર્યાયવાળા આચાર્ય ભગવંતો કેટલા ? - છેલ્લા ૪૦૦ વર્ષમાં કયા કયા થઈ ગયા ? સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવ માટે શ્રી સંઘની વિનવણી - સૂરિરામની નિઃસ્પૃહતા - શાસન પ્રભાવનાર્થે શ્રી સંઘોનો આગ્રહ - મહોત્સવ સ્થળ - દિન - મહોત્સવમાં જીવદયાર્થે ગુરુરામનું વિશેષ માર્ગદર્શન - પિસ્તાલીશ આગમોનું હસ્તલેખન - આજ્ઞાવર્તી શ્રમણશ્રમણીઓને વિશિષ્ટ-પ્રેરણા - મહોત્સવ દરમિયાન સૂરિ ભગવંતો - પદસ્થો - મુનિભગવંતોનું આગમન - સંઘનાયક પૂજ્યશ્રીનું તે સૂરિ ભગવંતો દ્વારા ગુણવાદન. - પૂરા રાજનગરના શ્રાવક-શ્રાવિકા-બાલક-બાલિકાઓના હજારો સમુહ સામાયિકો વિ.નું વર્ણન છે.

**ઢાળ-૧૭** : સૂરિરામની શિષ્ય-પ્રશિષ્ય સંપદા - અંતિમ મુનિ - પ્રશિષ્ય - અંતિમ મહાવ્રત ઉચ્ચારણ - સાધ્વીજી પર્ષદા કેટલી ? વિ. વર્ણન છે.

**ઢાળ-૧૮** : પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં થયેલ શાસનકાર્યોની સુવર્ણશૃંખલા - અંજનશલાકા - પ્રતિષ્ઠા - છ'રી પાલ સંઘો - ઉપધાનો - પદ-પ્રધાનો - યોગોદ્વહન - પ્રસંગોપાત મહાયોગી પ્રભાવનું સાક્ષાત દર્શન - ડોળીનો પ્રારંભ - સમેતશીખર યાત્રા - અનેક મુમુક્ષુઓના ઉદ્ધાર - અનેક ગામ-નગરોમાં કરેલ ઉપકાર - જીવનમાં યાત્રા અધુરી રહી - અંતિમ બે વર્ષમાં દીક્ષાઓ - જીવનમાં કેટલા મુમુક્ષુઓને રજોહરણ પ્રદાન આદિ વર્ણન છે.

**ઢાળ-૧૯** : દુહામાં કેટલા ચાતુર્માસ ગુરૂ મ.સા. સાથે, કેટલા વડગુરુભ્રાતા સાથે.

કેટલા દાદા ગુરૂ મ. સાથે સંયમ જીવનના ૭૫ ચાતુર્માસ સ્થળ - કયા કયા દેશમાં ચાતુર્માસ - ચાતુર્માસમાં વિશિષ્ટ શાસન સેવા. - માતા સાધ્વીજીને નિર્યામણા આદિ વર્ણન છે.

**ઢાળ-૨૦ :** ગુરૂરામના જીવનમાં દીક્ષાથી અંતિમ દિવસ સુધી આવેલ દેહવ્યાધિ - કયા સ્થળે - કયા રોગો આવ્યાં - કેવી પરમયોગી સમાધિ સિદ્ધ કરી - દેહવ્યાધિમાં ઉત્કટ આચારચૂસ્તતા - સ્વાધ્યાય લગની - દેહ પીડા છતાં ષટ્કાય જીવો પ્રત્યે દયાનાં ઉત્કૃષ્ટ પરિણામ - માંદગીમાં પણ સંવત્સરીએ બારસાસૂત્ર સ્વયં સંભળાવ્યું. આદિ વર્ણન છે.

**ઢાળ-૨૧ :** જીવન સંધ્યાના અંતિમ બે વર્ષો - અમદાવાદથી અંતિમ પ્રયાણ સૂરતમાં યાત્રા પૂર્ણ - કમ્મરમાં વ્યાધિ. મહાજનની પરિવારની અનન્ય ગુરુભક્તિ - સુરત પ્રથમ - ચાતુર્માસ - સમુદાયને અંતિમ યોગોદ્વહન - દીક્ષાઓ - અંતિમ શિબિર સાલગિરિ શતાબ્દિ - અંતિમ અંજન-પ્રતિષ્ઠા આદિ મહોત્સવ - જીવલેણ વ્યાધિ - પરમ સમતાનું અનુભાવન - અંતિમ વાચના (સાધ્વીજીઓને) શ્રમણોને અંતિમ વાચના - અંતિમ રજોહરણ પ્રદાન - અંતિમ જન્મદિન-દિક્ષાદિન - સૂરિપદ દિન - ઉજવણી - અંતિમ જ્ઞાનશાળાનું ઉદ્ઘાટન - અંતિમ અવસ્થામાં શાસનના ઘણા સૂરિ ભ. પદસ્થો મુનિઓની અંતિમ હિતશિક્ષા લેવા પધરામણી - શ્રમણસંઘનું યોગક્ષેમ - સર્વ પાસે શાસનચિંતા વ્યક્ત કરી આદિ વર્ણન છે.

**ઢાળ-૨૨ :** અંતિમ સમાધિનું વર્ણન - અંતિમ દિવસના સ્વમુખે ઉચ્ચરાયેલા અધ્યાત્મમય-ઉપયોગમય પદો - વ્યાધિનું અતિજોર - સમતાના શિખરે સમાધિલીન - અંતિમ રાતના વિચારો - અંતિમ રાતે શ્લોકનું રટણ - અંતિમરાતે અફસોસ વ્યક્ત કર્યો. - ઉપયોગ ચુકતા શ્રમણોને અંતિમ સમયે પણ ઉપયોગનું સંધાન - અંતિમ ભાવયાત્રા - અસહ્ય પીડા છતાં અપૂર્વ સમાધિ - કેટલા સંઘોની હાજરી - છેલ્લો સંકેત - છેલ્લી અનુવંદના - લાખો લોકો દર્શનાર્થે - સર્વને બેઠા બેઠા દર્શન-પ્રદાન - સમાધિ અર્થે અંતિમ ચાર કલાક શ્રમણ-શ્રમણી શ્રાવક-શ્રાવિકા સમુદાય દ્વારા નવકારમંત્ર ધૂન-ધ્યાન-પ્રાર્થના - સૂરિભગવંતો ત્થા મુનિ ભગવંતો દ્વારા અંતિમ નિર્યામણા - પડિલેહણ

યોગ - કર્ણમાં નવકાર - નિર્વાણ - સાલ - તિથિ - વાર - સમય - કઈ સ્થિતિમાં પરમપંથે પ્રયાણ.

**ઢાળ-૨૩ :** રામસૂર્યના અસ્ત થવાથી ભારતમાં અંધારું - સ્વર્ગગમનના સમાચારથી સંઘને ભારે આંચકો - ભક્તો ચારે તરફથી ભક્તો-શ્રાવકો ઉમટ્યાં - શિરછત્ર વિહોણા સમુદાયની સ્થિતિ - મૃત્યુ મહોત્સવની મહિમા સભર વિશિષ્ટતાઓ - દેહ છોડતાં જ દેહનું અદ્‌ભૂત રૂપ - લાખો લોકો મૃતદેહના દર્શને - શોકસભા - રેકોર્ડ ઉછામણી - પાલખીમાં પધરામણી - અંતિમ યાત્રાનું દશ્ય - મહેરામણ ખુલ્લા પગે - લાખોના હૃદયમાં રામનું સ્થાન - પુરા સુરત શહેરમાં પાલખી ફરી અંતિમ સંસ્કાર સ્થળે આગમન - અગ્નિ સંસ્કારની યોગી સમ વિશેષતા - ચતુર્વિધ સંઘના સમુહ દેવવંદન - ભસ્મની પડાપડી - આદિ વર્ણન છે.

**ઢાળ-૨૪ :** શિષ્યોનો વિલાપ –

(ડહેલાવાળા)

# ગુરુ રામ સંસ્મરણ રાસ

## (ચિત્રમય)

### દુહા

પ્રણમું શ્રી અરિહંતને, સ્મરણ કરું વળી સિદ્ધ,
શરણ ગ્રહું હું સાધુનું, ધર્મ શરણ સુપ્રસિદ્ધ...૧
આ અવસર્પિણીકાલમાં, પહેલા પૃથિવીનાથ,
પ્રથમમુનિ તીર્થંકરા, તે નમું આદિનાથ...૨
પાંચશો કલ્યાણક 卐ઉજી, ઉપાર્જ્યું પુન્ય અપાર,
પાંર્શ્વપ્રભુનો વિશ્વમાં, મહિમા અપરંપાર...૩
ઘોર ઉપસર્ગ પરિષહો, સહી વર્ષ સાડાબાર,
સર્વ તપ તપે નિર્જલા, વીરને વંદન હજાર...૪
સકલ સિદ્ધિ દાયક ગુરુ, સકલ વિઘ્નો કરે નાશ.
અનંતલબ્ધિનિધાનશ્રી, ગૌતમ પૂરે આશ...૫
*રૂપ-અમી-સૌભાગ્ય નમું, રત્ન-મોહન-ગુરુધર્મ,
આ પંન્યાસ ગુરુવરોના, ચરણે માંગુ સુશર્મ...૬
તસ પટ્ટે ¹પ્રથમ •સૂરિ, સુરેન્દ્રસૂરિ મહાન,
જિનશાસન રુપી અંબરે, ઉગ્યો અભિનવભાણ...૭
સરસતિ માત કૃપા કરો, માંગુ તારી સહાય,
''રામ'' ગુરુ ગુણ ગાવવા, પૂરો મનોરથ માય...૮
સમકિત દાયક ગુરુતણો, કરજ કેમ ચૂકવાય,
રત્નત્રયી દાતારનું, દેન મુજપે અમાય...૯
ગુરુ ઋણ ચૂકવવા તણી, લાગી હૃદયે લાય.
શાસન મહિમા વધે વળી, કર્મક્ષય મુજ થાય...૧૦
અંધ અટવી ઓલંઘવા, જેવો મુજ આ પ્રયાસ,
સંઘનાયક ગુરુ ''રામ''નો, રચવો છે ગુણરાસ...૧૧

卐 ઉજવ્યાં. * પૂજ્ય ગુરુદેવના પૂર્વ પુરુષોની પાટપરંપરા છે.
૧. ડહેલાની પાટે પંન્યાસ પદવી જ અપાતી, સંઘના અતિઆગ્રહે પ્રથમ આચાર્ય પદવી સુરેન્દ્રસૂરિ મ.ની થઈ.



www.jaintatvagyanshala.org

## ઢાળ - ૧

### (રાગ : આવો આવો દેવ મારા સુના સુના દ્વાર)
### (વિષય : રમણનું અવતરણ)

મહાવિદેહી એક મુસાફીર, ભરતમાં અવતાર,
જન્મ્યો જિન શાસન આધાર...(ધ્રુવપદ)
જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં, દક્ષિણ ભરત કહાય,
મધ્યખંડને ભારત દેશે, ગુર્જર પ્રાંત સોહાય...જન્મ્યો...૧
ગુર્જરદેશમાં મહાતીર્થ છે, શંત્રુજય ગિરિરાજ,
અનંત આતમા મુક્તિ પામ્યા, તારક તીર્થ જહાજ...જન્મ્યો...૨
ધન્ય ધન્ય એ ગુર્જર દેશે, રાજધાની કહેવાય,
અમદાવાદ નગર જૈનોનું, રાજનગર સોહાય...જન્મ્યો...૩
હઠીસીંગને દેહરે સોહે, ધર્મનાથ ભગવાન,
વીર પ્રભુ ફત્તાસા પોળે, ઘીકાંટે મારસ ધામ...જન્મ્યો...૪
તીર્થ સમા ઝાઝા છે ચૈત્યો, ઝાઝા જ્ઞાન ભંડાર,
તત્ત્વજ્ઞાન અને પૌષધની, શાળાઓ ય અપાર...જન્મ્યો...૫
સાધુ અને સાધ્વીના વૃંદો, નિત્ય જિહાં વિચરંતા,
ધર્મતણા રૂડા સંસ્કારો, જ્યાં નિશ દિન મઘમઘતા...જન્મ્યો...૬
લાખો જૈનો વસે નગરમાં, જૈનત્વે સોહંતા,
કસ્તુરભાઈ સમા શ્રેષ્ઠવર, સંઘપતિ દીપંતા...જન્મ્યો...૭
ધર્મનગરની ઉપમા ધરતી, પોળો રાજનગરની,
શાહપુર કુવાવાળી પોળ, જન્મધરા શ્રીરમણની...જન્મ્યો...૮
[૧]કર્ણાવતીના પાદરે સોહે, ગામ કુબડથલ નામે,
શેઠ ભલાભાઈ ત્યાં વસતા, ખ્યાતિ વર્ણ અઢારે...જન્મ્યો...૯
માર્ગાનુસારી ગુણવંતા, જિન ભક્તિમાં પૂરા,
બત્રીશીનું નાક અને વળી, ન્યાય નીતિમાં શૂરા...જન્મ્યો...૧૦
લક્ષણ પુત્રતણા પારણીયે, એ લોકોક્તિ કહાય,
રમણલાલના લક્ષણ પણ તો, ગર્ભમહીથી જણાય...જન્મ્યો...૧૧

૧. અમદાવાદથી ૪૦ કિ.મી. દૂર કુબડથલ ગામ છે. પૂજ્યશ્રીનું સંસારી મૂળ વતન તે હતું.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




(૧) સંભવનાથ દાદાની છત્ર છાયા...!
(૨) જ્યાં યોગીપુરુષનું અવતરણ થયું તે વસુન્ધરા પણ પુન્યવતી બની. (શાહપુર કુવાવાળી પોળ)
(૩) વસંતપંચમીનો આહ્લાદક ચંદ્ર ઉગ્યો અવની પર.
(૪) મહારત્નકુક્ષિ 'મા' ગંગા...!
(૫) રમણની જન્મકુંડળી (વિક્રમસંવત ૧૯૭૩ - મહાસુદ ૫) શાહપુર અમદાવાદ-કુવાવાળી પોળ

www.jaintatvagyanshala.org

સોણલું આવે દોહલા ઉપજે, સંયમ લેવા કાજ,
એ લક્ષણથી જાણ્યો માંએ, શાસનનો શિરતાજ...જન્મ્યો...૧૨
પાવન ગંગા જેવું વરસે, મા ગંગાનું હેત,
વસંતપંચમી દિવસે જન્મ્યા, સો કુદરત સંકેત...જન્મ્યો...૧૩
વિક્રમ સંવત ઓગણીશસો, ત્યોંતેરની શુભસાલ,
તારીખ સતવીશ જનવરીમાસ, અધ્યાત્મી ✤સૌરવાર...જન્મ્યો...૧૪
ધનલગ્નને મીનરાશિમાં, [૧]પાંચ સાત પ્રહકાલ,
ઉચ્ચગ્રહ ઉત્તરાભાદ્રપદે, જન્મે ગંગાનો લાલ...જન્મ્યો...૧૫
આંખડી જાણે કમળ પાંખડી, નાસિકા તેજ અપાર,
ગોરોવાન નિહાળી લાગે, દેવ તણો અવતાર...જન્મ્યો...૧૬
સૌમ્ય આકૃતિ નમ્ર પ્રકૃતિ, તેજ વિશાલ કપાલ,
નાજુક દેહ ગાલ ગુલાબી, લક્ષણવંતો બાલ...જન્મ્યો...૧૭
ભવિષ્યકાલે આત્મ રમણતામાં, લયલીન થનાર,
તેથી તો ફઈબાએ દીધું, નામશ્રી **રમણકુમાર**...જન્મ્યો...૧૮
યુગપ્રધાન સમ એ અવતર્યો, ભલાભાઈ કુલમાંય,
પદ્મ-પ્રિય શિશુ.'રાજ' કહે એ, જગનો તારણહાર...જન્મ્યો...૧૯

◆

---

✤ શનિવાર.
૧. પરોઢિયે પાંચને સાત મિનિટે જન્મ થયો.

## દુહા

**(રાગ : માંગી માંગીને શું માગું, ભક્તિ રે તારી ભક્તિ)**

અદભુત તેજ પ્રતિભા જેહની, આગે આગે વિરચાય,
જિમજિમ સુણજો ભવિયાં તિમ તિમ, ગુણમયજીવન બનાય...૧
પૂરવ પુન્ય લેઈ જનમીયોરે, રમણનામે એક બાલ,
મદાલસા સમ હાલરા ગાઈ, સંયમ સુધા પાય...૨
ભાગ્યવંતો તે રમણ પાયોરે, ધન્યપિતા ધન્યમાતરે,
ગળથૂથીમાં ધર્મ સંસ્કારો, રોપ્યા સાતે ધાતરે...૩
રૂપ અનોખું તેજ અનોખું રે, સૌને વ્હાલો થાય,
શેરીમાંહિ રમતો જોઈને, બોલાવા સહુ લલચાય...૪

## ઢાળ - ૨

**(રાગ : વીર ઝુલે ત્રિશલા ઝૂલાવે)**

**(વિષય : રમણનું સંસ્કરણ)**


રમણ ઝૂલે માતા ઝૂલાવે... ઝૂલાવે, પ્યારો પ્યારો ધર્મ માતા રોજ કરાવે,
સંયમ લઈ શાસન દીપાવે દીપાવે, એવા એવા આશિર્વાદ રોજ આપે...

નાનો નાનો રમણ નિત્ય ગંગામૈયા સાથે,
દરિશન કરવા જિનાલયે જાવે,
ગંગામાતા ચોવિહાર કરાવે, કરાવે,
પ્યારો પ્યારો ધર્મમાતા રોજ કરાવે...(ધ્રુવપદ)...૧
શેરીમાંહે રમતા બાલુડાઓ આવે,
રમણને રમવાને રોજ લઈ જાવે,
ચાલાક એવો સૌને હરાવે...હરાવે...પ્યારો પ્યારો...૨
રોજ રાતે રમણને માતા સમજાવે,
સંયમ કેરો રંગ રૂડો દિલડે ચડાવે.
અઈમુત્તાદિ કથા સુણાવે...સુણાવે...પ્યારો પ્યારો...૩
ઉકાળેલું જળ માતા રોજ પીવરાવે,
પ્રતિક્રમણ-સામાયિક ગાથા કરાવે,
નવકારશીનું પચ્ચક્ખાણ કરાવે...કરાવે...પ્યારો પ્યારો...૪



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




(૧) હાલરડામાં હુલરાવતી સંયમસુધા પાય, ...
(૨) રૂપ અનોખું, તેજ અનોખું સૌને વ્હાલો થાય, ...
(૩) પ્રભુભક્તિ કરતા રમણનું સંયમઘડતર થાય, ...

www.jaintatvagyanshala.org

અષ્ટપ્રકારી પૂજા કરવા જાય માતા સંગે,
પુષ્પો ચડાવી કરે પૂજા ઉમંગે,
પ્રભુ ભક્તિ કરતો આનંદે...આનંદે...પ્યારો પ્યારો...૫
દ્રવ્ય પૂજા કરી રમણ ભવ્ય ભાવના ભાવતો,
કાલી કાલી ભાષામાં પ્રભુ સાથે બોલતો
પ્રભુ તારો વેશ મને આપજે...આપજે...પ્યારો પ્યારો...૬
[1]સિંહ સમી ચાલ તેની શૂરવીર બની ચાલતો,
બાળ હતો ત્યારથી ધરતી ધ્રુજાવતો,
લોકો કહેતા પરાક્રમી થાશે...થાશે...પ્યારો પ્યારો...૭
વડીલ બંધુ વાડીભાઈને કાન્તા હતી બહેના,
બંનેયના પ્રાણપ્યારા રમણ હતા નેના,
પ્યારીમાતા પુત્રને રમાડે...રમાડે...પ્યારો પ્યારો...૮
જન્મથી સંસ્કારીને પ્રભાવશાળી રમણ,
શરણગ્રહે [2]**રામ**નું તે ટાળે ભવભ્રમણ,
પદ્મ-પ્રિય શિશુ કરે નમન...નમન...પ્યારો પ્યારો...૯

◆

---

૧. પૂજ્ય ગુરુદેવની ચાલ ૮૫ વર્ષ સુધી સિંહસમ ધરતી ધ્રુજાવતી શૂરવીર હતી.
૨. રામગુરુ

## દુહા

(રાગ : પ્રણમું શ્રી અરિહંતને)

દો દિકરા એક દિકરી, ઉછેરે માય તાત,
સંસારે સુખ ભોગતાં, આય જીવન આઘાત...૧
શુભ કરમ સંયોગથી, પામ્યો ધર્મ સુયોગ,
અશુભ કરમના યોગથી, હોય સ્વજન વિયોગ...૨
વાડીભાઈ વડ બંધુએ, સંભાળ્યો કારભાર,
અનિત્ય જાણી રમણને, લાગે ભવ અસાર...૩
સન્માર્ગ પાયા જીવને, સુખ દુઃખ સમ ગણાય,
શુભ-અશુભ ફળ કર્મનું, વૈરાગ્યમાં રંગાય...૪
વૈરાગ્ય કેરો ગુણ લઈ, આયો તો જગમાંય,
જેથી નાના નિમિત્તમાં, વૈરાગ થયો જણાય...૫

## ઢાળ - ૩

(રાગ : મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ)
(વિષય : પિતાનું અવસાન માતાને વૈરાગ)

પૂર્વ વૈરાગ્ય લઈ આવીયો રે લોલ, પુન્યે ધર્મી તાત માય રે,
સીંચે સંસ્કાર માડી ધર્મના રે લોલ, ઈમ રમણ મોટો થાય રે...
રમણ વૈરાગી શિશુ કાલથી રે લોલ
હો જી રે. રમણ વૈરાગી બાલ્યકાળથી રે લોલ...(ધ્રુવપદ)...૧
બીજના ચંદ્ર જિમ વધી રહ્યો રે લોલ, કળા સોળે ખીલ્યો ભાવ રે,
સંસ્કાર આતમમાં ઝીલી રહ્યો રે લોલ, વધતો આરાધક ભાવ રે...
રમણ વૈરાગી...૨
અશુભ કરમ ઉદય જાગીયો રેલોલ, કર્મના કેવા ક્રુર શોક રે,
ઓચિંતો આયો રોગ હુમલો રે લોલ, જનક[૧] સિધાયા પરલોક રે...
છત્ર છિનવાયું રમણ બાલનું રે લોલ...૩
સંસાર સુખો દુઃખથી ભર્યા રે લોલ, સાચું છે મુક્તિ સુખ રે,
સમક્તિ પામેલા જીવને રે લોલ, સંસાર સુખ લાગે દુઃખ રે...છત્ર છિનવાયું...૪

---

૧. પાંચ વરસના રમણ થતાં પિતા ભલાભાઈનું મૃત્યુ



www.jaintatvagyanshala.org

પિતા અવસાનથી (પછી) વડબંધુએ રેલોલ, છોડ્યું [1]કુબડથલ ગામ રે,
શાહપુર કુવાની પોળમાં રેલોલ, આવીને કર્યો વસવાટ રે...રમણ...૫
સંયોગના સુખ કારમા રે લોલ, પરિણમે નિશ્ચિત વિયોગ રે,
એ શ્રદ્ધા ✠થી માતચિત્તમાં રે લોલ, કબ છૂટું કર્મ ભોગ રે રમણ...૬
ઈમ વિચારી ગંગામાતને રે લોલ, જાગ્યો આતમ વૈરાગ્ય રે,
સંસાર ભાર સોંપી સુતને રે લોલ, મારે હવે ધર્મ હિ સાધ્ય રે રમણ...૭
શાસન વસ્યું રોમ રોમમાં રેલોલ, હૃદયે વિચાર દિનરાત રે,
રમણને અર્પું શાસનમાં રેલોલ, કેવી હિતચિંતક માત રે...રમણ...૮
દિયર રમાડે [2]ચંદના રેલોલ, વાડીભાઈને અતિપ્યાર રે,
નિશાળે ભણવા અબ જઈ રહ્યો રેલોલ, વિદ્યાર્થીઓમાં વિદ્વાન રે..રમણ...૯
માતા ચિંતે મુજ રમણને રે લોલ, મિલે સુગુરુનો સત્સંગ રે,
મનોરથ ગંગા હૃદયમાં રેલોલ, રમણને દેઈ લઉં સંયમ રે...રમણ...૧૦
ધર્મી માતા ધર્મીસુતનો રેલોલ, પુન્યયોગે સુયોગ રે,
પ્રિયશિશુ 'રાજ' કહે રમણનો રેલોલ, થાશે **રામ**રુપે યોગ રે...રમણ વૈરાગી...૧૧

◆

---

૧. ત્યારથી વતન કુબડથલ છોડીને રાજનગર - અમદાવાદ આવી વસ્યા.

✠ હતી.

૨. રમણના ભાભી ચંદનબેન હતા.

## દુહા

**(રાગ : પ્રણમું શ્રી)**

વય લઘુ પણ પ્રૌઢજ્ઞાન, ઉત્તમ કુલ શુભ જાત,
દશાશ્રીમાળી નાતમાં, પૂંજા દાદા ખ્યાત...૧
જનક સ્વર્ગ સિધાવતાં, વસ્યા અમદાવાદ,
પતંગ રસીલા રમણને, ચંપાશ્રી સહવાસ...૨
નિમિત્તને ઉપાદાન દુ, કારણે કાર્ય થાય,
[૧]ઉપાદાનની પુષ્ટિથી, સહજ વૈરાગ્ય આયં...૩
પતંગ કેરા નિમિત્તથી, જીવન ધન્ય બનાય,
બાલ્ય વય દશ વરસની, આતમ જાગી જાય...૪

## ઢાળ - ૪

**(રાગ : મથુરામાં ખેલખેલી આવ્યા)**
**(વિષય : પતંગના સંગે વૈરાગ્ય રંગે)**

ઉતરાયણ કેરા પર્વ આયા હો માત ! પતંગ ચગાવવો,
માડી મુને પતંગ અપાવ, મારે પતંગ ચગાવવો,
રમણ પતંગનો ખૂબ જ રસીયો, મિત્રોની સાથે અગાસી ચડીયો,
ધાબેથી ❖ધાબે જાય...રમણ પતંગનો...(ધ્રુવપદ)...૧
[૨]એકવેલા કોઈ ધાબે છૂપો, ગૃહ નાથે દ્વારે વાસી દીધો,
બાહિર કિમ નીસરાય...રમણ પતંગનો...૨
કુદે ધાબેથી પાળ બહુ ઉંચી, કુદતાં પગમાં લાગી ખીંટી,
હવે પતંગ નહિ ચગાય...રમણ પતંગનો...૩
卐મનસુખ ભાઈની પોળે નિશાળે જાવે,
શેખ પાડે સાધ્વીનો ઉપાશ્રય આવે,
[૩]**ચંપાશ્રી** માસી મહારાજ...રમણ પતંગનો...૪

---

૧. આત્માની યોગ્યતા પૂર્વથી જ ઉચ્ચ કોટિની હતી.

❖ બીજા.

૨. રમણ પતંગનો ખૂબ રસિયો હતો. આ આખી ઢાળનું વર્ણન પૂજ્ય ગુરુદેવે મને જીવનની છેલ્લી ઉતરાણના દિવસે પ્રસંગોપાત કહેલું તેના આધારે વર્ણન કર્યું છે.


卐 રાજનગર-અમદાવાદમાં.

૩. ચંપાશ્રીજી મ. રમણના સગા સંસારી માસી મહારાજ હતા.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




(૧) મા પાસે પતંગ યાચના.

(૨) પતંગ લાલચે ગાથા કરવા, માસી મહારાજ સંગ...

(૩) પતંગ ચગાવે ગગનમાં, જ્ઞાન પરિણતિ આતમમાં...!

(૪) રમણ પતંગ ખેલાડી, ...

(૫) સ્કુલમાં મુખ્ય વિદ્યાર્થી, ...

www.jaintatvagyanshala.org

એક દિન ઉપાશ્રયની અગાસીમાં જોયું,
લાલ-પીળા પતંગ જોઈ મનડું મોહ્યું,
પતંગ લેવા ધાબે જાય...રમણ-પતંગનો...૫
પતંગ લઈને નીચે તે આયો,
માસી મહારાજ પૂછે ક્યાંથી લાયો,
રમણ સાચું બોલી જાય...રમણ પતંગનો...૬
**ચંપાશ્રીજી** રમણની પ્રતિભા માપે,
રોજ રોજ બોલાવી પતંગ આપે
પતંગની લાલચે જાય...રમણ પતંગનો...૭
પતંગની લાલચે નિત્ય નિત્ય આવે,
માસી ✠મારાજ પાસ પતંગ પેલો માંગે
ગાથા કરે પતંગ દેવાય...રમણ પતંગનો...૮
ગાથા કરે ઈતના પતંગ તુને આપવા,
વચન દીધ તેની ગાથા શક્તિ માપવા,
પતંગથી ગાથા બહુ થાય...રમણ પતંગનો...૯
ગાથા કરાવતાં અર્થ સમજાવતાં,
પતંગ સમ કાચી સંસાર અસારતા,
સમજાવી દીધી ક્ષણમાંય...રમણ પતંગનો...૧૦
જ્ઞાન પ્રતિભા તસ અદ્‌ભૂત અનેરી,
દોર-[1]પતંગ ભેદ આતમમાં જોડી,
સંયમ ખેલાડી બની જાય...રમણ પતંગનો...૧૧
જીવવિચાર લગી ભણી ગયો પાઠ,
સુણજો હવે જાય ગુરૂવર પાસ,
'પદ્મ-પ્રિય શિશુ નમે 'રાજ'...રમણ અદ્‌ભુત જ્ઞાની...૧૨

◆

✠ મહારાજ.
૧. પૂજ્યશ્રી બાલકાળથી જ અધ્યાત્મ-વિવેકી હતા. પૃથક્કરણ કરવાની કળા અદ્‌ભૂત હતી.



www.jaintatvagyanshala.org

## દુહા

**(રાગ : રઘુપતી રાઘવ રાજા રામ)**

યાકિનીમહત્તરા આર્યાએ, **હરિભદ્ર** સૂરિ ભેટ ધર્યા
ગ્યાર અંગ ભણતાં શ્રમણીએ, **વજ્રસ્વામી** તૈયાર કર્યા,
તિમ **ચંપાશ્રીજી** કેરા પ્રયત્ને, તપગચ્છતાજ **રામ** મળ્યાં,
જુઓ જિન શાસનના શ્રમણી, રત્નોથકી મહાપુરુષો જડયા...૧

## દુહા

**(રાગ : ગાન તમારૂં ગાતાં ગાતાં)**

વ્યવહારિક શિક્ષણ ભણ્યા, ધોરણ ચાર નિશાળ,
દશ વર્ષનો બાલુડો, પણ બુદ્ધિ થી+ વિશાલ...૧
સાધવીજી **ચંપાશ્રીજી**, સુગુરુ પાસ લે જાય,
આચારનિષ્ઠા ગુરુની, દીઠે નેણ વિકસાય...૨
સૂર્ય સમ તેજસ્વિતા, પેખી ગુરુએ લલાટ,
ભાખ્યું ભવ્ય ભાવિ તસ, થશે શાસન સમ્રાટ...૩

## ઢાળ - ૫

(રાગ : નાગર વેલીઓ રોપાવ)

**(વિષય : રમણને સુગુરુનો ભેટો)**

એકદા **ચંપાશ્રી** આર્યા, લઈ **સુરેન્દ્ર** ગુરુ ચરણે,
માતા ગંગા કેરો લાલ, જાવે **સુરેન્દ્ર** ચરણે,
[1]દોશીવાડાની પોળમાં, રૂપવિજય ઉપાશ્રય,
ડહેલા નામે પ્રખ્યાત. જાવે સુરેન્દ્ર...(ધ્રુવપદ)...૧
**સુરેન્દ્રમુનિ** ડહેલે[2] બિરાજે, સંયમ પ્રતિભા અદ્ભૂત છાજે,
આચાર દેખી લોભાય...જાવે સુરેન્દ્ર...૨
માસી આર્યા ને માત સાથ, નિત્ય ગુરુવંદન જાય,
તિહાં સુગુરુ સત્સંગ થાય...જાવે સુરેન્દ્ર...૩

+ હતી. ૧. અમદાવાદ.
૨. ડહેલાનો ઉપાશ્રય.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




(૧) સુરેન્દ્રગુરુ અને ચંપાશ્રીજીનો રમણ અંગે સંવાદ,
શાસનરત્નની ઓળખ આપે, ગુરુ ભાખે ભાવિ ઇતિહાસ.

(૨) વડીલબંધુ અને માતા પાસે સંયમ સંમતિ યાચના.

(૩) જ્ઞાનાભ્યાસમાં અતિ ચતુર, ...

www.jaintatvagyanshala.org

નીરખી તેજસ્વી ભાલને, **સુરેન્દ્ર** ગુરુ હરખાય રે,
પૂછે કોણ લઘુ આ બાળ...જાવે સુરેન્દ્ર...૪
ચંપાશ્રીજી શ્રમણી વદે રે, બુદ્ધિ નિધાન આ બાલ રે,
મુજ ભગિની કેરો લાલ...જાવે સુરેન્દ્ર...૫
ગુરુદેવ કહે (સુણો) **ચંપાશ્રી**, ભાગ્યવતી તુજ ભગિની,
હોશે શાસન શિરતાજ...જાવે સુરેન્દ્ર...૬
માસી મહારાજ સમીપે, શિક્ષા લે રમણ નિત્યે,
પ્રતિદિન ભાવ દ્રઢતર થાય...જાવે સુરેન્દ્ર...૭
માતાને વારવાર કહેતો, દીક્ષા ક્યારે દેશો,
મા મુને (જલ્દી) દીક્ષા અપાવ...જાવે સુરેન્દ્ર...૮
ગુરુ **રામ**ના દ્રવ્ય નિક્ષેપે, રમણ આતમ જગ નીરખે,
ભાવે વંદે પ્રિય શિશુ 'રાજ'...જાવે સુરેન્દ્ર...૯

◆



www.jaintatvagyanshala.org

## **દુહા**

**(રાગ : પ્રણમું શ્રી અરિહંતને)**

શુદ્ધ સંયમી ગુરુવરા, **ધર્મ**વિજય પંન્યાસ,
પ્રતિભાવંત **સુરેન્દ્રના,** પડખા સેવ્યા ખાસ...૧
ગ્રહણ-સેવનશિક્ષા લઈ, બન્યા ધીર ગંભીર,
માયા-મમતા ત્યાગીને, હુઆ સંયમ શૂરવીર...૨
દીક્ષા સંમતિ માંગતાં, બંધુ કરે ઈન્કાર,
મેડી પૂર્યો અડાલજે, (પણ) હિંમત ન હારનાર....૩
પિંજરે પૂર્યો ન રહે, જિમ વનસિંહ વનવાસ,
ભાગે પ્રબળ વિરાગવંત, ન રહે રમણ ઘરવાસ...૪

## **ઢાળ - ૬**

**(રાગ : અહો પ્રભુજી અમર રહો)**
**(વિષય : બાલ્યવયે પણ વૈરાગ્યનું પરાક્રમ)**


ગુરુ સમીપે ગ્રહણ શિક્ષા લેતો, સંવેગ-નિર્વેદે ઝીલંતો,
સર્વવિરતિ પંથ કબ મિલે, એ ભાવે આત્મા ભાવંતો...તેર૦ ૧
તેર વરસની કુમળી વયમાં, રમણ દીક્ષા લેવા સજ્જ હુઓ,
દીક્ષા કાજે નમ્ર કર જોડી, વિનવણી ગુરુ પાસ કીયો...તેર૦ ૨
ગુરુ કથે સ્વજનોની સંમતિ, લઈ આવે દીક્ષા આપું તને,
ગયો રમણ વડીલ બંધુ પાસે, દીક્ષા અનુમતિ આપો મને...તેર૦ ૩
બંધુને રમણ પર પ્રેમ ઘણો, દીક્ષાનો અતિ વિરોધ કીધો,
ઘણા ઉપાયે ન આપી સંમતિ, [1]અડાલજ ગામ છૂપાવી દીધો...તેર૦ ૪
પણ બાલ હતો (આ) સિંહકેશરી, પિંજરે પૂર્યો કિમ રહે,
મિલે લાગ મેડીથી ભાગીયો, જિમ ધનુષથી તીર નીકળે...તેર૦ ૫
સ્વજન-વડબંધુથી છૂપી રીતે, ગંગામા અનુમતિ આપે,
ગુરુચરણે દીક્ષા લઈ લેજે મુજ અંતર આશિષ તુજ સાથે...તેર૦ ૬
ભાગ્યો રમણ આવે રાજનગરે, **સુરેન્દ્ર** ગુરુને વંદન કરે,
માતાનો [2]રાજીપો જ્ઞાત કરી, અંજલિબદ્ધ વિનંતિ કરે...તેર૦ ૭

૧. મોટાભાઈને દીક્ષા નોતી આપવી જેથી તેમના સાસરે મણીબાની મેડીમાં પૂરી દીધા.
૨. માતાએ ગુપ્ત રીતે રજા આપી દીધી હતી.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




(૧) દીક્ષા માટે પલાયન, ...

(૨) ભાગીને ડહેલાના ઉપાશ્રયે આગમન...!

(૩) 'સુરેન્દ્ર' ગુરુ પાસે સંયમ ઘો પ્રાર્થના...!

(૪) દીક્ષા મુહુર્ત લાવ્યા વર્ધીલાલ વમળશી શ્રાવક...

www.jaintatvagyanshala.org

(૫) વિક્રમ સંવત ૧૯૮૬ વૈ. વદ. ૧૦ તા - ૨૩/૫/૧૯૩૦

મૂરત આપી મમ ઉદ્ધાર કરો, ઓધો દઈ નિસ્તાર કરો,
મુનિ ધર્મ હૃદયાંબુજે અર્પો, ભવ ફેરા મારા દૂર ટળો...તેર૦ ૮
શુદ્ધ સમય જ્ઞાતા **ધર્મ**વિજય, [૧]પટ્ટનપુરે બિરાજીયા,
મુનિ **સુરેન્દ્ર**ના કહેણરિતિ, શ્રાદ્ધ [૨]વરધી વમળશી આયા...તેર૦ ૯
રમણ કેરી દીક્ષા મૂરત પ્રાર્થે, વચનસિદ્ધ ગુરુ મૂરત દીયે,
ઓગણીશસો છયાશી વિક્રમે, તારીખ તેવીસ મે માસે...તેર૦ ૧૦
[૩]માધવ વદ દશમી શુભ દિવસ, પામી રમણ ધન્ય બન્યો,
મૂરત દેઈ આજ્ઞા ફરમાવી, [૪]હરિપુરા જઈ (ગુપ્ત) સંયમ દ્યો...તેર૦ ૧૧
રમણનો પ્રબળ વૈરાગ જુઓ, શિશુવયે અતિ સાહસ જુઓ,
'પદ્મ-પ્રિય શિશુ' ભાવે પ્રાર્થે, અબ રમણની આશા પૂરો...તેર૦ ૧૨

◆

---

૧. પાટણ
૨. વર્ધીલાલ વમળશી શ્રાવકને સુરેન્દ્ર વિજય મ.સા.એ પાટણ પંન્યાસ ધર્મવિજયજી પાસે મુહૂર્ત લેવા મોકલ્યા.
૩. વૈશાખ
૪. પૂ. ધર્મવિજય મહારાજે વર્ધીલાલ વમળશી શ્રાવકને દીક્ષાનું મુહૂર્ત આપીને અમદાવાદ-હરિપુરામાં ગુપ્ત દીક્ષા આપવાની આજ્ઞા ફરમાવી.



www.jaintatvagyanshala.org

## દુહા

**(રાગ : ગાન તમારૂં ગાતાં ગાતાં)**

હે...એકલવીર આયો ગુરુકને, સ્વજન ન કોઈ સંગાથે,
દીક્ષા પ્રદાન કરો ગુરુદેવા, મુજ માતાના આશિષ સાથે (૨)...૧
હે...**ધર્મ-સુરેન્દ્ર-રવિ** ગુર્વાજ્ઞામાં, સમર્પ્યો તન-મન જીવન,
ગુરુચરણમાં સંયમ લેવા, જસ ઉલસીયું આતમ ધન (૨)...૨
હે...**સુમતિનાથ**ની કૃપાનજરમાં, રજોહરણ લેઈ નાચે,
**ગંગામા**ના ઉર ઉરમાં આજે, આનંદ આનંદ વ્યાપે (૨)...૩

## ઢાળ - ૭

**(રાગ : મેંદી તે વાવી માળવેને...)**


**(વિષય : દીક્ષા મહોત્સવ)**

શ્રમણગણમાં પ્રતિભાવંતા, **સુરેન્દ્ર** વિજય પ્રખ્યાત રે, દીક્ષા લેવા આયો.
અદ્ભુત સંયમના શિલ્પી ગુરુએ, ઝાલ્યો **રમણ** કેરો હસ્ત રે...
દીક્ષા લેવા આયો... ૧
વિહાર કરી જાવે [1]હરિપુરા, **સુરેન્દ્ર વિજય** રાય રે, દીક્ષા
**સુમતિનાથ**ના ભોંયરામાં, દીક્ષાની નાણ મંડાય રે દીક્ષા...૨
નવિ ઓરછવ નવિ વાજાં વાગ્યા, ન હતો વરઘોડાંનો ઠાઠ રે, દીક્ષા
દીકરાને અંતિમ આશિષ દેવા, (એક) છૂપી આવી તી' [2]માત રે...દીક્ષા...૩
[3]માધવ કૃષ્ણા દશમી દિવસે, મોહરાજા કર્યો વશ રે, દીક્ષા
ગુપ્ત દીક્ષા હુઈ શુદ્ધ સંયમી, **સુરેન્દ્ર ગુરુ** વરદ હસ્ત રે...દીક્ષા...૪
ચઉવિહ સંઘ સાખે ઓઘો લઈ, નાચ્યો નાનકડો બાળ રે, દીક્ષા...
**સુરેન્દ્ર** ગુરુવરના શિષ્ય મુનિ, **રામ વિજય** ધર્યું નામ રે...
**રમણ રામ** બન્યા...૫
ધન્ય ધન્ય માતા ગંગાને રે, પુત્રના પૂર્યા જિણે કોડ રે...રમણ
માતાનો ઉમંગ નિરવધિ આવી જનનીની ન મળે જોડ રે...રમણ...૬

---

૧. અમદાવાદ-રાજનગરમાં હરિપુરા - અસારવા વિસ્તારમાં
૨. રમણની દીક્ષામાં સ્વજન તરીકે એક માતા આવ્યાં હતાં માતાની સંમતિ હતી.
૩. વૈશાખ

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




(૧) 'સુરેન્દ્ર' ગુરુના હસ્તે ગુપ્ત દીક્ષા અર્પણ.
(૨) રજોહરણ લઈને નાચે નાનકડો રમણ.
(૩) ગંગામાતાએ આશિષ આપ્યા...
(૪) ચંપાશ્રીજી (માસી મ.સા.)
(વિક્રમ સંવત ૧૯૮૬ - વૈશાખ વદ ૧૦) તા - ૨૩/૫/૧૯૩૦
હરિપુરા - અમદાવાદ (અસારવા વિસ્તારમાં)

www.jaintatvagyanshala.org

સિદ્ધવચન મુનિ **સુરેન્દ્ર** ઉચ્ચરે, **રામવિજય** સુણ આજ રે...રમણ
એકલવીર શુદ્ધ સાધક બની, ✠**"બનશો શાસન શિરતાજ"**રે...રમણ...૭
ગંગામાતા આશિષ દેવે, સફળ થાઓ તુજ કાજ રે...રમણ
તમે તર્યા મને [૧]તારજો રે, મમ કુળદીપક મુનિરાજ રે... રમણ...૮
**રામ** વિજય મુનિ અભિનંદી રે, સફળ કરૂં જીવન આજ રે... રમણ
દિક્ષા દિવસનું ધ્યાન ધરંતાં, પામે વિરતિધર્મ 'રાજ' રે... રમણ...૯

◆

---

✠ ગુરુ મહારાજે ભાવિ ભાખ્યું હતું.
૧. માતાને ઈચ્છા હતી રમણને દીક્ષા આપી મારે પણ લેવી અને થોડા જ સમયમાં લીધી.



www.jaintatvagyanshala.org

## દુહા

**(રાગ : ગાન તમારું ગાતાં ગાતાં)**

હે...રમણ બન્યા રામવિજયજી, જયજયનાદ ગજાવીયો,
ગંગામાતાએ સુપુત અર્પી, શાસનઘંટ વગાડીયો રે (૨)...૧
હે...હાથે ઓઘો મુખે મુહપત્તિ, શ્વેતવર્ણા વીરવેશમાં,
ત્યાગી બની મુનિ પદે બિરાજી, શોભી રહ્યા મહામંત્રમાં (૨)...૨
હે...**સુરેન્દ્ર** વિજય ગુરુના હાથમાં, સાચે અણમોલ રત્ન મળ્યું,
તે રત્નને ઝળહળતું કરી, શાસન ચરણમાં ભેટ ધર્યું (૨)...૩

## ઢાળ - ૮

**(રાગ :- એક પંખી આવીને ઉડી ગયું)**

**(વિષય : રામમુનિની ગુપ્ત દીક્ષા પછી સ્વજનોનું આક્રંદ અને રામમુનિની સમજાવટ)**

નૂતન દિક્ષિતને અક્ષતે વધાવી, ગંગા મા ગૃહ આવી ગયા,
કો ન હુઉ ઈમ ગંભીર બની, ગૃહકાર્યમાં લાગી ગયા...નૂતન દિક્ષિત...૧
વહેતા વાયુ વહેણમાંહે, સમાચાર ફેલાઈ રહ્યા,
વાવડ મિલતાં વાડીભાઈના, હૃદય ધબકાર વધી ગયા...નૂતન...૨
ત્યાં જઈ રમણ પાછો લાવું, હાહાકાર મચાવીયા,
[1]આક્રંદન કરતા વાડીભાઈને, માતા સમજાવી રહ્યા...નૂતન...૩
વ્હાલો રમણ આપણને છોડી, શાસનકેરા શ્રમણ બન્યા.
વાડીભાઈ સહુ સ્વજનો લઈને, હરિપુરા પહોંચી ગયા...નૂતન...૪
નૂતન બાલ (બંધુ) મુનિ નીરખતાં, હૃદય વેદના વ્હાવી રહ્યા,
અદ્ભુત બાલ છટાથી સહુને, **રામમુનિ** સમજાવી રહ્યા. નૂતન...૫
**"તમને છોડી સમગ્ર વિશ્વના, જીવો મારા સ્નેહી કર્યા"**,
નૂતન બાલ મુનિની સુંદર, સમજાવટે સહુ શાંત થયા. નૂતન...૬
ભીની આંખે પાછા ફરીયા, ભીના હૃદય ભાવ ભર્યા,
સંયમ પાળો (અમ)કુળ અજવાળો, તમે સાચે કુળ કોહીનૂર ઠર્યા. નૂતન...૭
**ચંપાશ્રી**ની ધર્મબુદ્ધિએ, શાસનને (આ) વિભૂતિ મળી,
મૈયાકેરા શાસન રાગને, 'પદ્મરેણુ' સંભારી રહી. નૂતન...૮


◆

૧. ગુપ્ત દીક્ષાના સમાચારથી વાડીભાઈને ખૂબ આઘાત લાગ્યો. જે રામમુનિના સંસારી મોટાભાઈ હતા.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




(૧) 'સુરેન્દ્ર' ગુરુ ઉચ્ચરે, "બનીશ શાસન શિરતાજ...!"
(૨) વાડીભાઈ-સ્વજનોનું આક્રંદન... મુનિરામની સમજાવટે
સહુપામ્યા શાંત્વન...!

www.jaintatvagyanshala.org

## દુહા

**(રાગ : પ્રણમું શ્રી)**

**સુરેન્દ્ર-રવિના** લાડલા, બાલ મુનિવર **રામ**,
જસ મુખ કમળ નીરખી, હરખે લોક તમામ...૧
શાસ્ત્ર કેરા અભ્યાસમાં, અહનિશ રહ્યા લીન,
અશાતા વેદવિપાકને, સહેતા મન અદીન...૨
શાસ્ત્ર ભણે બની ધીરને, સંયમ શુદ્ધિ સુવાસ,
શુશ્રુષા ગુરુદેવોની, વિનયાદિ ગુણો ખાસ...૩
સંયમ ગ્રહણ સમયથી, અશાતા કર્મનું જોર,
જિમ દીક્ષા ગ્રહી વીરજી, ઉપસર્ગ સહ્યા ઘોર...૪

## ઢાળ - ૯

**(રાગ : ઓઘો છે અણમૂલો, તેનું ખૂબ જતન કરજો)**
**(વિષય : શ્રુતજ્ઞાનમાં લીન રામમુનિનો શાસ્ત્રાભ્યાસ)**

સંયમ લઈ રામમુનિ, ગુરુ ચરણે લીન બન્યા,
જ્ઞાન-ધ્યાન-તપ-ત્યાગે, મુનિ ભાવમાં મગ્ન બન્યા...સંયમ લઈ...૧
જ્ઞાનની ધખાવી ધુણી, સરસ્વતિની કંઠે કૃપા,
[1]પ્રગુરુ **ધર્મ**વિજય પાસ, સંશય સૌ મનના હર્યા,
સવિનય. શાસ્ત્રો ભણ્યા, કડક અનુશાસન ઝીલ્યા...સંયમ...૨
વિધિપૂર્વક પંચ પ્રહર, સ્વાધ્યાય આ મુનિ કરતા,
આચારાંગાદિ અંગોપાંગ, ભણી પ્રાપ્ત બહુશ્રુતતા,
તર્કશાસ્ત્રે દક્ષ બન્યા, નિષ્ણાત વ્યાકરણમાં..સંયમ...૩
કાવ્ય-સાહિત્ય-પ્રકરણ, અધ્યાત્મને યોગ ગ્રંથો,
જ્ઞાન ઉપયોગે વહે, કંઠસ્થ હજારો શ્લોકો,
[2]ઐદમ્પર્ય સાર લહી, જ્ઞાન પરિણતિમાં રમતા...સંયમ...૪
જ્યોતિષ શાસ્ત્રે ઈસિ સિદ્ધિ, મુખે વદે [3]મૂરત બનતા,
જ્ઞાન[4]ભાનુ મુનિવરે, લહી (સૌ) શાસ્ત્રે પારંગતતા,
ઉત્સર્ગ-અપવાદે, મહાગીતારથ બનીયા...સંયમ....૫

૧. દાદાગુરુ. ૨. નિચોડ સુધી જતા. ૩. મુહુર્ત. ૪. સૂર્ય.



www.jaintatvagyanshala.org

દીક્ષા લઈ દેહ અસ્વસ્થ, છતાં શાસ્ત્રાભ્યાસે મસ્ત,
આજીવન ઉણોદરી તપ, આહાર કરે અતિ અલ્પ,
સૂત્ર-સ્વાધ્યાય-સંયમે, અહોનિશ સોંપી કાયા....સંયમ...૬
પરભાવને પરિચયથી, આજીવન અલિપ્ત રહ્યા,
નિરાડંબર નિરીહાથી, ઉચ્ચતમ આદર્શ બન્યા,
ગુર્વાજ્ઞા પળપળ વહી, મહાસંયમ સાધ્યા...સંયમ...૭
'માઁ' પગલે પગલે લાયા, સૌ પ્રથમ માતા તાર્યા,
નામ દીધ **સુનંદાશ્રી,** જન્મદાત્રી ઋણ વાળ્યાં...
મા-પુત્રની વડદીક્ષા, સહ પાટણપુર ઉજવાય...સંયમ...૮
**રામ**મુનિ નાણ [1]ભાવે, સદા અપ્રમત્ત હતા,
તાસ નાણ ભાવોની, ધ્યાવું ધ્યાન તણી દશા,
'પદ્મ-પ્રિય શિશુ' પ્રાર્થે, કૈવલ્યજ્ઞાન દશા...સંયમ...૯

◆

૧. ઉપયોગે.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




(૧) સંયમલઈ ધુણી ધખાવી જ્ઞાનની,
અલ્પ સમયમાં શ્રુત સાગરે બન્યા શાસ્ત્ર પારગામી.

(૨) મુનિરામના પગલે જન્મદાત્રી બન્યા સુનંદાશ્રીજી.
(વિક્રમ સંવત ૧૯૮૭)

www.jaintatvagyanshala.org

## દુહા
**(રાગ : સુખની છાયા ક્યાંય નથી પણ)**

જિનાજ્ઞા કેરા સુયોગમાંને, સદ્‌ગુરુ ધર્મ શરણમાં, (૨)
મોહનીય ક્ષય ઉપશમે રે, પ્રગટયા ગુણો જીવનમાં (૨)...૧
ચરણસિત્તરી કરણ સિત્તરી, સહ પંચમહાવ્રત ધારે, (૨)
પંચાચાર ઉપયોગમાં, વીર્યોલ્લાસ વધારે (૨)...૨
પ્રવચન માતા આઠનો, ઉપયોગ હરપળ સાધે, (૨)
દશવિધ સામાચારી અને, વળી યતિ ધરમ આરાધે (૨)...૩
**રામ** મુખેથી વારંવાર, કૃતજ્ઞ વચનો ઉચ્ચારે, (૨)
ધર્મ-સુરેન્દ્ર-રવિગુરુવરોના, ઉપકારોને સંભારે (૨)...૪

## ઢાળ - ૧૦
**(રાગ : ખમ્મા મારા ઈલાયચી કુમાર)**
**(વિષય : મુનિ રામનાસંયમ ઘડવૈયા - ગુરૂદેવો)**

ખમ્મા મારા રામમુનિરાજ, ચારિત્ર ચેતના જગાડી,
ચરણ માળી દાદા ગુરુરાજ, સંયમ શ્રેણી ચડાવી,
નાટક [૧]ભર્તૃહરિનું જોઈ બોધ, પત્નિ સગર્ભા મૂકી યોગ
ધર્મ વિજય મહારાજ...સંયમ...૧
શામળાપાર્શ્વની ભક્તિને કરતા, સાધના બળથી [૨]ધરણેન્દ્ર ડોલતા,
મહાપ્રભાવી પંન્યાસ...સંયમ...૨
જિણે સંયમના (ઉચ્ચ) ઘડતરો કર્યા, અનુશાસન અણુઅણુમાં ઝીલ્યા,
દાદાગુરુના ઉપકાર...સંયમ...૩
**રામ** કહે મને આચાર વારસો, **"પ્રારંભથી મિલે દાદા ગુરુના આદર્શો"**,
કર્યું ઘડતર મુજમાંય...સંયમ...૪

---

૧. દાદાગુરૂ ધર્મવિ.મ.સાં. સંસારી અવસ્થામાં નાટકના અત્યંત શોખીન હતા, તેમાંથી વૈરાગ્ય પામ્યા છે.
૨. ધર્મ વિ.મ.સા. પાટણ ખેતરવસીમાં શામળા પાર્શ્વનાથના જિનાલયમાં ભક્તિ કરતા ત્યારે નાગ પ્રત્યક્ષફણા ચડાવીને સામે ડોલતા તે સમયના શ્રાવકોએ નજરે જોયેલી ઘટના છે, તે જ શ્રાવકો દ્વારા સાંભળ્યું છે.



www.jaintatvagyanshala.org

અગાઢ જોગે (આવે) અસાધ્ય બિમારી, તપ ન થાય તો યે ખુમારી,
મહાનિશીથ યોગમાંય...સંયમ...૫
ગુરુકુલવાસે (રહી) આચાર અડગતા, **રવિવિજય રામ**ના ગુરુભ્રાતા,
રવિનું વાત્સલ્ય અગાધ...સંયમ...૬
મુનિ**રામ** કહે **રવિ ગુરુ** પંન્યાસજી, ''સંભાળ્યો મને કરૂણાના ધોધથી,''
**''એ તો મમ ગુરુ મા કહાય''**...સંયમ...૭
卐સંવત ઓગણીશસો નવ્વાણું સાલે, આસો વદ ત્રીજ (શનિ) સોલ તારીખે,
[૧]જામનગર ગણિપદ ઉજવાય...સંયમ...૮
ગુરુ સાથ **રામ** મહિતલે વિચરે, વીશ વર્ષ સંયમ [૨]પર્યાયે,
**સુરેન્દ્રગુરુ** સ્વર્ગે સિધાય...સંયમ...૯
**રામ** જીવનની અદ્‌ભુત વાતો, મોહને મારી જે શૂરે લાતો,
પ્રિય શિશુ પામે ભક્તિ 'રાજ'. સંયમ...૧૦

◆


---

卐 વિક્રમસંવત ૧૯૯૯.
૧. સુરેન્દ્રસૂરિ ગુરૂ મ.સા.ના વરદ હસ્તે પૂજ્ય રામવિજય મુનિની ગણિપદવી થઈ.
૨. રામગણિવર્યનો ૨૦ વર્ષ દીક્ષા પર્યાય બાદ સુરેન્દ્રસૂરિ ગુરૂ મ. કાળધર્મ પામ્યા.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala





(૧) પાટણ શામળા પાર્શ્વની, ભક્તિમાં લયલીન, ફણા ચડાવી ડોલે નાગેન્દ્ર, ધર્મવિજય યોગીન્દ્ર ...

www.jaintatvagyanshala.org

(૨) પંન્યાસ ધર્મવિજય દાદાગુરુના, કડક આચાર ઘડતરે બન્યા રામમુણીંદ ...

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



(૧) ગુરુદેવ સાથે મહિતલ વિચરે.

(૨) (પૂ.પં.રવિ વિ.મ.) "આ તો મારી ગુરુ મા કહેવાય."

www.jaintatvagyanshala.org

## દુહા

(રાગ : પ્રણમું શ્રી)

સ્વર્ગે પધારે ગુરુવરા, શિરછત્ર છિનવાય,
પ્રભાવક ગણિ **રામ**નું, યોગક્ષેમ **રવિ** હાથ...૧
તેત્રીશ વરસની વયે, સુકાની બને **રામ**,
સંભાળે સમુદાયને, **ધર્મ-સુરેન્દ્ર** સમાન...૨

## ઢાળ - ૧૧

(રાગ : પ્રિતલડી બંધાણી રે અજિત જિણંદશું)
(વિષય : ગુરુદેવની ચિર વિદાય)

**સુરેન્દ્રસૂરિ** ગુરુવર સ્વર્ગે સિધાવીયા,
અણધારી વિદાય લીધી ગુરુદેવ જો,
ડહેલાની પાટે નાયક પ્રથમ સૂરિ હતા,
નાયક વિણ સમુદાય રડે ચોંધાર જો...સુરેન્દ્રસૂરિ...૧

સૂર્ય આથમ્યો અંધકાર વ્યાપી ગયો,
**રામના** હૈયે વજ્રસમ આઘાત જો,
બે હજાર છ [૧]અગહન કૃષ્ણા પંચમી,
નાથ વિહોણા **રામ** બન્યા સુનકાર જો...સુરેન્દ્રસૂરિ...૨

બત્રીશ વરસની વય લઘુ ગણિ **રામની**,
જ્ઞાનગર્ભિત વૈરાગ પણ ભરપૂર જો,
**રવિવિજય** વડગુરુભ્રાતા માતા સમા,
**સુરેન્દ્ર** કેરા[૨] યુગલ બંધુને શિષ્ય જો...સુરેન્દ્રસૂરિ...૩

**રામ**ગણિને પુત્રાધિક સંભાળતા,
ગુરુદેવની ઉણપ લાગે ન લગાર જો.
**રવિવિજયે** નિર્ણય કીધો પદવી તણો,
**ધર્મ-સુરેન્દ્રે** ભાખ્યું ભાવિ અનુસાર જો...સુરેન્દ્રસૂરિ...૪

---

૧. કારતક
૨. સુરેન્દ્ર વિજય મ.સા.ના જોડીયા ભાઈ રવિ વિ.મ.સા. હતા.

આચારનિષ્ઠ પદવી તણી જે યોગ્યતા,
મુનિગણમાં સૌની નજરે (એક) **રામ** જો,
નિઃસ્પૃહી **રામ** પદ લેવા ઈચ્છે નહિ,
મુજ અયોગ્યથી આ ઉચ્ચપદ ન વહાય જો...સુરેન્દ્રસૂરિ...૫

[૧]**અશોક સૂરિ રાજેન્દ્રસૂરિ** મુનિ,
તપસ્વી **વિશાલ-નેમ-હેમેન્દ્ર-જિનેન્દ્ર** જો,
**મનક- જયદેવસૂરિ યશોભદ્રસૂરિવરા,**
મુનિ યતીન્દ્ર-વિમલરત્ન સૂરીંદ જો...સુરેન્દ્ર...૬

**વિમલભદ્રસૂરિ-બલભદ્ર-ગૌતમ-પુન્યમુનિ,**
**કીર્તિ-પૂર્ણ-જય પિયુષ** મુનિવર જો,
**અનંત-નિર્મળ-નમ્ર-દેવર્ધિ** મુનિઓ- સૌ,
**ધર્મ-સુરેન્દ્ર-રાજેન્દ્ર** ગુરુ પરિવાર જો...સુરેન્દ્ર...૭

ગુરુ વિરહે (પૂરા) સમુદાય સંભાળતા,
આપ્યું સહુને અનુશાસન અદ્ભૂતજો,
યોગક્ષેમ કરે તત્ત્વકુશળ કુનેહથી,
'પદ્મ-પ્રિયશિશુ' તુજ ચરણે પ્રતિબુજઝ જો...સુરેન્દ્ર...૮


◆

૧. ૬-૭ કડીમાં આપેલા આચાર્યભગવંતો તથા મહાત્માઓ, પૂ. ધર્મ વિ.મ.સા. દાદાગુરૂ તેમજ સુરેન્દ્ર સૂરિ ગુરુ મ.સા. તથા રાજેન્દ્રસૂરિ મ. ગુરૂભાઈના પરિવારના મહાત્માઓના નામો છે.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




(૧) 'સુરેન્દ્ર' ગુરુ સ્વર્ગે સિધાવ્યા.
(૨) ગુરુ વિરહમાં ગણિ રામ તથા શિષ્યોનો વિલાપ.
(૩) તેત્રીશ વર્ષની વયે, બન્યા સમુદાયના સુકાની.

(વિક્રમ સંવત ૨૦૦૬ - કારતક વદ-૫)
ડહેલાના ઉપાશ્રયે - અમદાવાદ

www.jaintatvagyanshala.org

## દુહા

**(રાગ : પ્રણમું શ્રી)**

દેશોદેશ વિચર્યા, **રામ**ગણિવર રાય,
યોગવહન પૂર્વક બધા, આગમનો સ્વાધ્યાય...૧
શાસ્ત્રપૂત જીવન ઘડ્યું, આચારનિષ્ઠા શુદ્ધ,
યોગ્યતા દેખી દીયે, સૂરિપદ **રવિ** પ્રબુદ્ધ...૨

## ઢાળ - ૧૨

**(રાગ : સંયમ રંગે રંગ્યુ જીવન નાનો બાલ કુમાર)**
**(વિષય : ગણિ રામનો સૂરિપદાભિષેક)**

કુમારપાળની રાજધાની પાટણનગર સોહાય,
વંદો જિનશાસન શણગાર.
પંચાસરા પારસધામે, પદ મહોત્સવ ઉજવાય. વંદો જિનશાસન શણગાર...૧
વીશ વરસ **સુરેન્દ્ર** સાનિધ્યા, સતવીશ મુનિગુણ આરાધ્યા,
કચ્છ-રાજસ્થાન-સૌરાષ્ટ્રના, દેશદેશ બહુ યાત્રા કર્યા,
ઉગ્ર વિહારે મેવાડ-મારવાડ, ગુજરાતે વિચરીયા...વંદો...૨
અલ્પ સમયમાં સર્વશાસ્ત્રોના, ઉંડા રહસ્યો અવગાહ્યા,
ગુરુનિશ્રાએ રત્નત્રયીની, સાધનાના મહાયજ્ઞ ધખાયા,
દેશનામાં સ્યાદ્વાદ ઉતારી, (મિલાવી) મહાગીતારથ બનીયા...વંદો...૩
મહાદેવા **પાર્શ્વ** છત્રછાયામાં, ખેતરવસી શ્રીસંઘનિશ્રામાં,
સેંકડો શ્રમણ-શ્રમણી પધાર્યા, **રામ**ગણિવરના સૂરિપદમાં,
**રવિવિજયજી** વરદહસ્તે, **સૂરિપદ પ્રદાન** થાય...વંદો...૪
જિનાજ્ઞા પાલને પ્રમાદ ન લેશ, ભાવે દીપાવીયો મુનિ વેશ,
ઉત્તરોત્તર મુનિ-ગણિ પંન્યાસને, સૂરિપદનો હુઓ અભિષેક...
**સુરેન્દ્રસૂરિ** પાટે પટ્ટધર, **રામસૂરિ** સોહાય...વંદો...૫
હૃદયે સમતા સિદ્ધાંતનિષ્ઠા, સર્વોપરિ આચારનિષ્ઠા,
આ મહાપુરુષની આત્મધારા, નિરંતર વહે ભાવ કરૂણા,
''સવિજીવ કરૂં શાસન રસી'' ઈમ, શાસન રાગ અપાર...વંદો...૬



www.jaintatvagyanshala.org


卐સંવત સાત [1]માધવ સુદ ત્રીજ, બુધવારે પંન્યાસ પદ દીધ,
દો દિન બાદ શુક્લા પંચમી, સૂરિપદથી અલંકૃત કીધ,
તપગચ્છ ગગને પ્રચંડ પ્રતાપી, **રામસૂરીશ્વર** રાય વંદો...૭
વીશ વરસના અલ્પ પર્યાયે, સમુદાયના નાયક પદે છાજે,
તેત્રીશ વરસની યુવાવયે, શાસન કેરી ધૂરા સંભાળે,
મહાગીતારથ વિરલવિભૂતિ, **રામસૂરિ** ગુરુરાજ...વંદો...૮
સૂરિપદારુઢ સૂરિવર વિચરે, ગામોગામ [2]**રવિ**બંધુ સાથે,
આચાર્યપદની ગરિમા વધારે, છતાં બિરાજે નહિ કદિ પાટે,
વિનય કરે[3] પંન્યાસજી કેરો, લઘુ મુનિની સમાન...વંદો...૯
પ્રભુશાસન રખોપું કરતા, શાસનસેવા અદ્‌ભુત કરતા,
સમુદાય અનુશાસન કરતા, શાસનનો ધ્વજ [4]ખે લહેરાવતા,
પદ્મ-પ્રિય શિશુ 'રાજ' પભણે, **રામ**નામે જયકાર...વંદો...૧૦

◆

---

卐 વિક્રમસંવત ૨૦૦૭માં.
૧. વૈશાખ.
૨-૩. વડીલ ગુરુભાઈ રવિવિજય મ.સા.
૪. ગગને.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



(૧) પદ-પ્રતિષ્ઠાથી નિઃસ્પૃહ ગણિ રામનો સૂરિપદાભિષેક.

(૨) આચાર્ય પદની ગરિમા સંભાળે, છતાં બિરાજે નહિ કદી પાટે...

(વિક્રમ સંવત ૨૦૦૭ વૈશાખ સુદ પંચમી) (પાટણ - ખેતરવસી)

www.jaintatvagyanshala.org

## દુહા

(રાગ : પ્રણમું શ્રી અરિહંતને)

આંતરગુણ સમૃદ્ધિથી, ઝગમગે સૂરિ**રામ**,
સિદ્ધિ મળે સંકટ ટળે, મંત્ર જપે જસ નામ...૧
એકેકગુણ સંભારતા, પામે ન કોઈ પાર,
જાતિ રત્ન સમ ઓપતા, મહિમા અપરંપાર...૨

## ઢાળ - ૧૩

(રાગ : તે મુનિને કરું વંદનભાવે... જે ષટ્કાય વ્રત રાખે રે)

(વિષય : સૂરિ રામની આંતરગુણ સમૃદ્ધિ)

નમો નમો ગુરુ **રામ**ને વંદો, ભવ ભવ પાપ નિકંદો રે,
વંદન સૂરીશ્વરને ચરણે, રત્નત્રાયીનો કંદો રે...નમો...૧
બાહ્યાંતર ગુણગણની શુદ્ધિ, છે ગુરુ **રામ**ની ઋદ્ધિ રે,
સૂરિપદ લઈ વિચરતા **રામે**, પ્રાપ્ત કરી કેઈ સિદ્ધિ રે..નમો...૨
રસનેન્દ્રિયના મહાવિજેતા, નિર્વિકાર જસ નયણાં રે,
બ્રહ્મચર્યનું તેજ લલાટે, વાણીમાં તસ જયણા રે...નમો...૩
મન-વચ-કાય ગુપ્તિ-ઉત્કૃષ્ટા, અપ્રમત્ત સ્વાધ્યાયી રે,
શાસન સેવા અહનિશ કરતા, નિરભિમાન અમાયી રે..નમો...૪
ઝાઝેરા બહુમાન મળે પણ, અંતરથી અલગારી રે,
લેશ નહિ સંકલેશ કરે એ, ઉપશમ તસ અતિભારી રે...નમો...૫
હૃદયે કરૂણા દરિયો વહેતો, કંઠે સરસ્વતિ ક્યારા રે,
કરની વરદ નિહાળી મુદ્રા, કો સમકિત-વ્રતધારા રે...નમો...૬
જેના સાનિધ્યે ભવિજનના, વિકાર સહુ વિખરાતા રે,
આત્મશૌર્ય જસ નીરખી કંપે, કષાય ગણ મદ માતા રે...નમો...૭
સેવે સૂક્ષ્મ ચરણ આચારો, સતયુગના ઋષિ જેમ રે,
આણા રમતી રોમે રોમે, શાસન રક્ષક તેમ રે...નમો...૮
ધર્મવીર આ ગુરુવર કેરી, સદા કસોટી થાતી રે,
પરવા કીધી નહિ લગી રે, કઠણ હતી તસ છાતી રે...નમો...૯




www.jaintatvagyanshala.org

પરોપકારી નિરત સદાયે, કરૂણાના અવતારા રે,
શાસન કાર્યો કર્યા ઘણાયે, થાય ન તસ સરવાળા રે...નમો...૧૦
**રૂપવિજય** ડહેલાની પાટે, કોહીનૂર સમ ઝળક્યા રે,
વિપુલ શ્રમણ-શ્રમણી ગણ નેતા, અનુશાસન દ્રઢ કરીયા રે...નમો...૧૧
વર્તમાન જે ગચ્છનાયકો, તે ડહેલાની [1]શાખો રે,
**રૂપવિજય**ના ડહેલે વરતે, **સોહમ** ગણધર પાટ રે...નમો...૧૨
વૃદ્ધવયે ગુરુવર એકવેળા, વિમલાચલ સંચરીયા રે,
મન ઉલ્લાસ [2]છતાં નહિ શક્તિ, ન શકે ચડી પગથિયા રે...નમો...૧૩
પણ ગુરુવર છે દ્રઢ સંકલ્પી, યાત્રા ચડીને કરવા રે,
ઈચ્છાશક્તિ અદમ્ય હૃદયે, વરતે ભવજલ તરવા રે...નમો...૧૪
ક્ષીણ હતું જંઘાબળ તોયે, ચડીને કીધી યાત્રા રે,
'પદ્મ-પ્રિય શિશુ' 'રાજ' વધાવે, અજબ ગુરૂ ગુણ માત્રા રે...નમો...૧૫

◆

૧. વર્તમાનમાં તપગચ્છમાં જેટલા સમુદાયો છે પ્રાયઃ બધા રૂપવિજય મ.સા.ની શાખાઓ છે.
૨. પૂજ્યશ્રી વિ.સં. ૨૦૨૬ માં પધાર્યા ત્યાર પછી ૨૦૪૬માં શત્રુંજય પધાર્યા હતા. નાજુક સ્થિતિમાં પણ ચડીને દાદાની યાત્રા કરી હતી.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



સંકલ્પ કર્યો કે દાદાને ભેટવા, ચડીને કરવી છે યાત્રા રે
(વિક્રમ સંવત ૨૦૪૬, મહા વદ ૧૦) સિદ્ધગિરિ મહાતીર્થ

www.jaintatvagyanshala.org

## દુહા

(રાગ : પ્રણમું શ્રી)

જ્ઞાન-દર્શન-ચારિત્રના, ગુણો કિમ વર્ણવાય,
ગગને તારા ગણી શકું, તો ગુણ **રામ** ગણાય...૧
બાહ્ય ગુણો આલંબને, પામ્યા કેઈ નિસ્તાર,
ગુણમૂર્તિ ગુરૂ **રામ**ને, વંદન કોટિ હજાર...૨

## ઢાળ - ૧૪

**(રાગ : રૂડીને રઢિયાળી રે, વીર તારી દેશના રે)**

**(વિષય : સૂરિરામની બાહ્યગુણ ઋદ્ધિ)**

રૂડુંને રઢિયાળુ રે, જીવન સૂરિ **રામ**નું રે,
ગાતાં ગાતાં આતંમ શુદ્ધિ થાય, ગુરુવરના ગુણ કેમ ગવાય રે,
અખૂટગુણ નિધિ રે સૂરિજીને ધ્યાઈએ રે...૧
જ્ઞાનદશા હતી ઉત્કટ કોટિની રે,
સ્વાધ્યાય ગુણનું કરું વર્ણન, અપ્રમત્તગુણ ભર્યું જીવન રે
જ્ઞાનરસ મગ્ન રે...૨
નેવ્યાશી વરસની વય લગી રે,
જબ જબ પેખો તબ **ગુરુરામ**, પુસ્તક કરમાં મુખ સ્વાધ્યાય રે,
શ્રુતિના રસીયા સૂરિજીને...૩
નિરંતરપણે શ્લોક રટીયા કરે રે,
અનુપ્રેક્ષાથી-ઐદમ્પર્યાય, શાસ્ત્રસાગરે ડુબકી લગાય રે,
મહાશ્રુતોદધિ રે સૂરિજીને...૪
શાસ્ત્રસમુદ્ર રત્નો મેળવ્યા રે,
શ્રુતમાંહે ડુબકી લગાય, શ્રુતના તેજે ઝળહળ થાય રે,
શાસ્ત્રોદધિ રે સૂરિજીને...૫
શાસન સેવાલીન રહ્યા છતાં રે,
પ્રતિદિન એક સહસ્ર સજ્ઝાય, નહિ તો કરતા દૂધનો ત્યાગ રે,
સ્વાધ્યાયરસી રે સૂરિજીને...૬



www.jaintatvagyanshala.org

ઉંમર પંચ્યાસી થઈ ત્યાં લગે રે,
કંઠે રોજ કરે પણ શ્લોક, મુખે વરતે ગ્રંથો થોક રે,
જ્ઞાનદિવાકર રે સૂરિજીને...૭

અંત કાલ તક શિષ્ય ભણાવીયા રે,
છેદ ગ્રંથોનો અભ્યાસ, જગચ્ચંદ્ર કરતા ઉલ્લાસ રે,
વાચનાચારજ સૂરિજીને...૮

પૂર્વ મુનિ હસ્તે લખાયેલા રે,
શ્રુતગ્રંથો આયા હાથ, પરિશ્રમ કર્યો અથાગ રે,
શ્રુતરક્ષક રે સૂરિજીને...૯

[૧]પ્રાચીન ગ્રંથોનો સંગ્રહ કર્યો રે,
શ્રુતધન કેરી રક્ષા થાય, પૂર્વાચાર્યની મૂડી ગણાય રે,
શ્રુતવર્ધક રે સૂરિજીને...૧૦

સંગ્રહ પ્રાચીન હસ્તપ્રતો તણા રે,
સંશોધન કરતા શાસ્ત્રસાર, આશ્રિતો (શ્રમણ-શ્રમણી)ને શીખાય શાસ્ત્રોધ્ધાર રે,
શાસ્ત્ર સંશોધક રે સૂરિજીને...૧૧

[૨]પુસ્તક-પાનાં જ્યાં દેખે ઘણાં રે,
કરતા તાસ વ્યવસ્થા આપ, શીખવે આશ્રિતગણને તાત રે,
શ્રુત રક્ષક રે સૂરિજીને...૧૨

**સુરેન્દ્ર** (નામે) જ્ઞાન શાળા ઠામઠામે રે,
સ્થાપે ગુરુવર ગામોગામ, [૩]રાજનગરને સુરત ઠામ રે,
જ્ઞાનશાળા પ્રેરક રે સૂરિજીને...૧૩

દાદા **ધર્મ** વિજય પંન્યાસજી રે,
જાપ પોથી તસ આવી હાથ, જપતા રાખી નિત્ય સંગાથ રે,
જાપ પરાયણ સૂરિજીને ધ્યાઈએ રે...૧૪

---

૧. પ્રાચીન હસ્તપ્રતો અને તાડપત્રો માટે પૂજ્યશ્રીને અત્યંત રસ હતો, અને અંતસુધી તે જ્ઞાનને સાચવવા સંશોધન કરવા અથાગ પ્રયત્ન કર્યો.


૨. ધાનેરા - ઝવેરીપાર્ક સુરત-કૈલાશનગર. આદિ અનેક સ્થળે જ્ઞાનભંડોરો વ્યવસ્થિત તૈયાર કર્યા.

૩. અમદાવાદ, ઝવેરીવાડ, ઝવેરીપાર્ક, સાબરમતી, ધરણીધર, વાસણા અને સુરતમાં કૈલાશનગર આમ પાંચ પાઠશાળાઓના માર્ગદર્શક-પ્રેરક બન્યા.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




(૧) ૮૫ વર્ષની વય સુધી કંઠસ્થ કરતા શ્લોક...!
(૨) ઈર્યાસમિતિ પાળતા, વિહાર હોય કે વસતિ...!
(૩) મુહપત્તિ વિણ ન ઉચ્ચારે, ઉપયોગ કદી ન ચૂકે...!

www.jaintatvagyanshala.org

પૂર્વ ઋષિ - મુનિ રચિત - લિખિત પ્રાચીન હસ્તપ્રતો અને તાડપત્રો સ્વરૂપ શાસ્ત્રોદધિમાંથી મહાશ્રુત રત્નોનું અવગાહન કરતા સૂરિ રામ...



Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
www.jaintatvagyanshala.org

જિનવચ ધોધ દેશોદેશમાં રે,
જગજન-પડિબોહ્યા અનેક, પ્રરુપ્યો મુક્તિ માર્ગ વિવેક રે,
ધર્મ દેશક રે સૂરિજી ધ્યાઈએ રે...૧૫
પ્રવચન અંતમાં નિત ત્રિપદી રે,
[1]સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત, રત્નત્રયી પદ વદતા મિત રે,
દેશના દક્ષ રે, સૂરિજીને ધ્યાઈએ રે...૧૬
બ્રહ્મચર્યગુણે અનોખા ઓપતા રે,
રામનામે વિકારો વિખરાય, આભામાં તેજપૂંજ પસરાય રે,
બ્રહ્મશિરોમણિ સૂરિજીને ધ્યાઈએ રે...૧૭
પ્રાયશ્ચિત દીયા ઘોર પાપીને રે,
[2]શુદ્ધિ કરાઈ આત્મ નિસ્તાર, ગંભીર સાગરથી અગાહ રે,
ગાંભીર્યગુણી રે સૂરિજીને ધ્યાઈએ રે...૧૮
દ્રઢ કર્યા ઘડતર શ્રમણોં તણા રે,
હિતશિખ દીયા હરપળે આપ, એ તુજ આચાર શુદ્ધિ પ્રતાપ રે,
યોગક્ષેમદાતા રે સૂરિજીને...૧૯
ગમનાગમને સદા ઉપયોગતા રે,
વસતિ હોય કે વિહારમાંય, નીચા નયને જયણામય રે,
સમિતિપાલક રે સૂરિજીને ધ્યાઈએ રે...૨૦
મુંહે મુહપત્તિ વિણ ન ઉચ્ચરે રે,
પ્રહર પ્રવચન દીયા હોય, ઉપયોગ ખિણ ન ચૂકે તો ય રે,
ઉપયોગવંતા રે સૂરિજીને ધ્યાઈએ રે...૨૧
વ્યાખ્યાનમાંહે ચોમાસા સમે રે,
મુખે [3]મુહપત્તિ બાંધે સંત, શાસ્ત્ર પરંપરા રાખી અખંડ રે,
શાસ્ત્રહિમાયતી સૂરિવરને ધ્યાઈએ રે...૨૨
માંડલીમાંહે પડિકમણ કરે રે,
સ્વસ્થ હોય કે દેહ અસ્વસ્થ, કાઉસગ્ગ ધ્યાનમાં મસ્ત રે,
શુદ્ધ ક્રિયાવંત રે સૂરિજીને વંદીએ રે...૨૩

---

૧. વ્યાખ્યાનના અંતે પૂજ્યશ્રી આ પદો અવશ્ય ઉચ્ચારતા.

૨. પ્રાયશ્ચિત આપવામાં પૂજ્યશ્રી કડક હતા.

૩. ચોમાસામાં વ્યાખ્યાનમાં મુહપત્તિ બાંધવાની શાસ્ત્રપરંપરા પૂજ્યશ્રીએ અખંડપણે જાળવી હતી, ત્રણ કલાક બારસાસૂત્રમાં દર પોણો કલાકે મુહપત્તિ બદલી લેતા.



www.jaintatvagyanshala.org

અંતલગી અપ્રતિબદ્ધ વિચરે રે,

માઈલ સાર્ધ [1]લક્ષ વિહાર, ભક્ત આકર્ષણ કદિ ન લગાર રે,

નિઃસ્પૃહગુણી રે સૂરિજીને ધ્યાઈએ રે...૨૪

એક એક ગુણો આપના ગાવતાં રે,

આતમગુણો ઘટ પ્રગટાય, પ્રિયશિશુ 'રાજ'ને દ્યો સહાય રે,

અખૂટ ગુણી રે સૂરિજીને ધ્યાઈએ રે...૨૫

◆

૧. જીવનમાં પ્રાયઃ પચ્ચાશ હજાર માઈલ વિહાર કર્યો. જ્ઞાન ગંગામાં રમણ બન્યા રામ પ.પૂ.આ.શ્રી અભયદેવ સૂરિ મ.સા. લેખિત પુસ્તકમાંથી ઉધ્ધૃત.

## દુહા

**(રાગ : પ્રણમું શ્રી અરિહંતને)**

સુધર્માની પરંપરા, દીપાવે સૂરિરાય,
ડહેલા પાટે સૂરિઓ, મહાપ્રભાવક થાય. (૧)
**સત્ય** વિજય **રુપ**વિજયજી, **ધર્મ**વિજય પ્રખ્યાત,
**સુરેન્દ્રસૂરિ**ને તસ શિશુ, **રામ** કેરો અવદાત. (૨)

## ઢાળ-૧૫

**(રાગ :- માસક્ષમણને મુનિવર પારણેજી)**
**(વિષય :- ડહેલાની પાટે મહાન જ્યોતિર્ધર પટ્ટધરો)**

વીરપ્રભુએ શાસન સ્થાપીનેજી, ધૂરા સોંપી **સોહમ**સ્વામજી,
પાટ પરંપરા ચલાવતાજી, શાસનના સૂરિરાયજી.
સોહમ પાટે ચોસઠમા પટ્ટધરાજી. (૧)
**સત્યવિજય** ક્રિયોદ્ધારકાજી, તસશ્રેણે **રૂપવિજય** ખાસજી,
તે કાલે [૧]સંર્વમાન્ય સંત હતાજી, ડહેલા નામે વિખ્યાતજી.
સોહમ પાટે સીતેરમા પટ્ટધરાજી. (૨)
તસ આવલીમાં **ધર્મ પંન્યાસજી**, નંદીવર્ધન-ત્રિશલા વિલાપજી,
દિલડા ધ્રૂજંતા શ્રોતાતણાજી, ગણધરવાદે આત્મ જગાડજી,
સોહમ માટે પંચોતેરમા પટ્ટધરાજી. (૩)
તસ પટ્ટધર **સુરેન્દ્રસૂરિવરાજી**, સત્તારગામ [+]દુર્વ્યવહારજી,
કન્યા વિક્રયને હટાવીયાજી, સંઘ સંઘર્ષ મિટાયજી,
સોહમ પાટે છયોંતેરમા પટ્ટધરાજી. (૪)
તસ પાટે સોહે **રામસૂરિવરાજી**, મુનિસંઘમાં [૨]માન્ય થાયજી,
તપાગચ્છાધિરાજ સિંહાસનેજી, સોહે શ્રમણ સમુદાયેજી,
સોહમ પાટે સીત્યોતેરમા પટ્ટધરાજી. (૫)

---

૧. પૂ. સત્યવિ.મ.સા. પૂ. રૂપવિજય મ.સા. તે-તે સમયમાં શ્રમણસંઘમાં સર્વમાન્ય હતા.
૨. વિ.સં. ૨૦૪૪ના શ્રમણ સંમેલનથી માંડીને શાસન-સંઘના દરેક પ્રશ્નો પૂજયશ્રીની અધ્યક્ષતામાં ઉકેલાતા અને પૂ. રામસૂરિ મહારાજ જે કહે તે સર્વશ્રમણસંઘ માન્ય કરતો. તેથી પૂજયશ્રી પણ શ્રમણસંઘમાં સર્વમાન્ય બન્યા હતા.
+. સત્તર ગામ સમાજમાં કન્યાવિક્રય ચાલતો હતો.

ચારિત્ર ચુડામણિઓ થકીજી, ઉજળી યશસ્વી આ પાટજી,
+સંવત બે હજાર સાતથીજી, ડહેલા પાટે **રામ** સમ્રાટજી.
સોહમ પાટે...(૬)

પોણી શતાબ્દિ સંયમ પાળીનેજી, પ્રસારી શુદ્ધ સુવાસજી,
સાધિક સાર્ધશતાબ્દિ સૂરિપદેજી, (સત્તરપૈકી) [1]સત્તરમા સૂરિ**રામ**જી,
સોહમ...(૭)

આચારનિષ્ઠા-ક્રિયા ચૂસ્તતાજી, **રામ** નામે જગે ગવાયજી,
વડવિસામો શ્રમણ ગણમાંજી, તસ અધ્યક્ષે કાજ થાયજી.
સોહમ...(૮)

બેંતાલીશમાં પટ્ટક હુઓજી, સંઘમાં વિવાદસ્થાનજી,
પટ્ટક લાયા卐 શ્રાદ્ધો સૂરિ કનેજી, સ્વીકારો આપ મહાનજી.
સોહમ...(૯)

આંચ આવે (જે) શાસ્ત્ર પરંપરાજી, તે વાત મુને ન સંમતજી,
બહુલા પ્રયત્ને ન સ્વીકારીયોજી, શાસ્ત્રખુમારી હિંમતજી.
સોહમ...(૧૦)

પછી ચુમ્માલીશ સંમેલનેજી, મુખ્ય પદે સૂરિ**રામ**જી,
બહુલી એકતા તબ હુઈજી, તે સવિ રામ યશ કામજી.
સોહમ...(૧૧)

મત-મન-ગચ્છભેદ સહુ ભૂલીજી, **રામ** સમીપ સહુ આયજી,
માર્ગાનુસારી પ્રજ્ઞાધણીજી, નિર્વિવાદી, ગુણે ગવાયજી.
સોહમ...(૧૨)

લઘુમતી-સમેતશીખર તણાજી, વિધવિધ પ્રશ્નો આયજી,
મિલિ પદસ્થો પ્રશ્નો ઉકેલતાજી, [2]સો વદે તે સૌને માન્યજી.
સોહમ...(૧૩)

મૈત્રી વિસ્તારી મુનિ સંઘમાંજી, સૂરિ-મુનિ સ્નેહ મિલાવજી,
એક પાટે(સહુ) વ્યાખ્યાન કરેજી, તે સવિ **રામ**નો પ્રભાવજી.
સોહમ...(૧૪)

---

૧. સુધર્માસ્વામિની માટે ૫૦ વર્ષથી વધુ સૂરિપદે બિરાજમાન આચાર્ય ભગવંતોમાં પૂજ્યશ્રીનો ૧૭મો નંબર છે.

卐 સંઘ શ્રેષ્ઠિ શ્રેણિકભાઈ પંડિતવર્ય મફતભાઈ, દીપચંદભાઈ ગાડી આદિ આગેવાન શ્રાવકો થયેલ પટ્ટક ઉપર સહી કરાવવા પૂજ્યશ્રી પાસે આવેલ.

૨. પૂ. રામસૂરિ મ. +. વિક્રમ સંવત ૨૦૦૭.



www.jaintatvagyanshala.org




Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
www.jaintatvagyanshala.org

થયું, સંમેલન [1]ડહેલેજી, વળી[2] સોમેશ્વર ચોમાસજી,
સવિ સમુદાય એક માંડલીજી, કરે ગોચરી સૌ સાથજી.
સોહમ...(૧૫)

સુવિહિત જાણી સૂરિ ગણેજી, બિરદાયા તપગચ્છરાજજી,
અજોડ સુકાની શાસનેજી, લહરાયો શાસનધ્વજજી.
સોહમ...(૧૬)

બે હજાર છવ્વીશ સંવતેજી, પધારે ભાવનગર ધામજી,
નેમિં સમુદાયના ઉદયસૂરિજી, જસ આય અંતિમ કાલજી.
સોહમ...(૧૭)

તત્ર નહિ વર્તે પદધર કો સૂરિજી; અવસર નિઝામણ તાસજી,
નિઝામણા કરાવી ઉલ્લસીજી, દેઈ સમાધિ જ્ઞાનપ્રકાશજી.
સોહમ...(૧૮)

પ્રચંડ પુન્યના સ્વામી ગુરુજી, જસ જાપે પાપ ચૂરાયજી,
તપગચ્છ સિંહાસન સુનાજી, **રામ** વિણ કિમ પૂરાયજી.
સોહમ...(૧૯)

બતીસ તેતીસ દો સાલમાંજી, કલકત્તામાં ચોમાસજી,
શાસન-સંઘ કાર્ય કારણેજી, સ્થિરતા સત્તર માસજી.
સોહમ...(૨૦)

જિનવાણી ધોધ વહાવીઓજી, પ્રભાવિત બંગાળલોકજી,
શીખરજી સંઘ નીસર્યાજી, વોળાવા હજારો લોક થોકજી.
સોહમ...(૨૧)

સ્થાનકવાસી સમુદાયનાજી, જયંતિલાલ (મુનિ) મુખ્ય કહાયજી,
તે પણ વોળાવા દૂરે સુધીજી, ચો ફિર્કે મહિમા થાયજી.
સોહમ...(૨૨)

[3]અંતિમ ચોમાસા કૈલાસનગરેજી, બીજુ ગોપીપુરા થાયજી,
પ્રવેશ પત્રિકા વિણ ઉમટીજી, હજારો જન ઉલ્લસાયજી.
સોહમ...(૨૩)

---

૧. દોશીવાડાની પોળ-અમદાવાદમાં.
૨. અમદાવાદ-સેટેલાઈટ ઉપાશ્રયમાં.
૩. છેલ્લા બે ચાતુર્માસ સુરતમાં કર્યા, કૈલાસનગર અને ગોપીપુરા.



www.jaintatvagyanshala.org

લોકેષણા પ્રસિદ્ધિ થકીજી, **રામ** લાખો કોશ દૂરજી,
જીવનભર સ્વાધ્યાયમાંજી, તો પણ જગમશહૂરજી.
સોહમ...(૨૪)
વરસ નેવ્યાશીનું આયખુંજી, પાળી સ્વર્ગ મોઝારજી,
પદ્મ-પ્રિય 'શિશુ' પામશેજી, **રામ**થી કૈવલ્ય'રાજ'જી.
સોહમ...(૨૫)

◆

## દુહા

**(રાગ : પ્રણમું શ્રી)**

અર્ધ શતાબ્દિ સૂરિપદે, શાસનધૂરા વ્હાય,
સંશોધન કરતાં દીઠા, સત્તરમા સૂરિ રાય. (૧)
મોચ્છવ પ્રેરણા કબ નહિ, કરી જીવન ગુરુ **રામ**,
અર્ધશતાબ્દિ સૂરિપદે, કર્યો સંઘે મંડાણ. (૨)

## ઢાળ-૧૬

**(રાગ : કંકુ છાંટી કંકોતરી મોકલી)**
**(વિષય : સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવ)**

સોહમ પાટ સીત્યોતેર લગી, સાર્ધ[૧]શતાબ્દિ સૂરિપદે રહી,
એવા સત્તર સૂરિ...હુઆ વીર શાસનમાં...(૧) ધ્રુવપદ
છેલ્લી [૨]ચતુર્શતાબ્દિ કાલમાં, સૂરિરામચંદ્ર દુજા ગુરુરામ,
ચોપ્પન વર્ષ સ્વામ... હુઆ વીર શાસનમાં. (૨)
શ્રી સંઘો મિલિ વિનવે રામને, અર્ધશતાબ્દિ સૂરિપદ ઉજવાય,
શાસન મહિમાય... હુઆ વીર...(૩)
નિઃસ્પૃહ-નિરાડંબરી ઉચ્ચરે સૂરિ, મુજ નામે ઉજવણી ન થાય,
કીયો સ્પષ્ટ ઈન્કાર... હુઆ વીર...(૪)
દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ જોવતાં, તે વર્ષે પડ્યો અતિ દુષ્કાલ
મૂક જીવો [૩]દુષ્પ્રાણ... હુઆ વીર...(૫)
તપગચ્છ સંઘે મહોત્સવ માંડીયો, [૪]હઠીસીંગવાડી વડસ્થાન,
ધર્મ દાદા ધામ... હુઆ વીર...(૬)
કાળ નિર્બળ દેખી ગુરુવરે, પ્રેરીયા સૌને અનુકંપાદાન,
બઢાવી શાસન શાન... હુઆ વીર...(૭)
પીસ્તાલીશ આગમ લખાવીયાં, નિજ સાધુ-સાધ્વીના યોગદાન,
લખાયા સમ્યગ્જ્ઞાન... હુઆ વીર...(૮)

---

૧. ૫૦ વર્ષથી અધિક — ૨. ૪૦૦ વર્ષમાં.
૩. દુઃખે પ્રાણ ધારણ કરી શકતા અબોલ જીવોને ઘાસચારો અને પાણીની પણ અતિ તંગી હતી ત્યારે જીવદયાનું મોટું ફંડ થયું.
૪. અમદાવાદમાં.

આઠે દિન ✠પદસ્થોને મુનિઓ, પધારી કીયા ગુણગ્રામ,
આચારે પ્રધાન... હુઆ વીર...(૯)
ગામોગામ અને રાજનગરના, [૧]શ્રાદ્ધ-[૨]શ્રાદ્ધી-બાલુડા ન પારો,
હુઆ સામાયિક હજારો... હુઆ વીર...(૧૦)
ઈતિ રત્નત્રયીરુપ મોચ્છવે, સાદગીભરી શાસન શાન,
'રાજ' જપે **રામ** નામ. હુઆ વીર...(૧૧)

◆

✠ અર્ધશતાબ્દિ મહોત્સવ દરમ્યાન પ.પૂ.આ.ભ.શ્રી નિતિસૂરિ મ.ના સમુદાયના પૂ.ગ. શ્રી અરિહંત સિદ્ધસૂરિ મ.સા. પૂ. નેમિસૂરિ મ.ના સમુંદાયના પૂ.ગ. શ્રી દેવસૂરિ મ.સા. આ. હેમચન્દ્રસૂરિ મ.સા. પૂ.પ્રદ્યુમ્નસૂરિ મ.સા. પૂ.ગચ્છા.આ.ભ.શ્રી રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ના સમુદાયના પૂ.આ.શ્રી રત્નચંદ્રસૂરિ મ.સા. તેમજ જગચ્ચંદ્રસૂરિ મ. આદિ વિશાલ પરિવાર ઉપસ્થિત હતા. તથા પૂ.ગ.આ.શ્રી પ્રેમસૂરિ મ.સા.ના સમુદાયના પૂ.આ.શ્રી લબ્ધિસૂરિ મ.સા. મુનિ શ્રી શીલરત્ન વિ.મ.સા.પૂ.ગ.શ્રી ભુવનભાનુ સૂરિ મ.ના સમુદાયના પૂ.આ.શ્રી રત્નસુંદર સૂરિ મ.સા. પૂ.ગ.શ્રી વિક્રમસૂરિ મ.ના સમુદાયના પૂ.આ.શ્રી વારિષેણ સૂરિ મ.સા. તથા પૂ.ગ.શ્રી ભદ્રંકરસૂરિ મ.ના સમુદાયના પૂ.મુનિશ્રી નરરત્ન વિ.મ.સા. તથા ત્રિસ્તુતિક ગચ્છા. પૂ.આ.શ્રી જયંતસેન સૂરિ મ.સા. આદિ અનેક આચાર્ય ભ. પદસ્થો - મુનિ ભગવંતોની ઉપસ્થિતિ રહી હતી... તેમજ દરેક સમુદાયના સાધ્વીજી ભગવંતો વિશાલ સંખ્યામાં ઉપસ્થિત હતા.

૧. શ્રાવક.

૨. શ્રાવિકા.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




www.jaintatvagyanshala.org

## દુહા
(રાગ : પ્રણમું શ્રી)

શિષ્ય - પ્રશિષ્યાદિ વળી, શ્રમણી સવિ પરિવાર,
**રામ** હસ્તે દીક્ષા હુઈ, ધન ધન તસ અવતાર. (૧)
અનેક જીવો તારીયા, સંયમની કરી લ્હાણ,
ગ્રહણ - આસેવન શીખ દી, દીયા સમ્યગ્ નાણ. (૨)

## ઢાળ-૧૭
(રાગ : શ્રી સ્થૂલભદ્ર મુનિગણમાં શિરદાર જો)
(વિષય : સૂરિ રામની શિષ્ય-પ્રશિષ્ય સંપદા)

સંયમ સુકાની **રામ** અમ આધાર જો, દેઈ દીક્ષા શિષ્યોના તારણહાર જો,
**રામસૂરીશ્વર** શિષ્યતણી સંપદા સુણો જો...સંયમ (૧)
પ્રથમ શિષ્ય **ભુવનચંદ્ર** સૂરિ જો, બીજા **મહોદય** વિજય મુનિ જો,
**રોહિતવિજય** તપસ્વી **ભદ્રસેનસૂરિ** હુઆ જો... સંયમ (૨)
સેવાભાવી **વિનોદવિજય** મુનિ જો, **અમૃતવિજય**ને **શુભંકરમુનિ** જો,
આ સાત શિષ્ય ગુરુ હયાતિ સરગે ગયા જો... સંયમ (૩)
રાધનપુરના અતુલ બાળ બુઝીયા જો, **અભયદેવસૂરીશ્વર** બનીયા જો,
વિધવિધ શાસન પ્રભાવના કરી વિચરતા જો... સંયમ (૪)
કલકત્તાના જયેશ તુજ પદ શરણે જો, વીર-ગોયમ જોડી સમ ગવાયે જો,
**જગચ્ચંદ્રસૂરિ રામ** આદર્શે ચાલીયાજો...સંયમ (૫)
ભદ્રસ્વભાવી **હરિભદ્ર**ગણિવરજો, વૈયાવચ્ચી **વિજયચંદ્ર**મુણિંદજો
જીવદયાપ્રેમી **રાજચંદ્ર** નિરાલા હુઆ જો... સંયમ (૬)
પાલિતાણા વિરલ બાલ આયા જો, તેરવાડામાં **વિશ્વચંદ્ર** હુઆ જો,
આપ આશિષે વ્યાકરણ - ન્યાયમાં વિકસે જો... સંયમ (૭)
સમેતશીખર યાત્રાના લાભ લીધજો, વૃદ્ધવયે સંયમ લેઈ કાજ સિદ્ધ જો,
મુનિ **ચિદાનંદ** જ્ઞાન અનુભવમાં પૂરાજો... સંયમ (૮)
કુવાલાના પ્રજ્ઞેશ પંડિતવરા જો, લેઈ દીક્ષા ગુરુભક્તિમાં શૂરા જો,
શિઘ્ર નિર્ણયે **પ્રસન્નચંદ્ર** મુનિ બન્યા જો... સંયમ (૯)

રામગુણ સુણી સંદીપ આવે જો, દિક્ષા 'દિ' લોચ કરે **સુવ્રત** ભાવે જો,
નિજાનંદની મસ્તીમાં રહેતા સદા જો... સંયમ (૧૦)
સી.એ ભણતો કરવા આયો સેવા જો, શબ્દસંકેત આપ્યા સાથે રહેવા જો,
**વિનિતચન્દ્ર** મોરવાડા દીપાવતા જો... સંયમ (૧૧)
સાંકળા ગામના હસમુખભાઈ છેલ્લા જો, સપરિવારની પ્રથમ હુઈ દીક્ષા જો,
અંતિમ શિષ્ય મુનિ **હર્ષચન્દ્ર** થયા જો... સંયમ (૧૨)
શિષ્ય કેરી સંપદા અહીં તક વર્ણવી જો, **રામ** હાથે દીક્ષા જે પ્રશિષ્યની જો,
અંતે વર્ણવું **રામ** કેરો પરિવાર પૂરો જો... સંયમ (૧૩)
**મહાનંદ-જય-જય-હેમ-કુસુમ** જો, મહાતપસ્વી **સુદર્શનવિજય** જો,
આંબિલ તપ ઉત્કૃષ્ટ તાસ જીવનમાં જો... સંયમ (૧૪)
પાલડી ગામથી ભણવા રજની આય જો, મુંબઈનગરે **રત્નચંદ્રમુનિ** થાય જો,
સિદ્ધક્ષેત્રમાં સૂરિપદાલંકૃત કીયા જો... સંયમ (૧૫)
ધાનેરા નગરથી મહેન્દ્ર બાલ આય જો, મુંબઈમાં ગુપ્તદીક્ષા દેવાય જો,
**મોક્ષરત્નમુનિ** રત્નત્રયી આરાધતા જો... સંયમ (૧૬)
ભીલડી તીર્થે ધૂમધામ પ્રતિષ્ઠા જો, બાલ અમિતની સાથે હુઈ દીક્ષા જો,
**ઉદયરત્નમુનિ** કાવ્યો બનાવે નવ નવા જો... સંયમ (૧૭)
દીક્ષા મુહૂર્ત લેવા જીરાવલા જો, કલ્પેશ મુનિ **કલ્પજ્ઞે** કી ખૂબ સેવા જો,
છેલ્લે દિન પંન્યાસ પદાશિષ દીયા જો... સંયમ (૧૮)
પાલડીના હિતેશને દી દીક્ષા જો, **હિતરત્ન** મુનિએ લી હિતશિક્ષા જો,
જ્ઞાન-ધ્યાન-સંયમ યોગ આરાધતા જો... સંયમ (૧૯)
પ્રફુલ મુમુક્ષુ વસઈનગરથી આવે જો, યોગ્યજાણી **પૂર્ણચન્દ્ર** બનાવે જો,
ગુરુ સેવામાં રત્નત્રયી સાધતા જો... સંયમ (૨૦)
સિદ્ધક્ષેત્રમાં રાજુ બન્યા **રશ્મિરત્ન** જો, બાળ શશાંકની દીક્ષા ઉછરંગમાં જો,
બાલમુનિ **શીલચન્દ્ર** હુઆ સિદ્ધક્ષેત્રમાં જો... સંયમ (૨૧)
ચિરાગ બાળક આયો આપ શરણ જો, **ચંદ્રયશમુનિ** બન્યા ભાભરતીર્થ જો,
ગુરુ સેવામાં લીન બની રહે સદા જો... સંયમ (૨૨)
આપ પ્રભાવે વિશાલ બાલ આવે જો, માત-તાતને લઘુબંધુ પણ લાવે જો,
મુનિ **વિરાગચન્દ્ર** બને સંયમ શૂરા જો... સંયમ (૨૩)
આપ પાસે લેવા પ્રજ્ઞેશ શિક્ષા જો, ગાંધીનગરે થાયે તાસ દીક્ષા જો,
**પ્રકાશચન્દ્ર** મુનિ થયા સેવા રસી જો... સંયમ (૨૪)



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

સૂરિરામની શિષ્ય -પ્રશિષ્ય સંપદા... (વિક્રમસંવત ૨૦૬૦) (કૈલાશનગર સુરત)



www.jaintatvagyanshala.org

ાજ-જિનાંગ-રવિ-પ્રિયરત્નજો,     આગમ-હેમ-જિન-યોગરત્નજો,
**ચન્દ્રદર્શન** મુનિ લઘુવયે સંયમ લીયા જો... સંયમ (૨૫)
ાંદેર નગરે કૃતિકની બાલદીક્ષા જો, **કુમુદચન્દ્ર**ને સ્વાધ્યાયની દી શિક્ષા જો,
બાલમુનિઓ પર વાત્સલ્ય વર્તે ઘણું જો... સંયમ (૨૬)
આપનિશ્રાએ અંતિમ મુનિ બને જો, આપમુખે અંતિમ મહાવ્રત ઉચ્ચરે જો,
**જિનચન્દ્ર** થયા તુજ હસ્તે પ્રશિષ્ય છેલ્લા જો... સંયમ (૨૭)
[1]રાજયશ-દેવર્ષિ-દિવ્યરત્નજો,   નયજ્ઞ-ચક્ષુદર્શન-આત્મદર્શન  જો,
આપ કૃપાએ ઉન્નતિ સમુદાયની જો... સંયમ (૨૮)
ગુજરાત - (બનાસકાંઠા) સોરઠ - મેવાડ - રાજસ્થાનજો,
તીનશો આર્યાગણપે તુજ આણજો,
પદ્મ-પ્રિય શિશુ 'રાજ' સદા રામ શરણમાં જો... સંયમ (૨૯)

◆

૧. અહીંથી દીક્ષાઓ પૂજ્યશ્રીના કાળધર્મ પછી થયેલી.



www.jaintatvagyanshala.org

## દુહા

(રાગ : પ્રણમું શ્રી)

લીન રહી સ્વાધ્યાયમાં, ઘણા યશસ્વી કામ,
તસ અંશ ઈહાં વર્ણવ્યો, નિઃસ્પૃહ ગુણી **રામ.** (૧)
પ્રભાવક જબ જગ ન હુએ, તબ ક્રિયાવંત મહાન,
રત્નત્રયી અનુષ્ઠાનોમાં, બઢાવી શાસન શાન. (૨)

## ઢાળ-૧૮

(રાગ - **જિમ જિમ એ ગિરિ ભેટીયે રે**)

**(વિષય : સૂરિરામના શાસન પ્રભાવક કાર્યોની સુવર્ણ શૃંખલા)**

આઠ પ્રભાવક વિરહે રે, સુક્રિયાવંત મહાન, સૂરિરાજ,
શુદ્ધચારિત્રી નિશ્રાએ રે, સફળ તસ અનુષ્ઠાન, સૂરિરાજ...(૧)
જિમ **રામ**-કામ સમરીએ રે, તિમ પાપ-તાપ જાય સૂરિરાજ. (ધ્રુવપદ.)
જે ગામ-નગર પૂરથી રે, નીસરે સંઘ છ'રી', સૂરિરાજ,
આચારે સુપ્રભાવકા રે, વરતે **રામસૂરિ.** સૂરિરાજ... જિમ...(૨)
ઉપધાન સંઘ પઈઠ્ઠા રે, પામ્યા જસ નિશ્રાય, સૂરિરાજ,
આરાધક ભવિ જીવને રે, મોક્ષ ફળ તો સધાય. સૂરિરાજ... જિમ...(૩)
દુસહસ ગ્યાર વિક્રમે રે, વિઠોડામાં પ્રતિષ્ઠા, સૂરિરાજ,
વળી સિરોહી ગામમાં રે, બાવનચૈત્ય પઈઠ્ઠા. સૂરિરાજ... જિમ...(૪)
સાલ ચૌદે જાલોરમાં રે, હુઆ ભવ્ય ઉપધાન, સૂરિરાજ,
સોળે ઉદયપુર વળી રે, બરલુટ પ્રતિષ્ઠા પ્રાણ. સૂરિરાજ... જિમ...(૫)
સાલ સત્તર મંડારમાં રે, ઉપધાન તસ નિશ્રાય, સૂરિરાજ,
વળી સતાવીસ સાલમાં રે, પ્રતિષ્ઠા પણ ત્યાંય. સૂરિરાજ... જિમ...(૬)
**કંચનશ્રી**એ બુઝીયા રે, અતુલ મંડાર આય, સૂરિરાજ,
સંયમ સંખારી ગામે રે, [1]આનંદવિજય થાય. સૂરિરાજ... જિમ...(૭)
સૂરિપદ મુંબઈ દીયા રે, અજવાળ્યા જસ આત્મ, સૂરિરાજ,
ધાનેરા નગરે બહુલા રે, ઉપકાર આપ મહાત્મ. સૂરિરાજ... જિમ...(૮)


૧. પ.પૂ.આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા.નું દીક્ષાનામ હતું, પછી વડીદીક્ષામાં પૂ. અભયચન્દ્રમુનિ પડ્યું.



www.jaintatvagyanshala.org

# શાસન પ્રભાવક કાર્યોની સુવર્ણ શૃંખલા

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



પંચ કલ્યાણક વિધિ-વિધાન



સૂરિપદ પ્રદાન



છ'રી' પાલિત સંઘ



અંજનશલાકા વિધાન

www.jaintatvagyanshala.org

ઉપધાન-સંઘ ઉન્ચાલીશે રે, સતવીશે પ્રભુસ્થાપ[1], સૂરિરાજ,
એકાવને અજિત પ્રભુ રે, અંજન-પઈઠ્ઠા ઠાઠ. સૂરિરાજ... જિમ...(૯)
અજબાણી સંઘ બાવને રે, આબુ તીર્થ લઈ જાય, સૂરિરાજ,
અણાદરા હેઠે તુજને રે, હાર્ટનો હુમલો આય. સૂરિરાજ... જિમ...(૧૦)
બીજે દિન ગિરિ ચડ્યા રે, આદિનાથ ભેટાય, સૂરિરાજ,
વળી પ્રતિષ્ઠા કુવામાં રે, ચાણોદ ચક્રવાલ. સૂરિરાજ... જિમ...(૧૧)
[2]વીશે ઉપધાન થયા રે, રાજસ્થાન શિવગંજ, સૂરિરાજ,
[3]તેવીસે પાટણપુરમાં રે, પ્રતિષ્ઠા અંજન રંગ. સૂરિરાજ... જિમ...(૧૨)
[4]પચીશે અગાસી વળી રે, વિરારે મુનિસુવ્રત, સૂરિરાજ,
ગાદી નશીન કીયા પ્રભુ રે, દાદરે તે હિ સંવત. સૂરિરાજ... જિમ...(૧૩)
ભાયખલાથી ઉન્તીસે રે, સંઘ અગાસી લાય, સૂરિરાજ,
વળી ઈમ સંઘ છત્રીશે રે, ઉપધાન પણ દુવાર, સૂરિરાજ... જિમ...(૧૪)
કુવાલા ગુરુ જન્મભૂમિ રે, પઇઠ્ઠા-અંજન ઉમંગ, સૂરિરાજ,
વળી ઉપધાન તિમ સવિરે, તિન તિન વાર સુસંગ. સૂરિરાજ... જિમ...(૧૫)
એકવેલા કુવાલામાં રે, ફલેચુંદડી મેળા, સૂરિરાજ,
હેલીકોપ્ટર અફવા સુણી રે, ઉમટે જનનાં ટોળા. સૂરિરાજ... જિમ...(૧૬)
ખુટે જમણ માજન મુંઝે રે, આપ હાથે વાસક્ષેપ, સૂરિરાજ,
લબ્ધિચૂરણ સ્પર્શથી રે, આ મહાયોગી ઉલ્લેખ. સૂરિરાજ... જિમ...(૧૭)
કુવાલાથી મીઠા લગે રે, જિમ્યા લોક અપાર, સૂરિરાજ,
તિન તિન દફા જિમે સહુરે, તો ય ન ખૂટે લગાર. સૂરિરાજ... જિમ...(૧૮)
બાંદ્રાનગર ત્રીશમાં રે, પઈઠ્ઠા-અંજન મહંત, સૂરિરાજ,
આગ લાગી જબ મંડપે રે, ઓઘો દાબે શાંત. સૂરિરાજ... જિમ...(૧૯)
સપરિવાર બત્રીશમાં રે, સમેતશીખર જાય, સૂરિરાજ,
માર્ગે આવી વાવડી રે, નાંખી નજર તે માંય. સૂરિરાજ... જિમ...(૨૦)
ચૂકે પગ ઈજા ઘુંટણે રે, તબસે ડોળી વિહાર, સૂરિરાજ,
શક્યે ડોળી ટાળતા રે, જયણાના પરિણામ. સૂરિરાજ... જિમ...(૨૧)

---

૧. પ્રતિષ્ઠા.
૨-૩-૪. વિક્રમ સંવત ૨૦૨૦-૨૦૨૩-૨૦૨૫ છે.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

[1]આકોલા [2]સતના બત્રીશે રે, પ્રતિષ્ઠાને ઉપધાન. સૂરિરાજ,
કલકત્તાથી સમેતગિરિ રે, જિન નિરવાણ ધામ. સૂરિરાજ... જિમ...(૨૨)
ચોમાસામાંહે હુઆ રે, કલકત્તા ઉપધાન, સૂરિરાજ,
ઉપધાન કીયા નિકટે રે, આયો જયેશ બાલ. સૂરિરાજ... જિમ...(૨૩)
દીક્ષા મુંબઈ નગરમાં રે, **જગચ્ચંદ્ર** મુનિ સાર, સૂરિરાજ,
સૂરિપદાર્પણ સિદ્ધગિરિ રે, તુમ સમ કૃપાધાર. સૂરિરાજ... જિમ...(૨૪)
કુબડથલ ભૂમિ જન્મની રે, પ્રતિષ્ઠા ધૂમધામ, સૂરિરાજ,
શિશુ ધરા નિસ્તારજો રે, પ્રગટે પુનઃ **રામ**. સૂરિરાજ... જિમ...(૨૫)
સડતીસે સંઘ શેરીસા રે, નીસરે રાજનગરથી, સૂરિરાજ,
તે સાલે દુજો શેરીસા રે, નીસરે અડાલજથી. સૂરિરાજ... જિમ...(૨૬)
સડતીસે પંચભાઈની રે, પોળે વીર પઈટ્ઠા, સૂરિરાજ,
અડતીસે પાલડી ગામે રે, આપ હાથે પ્રતિષ્ઠા. સૂરિરાજ... જિમ...(૨૭)
તે સાલે મોરવાડામાં રે, પ્રતિષ્ઠાદિ ઉપકાર, સૂરિરાજ,
ઘણા મુમુક્ષુ બુઝીયા રે, અમચો તુંહિ આધાર. સૂરિરાજ... જિમ...(૨૮)
વાલકેસર બેંતાલીશે રે, થાપે રાયણ પાદુકા, સૂરિરાજ,
પદ-દીક્ષા સંઘો વળી રે, કરી બહુ પ્રતિષ્ઠા. સૂરિરાજ... જિમ...(૨૯)
ભાયંદર રામસેણમાં રે, ભીલડી ગોતા પઈટ્ઠા, સૂરિરાજ,
**અભયદેવ** શિશુ પ્રેરણા રે, પ્રતિષ્ઠા આપ નિશ્રા. સૂરિરાજ... જિમ...(૩૦)
છેતાલીસે સંઘ છ'રી' રે, વારાહિથી ભીલડીયે, સૂરિરાજ,
બાદરમલ પરિવારનો રે, ધન્ય જન્મ તાસ હુયે. સૂરિરાજ... જિમ...(૩૧)
સુડતાલીશે સિદ્ધાચલે રે, હુઆ મહા અભિષેક, સૂરિરાજ,
રજની-શાંતિ ઝવેરીઓ રે, આયોજન મહોલ્લેખ. સૂરિરાજ... જિમ...(૩૨)
છત્રીશ સૂરિ નિશ્રામાં રે, **રામસૂરિ** શિરમોર, સૂરિરાજ,
મહોચ્છવ પ્રભાવક હુઓ રે, સિદ્ધગિરિ ઝાંકઝોર. સૂરિરાજ... જિમ...(૩૩)
દિયોદરથી નીસર્યો રે, આપ નિશ્રાએ સંઘ, સૂરિરાજ,
નટવરલાલ પરિવારનો રે, શંખેસર જાય ઉમંગ. સૂરિરાજ... જિમ...(૩૪)

૧-૨. મહારાષ્ટ્ર.



www.jaintatvagyanshala.org

દીક્ષા-પ્રતિષ્ઠાદિ કીયા રે, ઝાઝેરા ઉપકાર, સૂરિરાજ,
યોગવહન એકાવને રે, હુઆ તારણહાર. સૂરિરાજ... જિમ...(૩૫)

ઉપધાન ઝોટા વારાહીના રે, આપ નિશ્રા પાય, સૂરિરાજ,
મોતીલાલ પરિવારનો રે, ભદ્રેશ્વર સંઘ જાય. સૂરિરાજ... જિમ...(૩૬)

દેહે અસ્વસ્થતા હુઈ રે, ન મિલિ આપ નિશ્રાય, સૂરિરાજ,
અધુરી મન યાત્રા રહી રે, વંદના કરી હજાર, સૂરિરાજ... જિમ...(૩૭)

[૧]અરવિંદસૂરિ ગચ્છનો રે, વાવથી સિદ્ધગિરિ, સૂરિરાજ,
સંઘ ત્રિભુવન દોશીનો રે, વિનંતિ કરે ભૂરિભૂરિ. સૂરિરાજ... જિમ...(૩૮)

પ્રભુ ભેટે વરસો હુઆ રે, યાત્રાના અતિ ભાવ, સૂરિરાજ,
મહાગીતાર્થ નિશ્રાએ રે, સંઘને હરખ ન માય. સૂરિરાજ... જિમ...(૩૯)

સાલ સત્તાવન માઘમાં રે, જન્મભૂમિમાં આય, સૂરિરાજ,
સપરિવાર પધારીયા રે, રૂડા મહોત્સવ થાય. સૂરિરાજ... જિમ...(૪૦)

વાચના યોગ્ય જાણીને રે, આજ્ઞા દી ગુરુ**રામ**, સૂરિરાજ,
**જગચ્ચંદ્ર** શિષ્યે વાચના રે, પ્રથમ કુબડથલ ધામ. સૂરિરાજ... જિમ...(૪૧)

પચપને માલવાડામાં રે, પ્રતિષ્ઠા-અંજન ભવ્ય, સૂરિરાજ,
શાંતિગાંધી પરિવારને, છેલ્લું સંઘ સાનિધ્ય. સૂરિરાજ... જિમ...(૪૨)

ભાભરથી ઋણી નિસરે રે, તતઃ ગાંધીનગરે, સૂરિરાજ,
સેક્ટર તિન પ્રધારીયા રે, પ્રતિષ્ઠાને દીક્ષાર્થે. સૂરિરાજ... જિમ...(૪૩)

તિહાંથી સુરત આવીયા રે, ચોમાસું અમ નાથ. સૂરિરાજ,
છેલ્લી પ્રાણ પ્રતિષ્ઠા રે, સોમેસર આપહાથ. સૂરિરાજ... જિમ...(૪૪)

સુરત વર્ષાવાસમાં રે, મંત્રો વાસક્ષેપ, સૂરિરાજ,
અનુભવ્યા અમી છાંટણાં રે, મહાયોગી સંકેત. સૂરિરાજ... જિમ...(૪૫)

---

૧. ૐકારસૂરિ મ.નો સમુદાય

આ ઢાળમાં પૂજ્યશ્રીની નિશ્રામાં જે જે શ્રાવકોએ અનુષ્ઠાન કરાવ્યા હોય તેનું નામ-ગામ-અટક વિ. મળ્યું તેનું લખ્યું છે. પૂર્વની ખબર ન હોવાથી ઘણું ઘણું રહી જવા પામ્યું હશે તો ક્ષમા કરશો.

વિ.સં. ઘણા અનુષ્ઠાનોમાં પણ રહી ગયા હશે ખ્યાલ હતો તેટલું લેવાયું છે. બાકી કોઈનું ન લેવું તેવો ઈરાદો નથી. અનુષ્ઠાનો વિ. 'જ્ઞાનગંગામાં રમણ બન્યા રામ' પુસ્તકમાંથી લીધું છે.



www.jaintatvagyanshala.org

વીશમાસ સ્થિરતામાંહે રે, દશ દિક્ષાઓ સાર, સૂરિરાજ,
દેહ છોડ્યો સુરતમાં રે, વિસ્તર્યો મહિમા અપાર. સૂરિરાજ... જિમ...(૪૬)

મહાપ્રભાવક **રામ**ના રે, કાર્યો નહિ ગણાય, સૂરિરાજ,
ત્રણસો અધિક મુમુક્ષુને રે, રજોહરણે નિસ્તાર. સૂરિરાજ... જિમ...(૪૭)

ઉપકારો કિમ વર્ણવું રે, અગણિત શાસનકામ, સૂરિરાજ,
પદ્મ-પ્રિય 'શિશુ' વંદના રે, **રામ** છે જગ સ્વામ. સૂરિરાજ... જિમ...(૪૮)

◆

## દુહા
### (રાગ : પ્રણમું શ્રી)

ગુર્જર દેશમાંહે વળી, રાજસ્થાન સૌરાષ્ટ્ર,
રાજનગર મેવાડને, બંગાળ મહારાષ્ટ્ર...૧
ચોમાસા પંચોતેરા, ચાર દાદાગુરુ પાસ,
સુરેન્દ્રગુરુસહ વીશહુઆ, બાર રવિભ્રાત સાથ...૨
ઈમ વરસ બત્રીશના, સંયમ પર્યાય ઠાણ,
વિચર્યા વડીલ નિશ્રયા, અનુભવ પ્રૌઢ વિજ્ઞાન...૩

## ઢાળ-૧૯
### (રાગ : આંખ મારી ઉઘડે ત્યાં સિદ્ધાચલ દેખું)
### (વિષય : સૂરિરામના પંચોતેર ચોમાસા)

ચાતુર્માસ કરી ચરણ ધર્યા સૂરિરામ.
ધન્ય શ્રાવક-ગામ-નગર બન્યા તીર્થધામ...
નાલંદાપાડામાં વીરે ચૌદ ચોમાસ,
[1]રૂપવિજય ગાદીએ તિમ ચૌદ રામ...ચાતુ...૧
પ્રથમ ચોમાસું[2]પ્રગુરુ સાધના ભુમિ,
卐પંદર, સડતીસે, પણ પાટણપુરી,
પાંચ ચોમાસા હુઆ સિદ્ધગિરિ ધામ,
અઠાસી એકાણું સત્તાણું અઠાણું સાલ...ચાતુ...૨
[3]નવ્વાણું યાત્રા કરી એકાણું સાલે,
સિદ્ધગિરિમાં છેલ્લું ચોપ્પન સાલે,
મહાજની પરિવારે ઉપધાન ચોમાસા,
સૂરિપદવી-દીક્ષાના લીયા યશ લ્હાવા...ચાતુ...૩

---

૧. રાજનગર-અમદાવાદ ડહેલાના ઉપાશ્રયે.
૨. દાદાગુરૂ ધર્મવિજય મહારાજે પાટણમાં વધુ સાધના કરી છે.
卐 ૨૦૧૫ સાલ અને ૨૦૩૭ની સાલ.
૩. પૂજ્ય ગુરૂદેવે ઓગણીશસો એકાણુંની સાલમાં નવ્વાણુયાત્રા કરી. ત્યારબાદ ૭૩ વર્ષ પછી પૂજ્યશ્રીના સમુદાયમાં પૂ.આ.શ્રી જગચ્ચંદ્રસૂરિ મ.સા. આદિ ૧૭ મહાત્માઓએ વિ.સં. ૨૦૬૪ની સાલમાં નવ્વાણું તેમજ ચોવિહાર છઠ્ઠ સહ સાત યાત્રા કરેલ. જેનો ઉલ્લેખ આ પુસ્તિકાના પ્રારંભમાં છે.

બાવીશી પરિવારે લુણાવા ભુવને
ચોમાસું-ઉપધાન થયા **રામ** સાનિધ્યે
તિહાંથી નીસર્યા [૧]ગિરનાર યાત્રાર્થે,
પાછા વળ્યા હસ્તગિરિથી બાલ દીક્ષાર્થે...ચાતુ...૪
સિદ્ધગિરિ આઈ કીધી શશાંકની દીક્ષા,
મનમાંહે રહી નેમિ-ગિરનાર યાત્રા,
[૨]ઝવેરીપાર્કમાંહે તીન ચોમાસ,
[૩]વાડીભાઈ પરીવારની સેવા ખાસ...ચાતુ...૫
છ ચોમાસા કુવાળા ગુરુ જન્મભૂમિ
તીર્થસમ બન્યાં જિનાલય ગુરુમંદિર
અંજન-પ્રતિષ્ઠા ગણિ-પંન્યાસ પદ દીક્ષા,
કુવાળા સંઘના **રામ** એક તારણહારા...ચાતું...૬.
અઠાવને અણચિંત્યુ ચોમાસું કુવાલા,
અવર્ણનીય હુઆ શાસન કેરા લ્હાવા
જાણે દીયા સંકેત **સુરેન્દ્ર** (ગુરુ) રખવાલા,
હવે નહિ આવે ફરી **રામ** કુવાલા...ચાતુ...૭
શિલ્પ [૪]કુશળ દીર્ઘ દૃષ્ટા ગુરુવર **રામે**
દોષદીઠે ઉતરાયું (ગુરુ) મંદિર આમૂલ પાયે,
છ માસમાં કીધી ફરી અંજન પ્રતિષ્ઠા,
**રામ**વચને ઓચિંતી પાંચ હુઈ દીક્ષા...ચાતુ...૮
[૫]સતાશી [૬]બાણું [૭]તાણું [૮]ચોરાણું ડીસા
જાવાલ-પાડીવ-ક્રમે દેલંદર ચોમાસા,

---

૧. ગિરનારની યાત્રાની અત્યંત ભાવના હતી જેથી ચોપ્પન સાલનું પાલિતાણાનું ચોમાસું પૂર્ણ થતાં ગિરનાર જવા નીકળ્યા ત્યાંથી એક બાલ મુનિની દીક્ષા માટે પાલિતાણા પાછા પધાર્યા - પછી ગિરનાર યાત્રા ન થઈ શકી - ઘણા વર્ષો પૂર્વે કરેલી હતી.

૨. રાજનગર-અમદાવાદ.

૩. પૂજ્યશ્રીનો સંસારી પરિવાર અને સંઘે સારી સેવા કરી.

૪. વીશ વરસપૂર્વે બનેલું ગુરૂમંદિર ધરતીકંપમાં અંદરથી પોલું થઈ ગયેલ, બહાર કોઈને ખ્યાલ ન આવે, પૂજ્યશ્રીએ સંઘને કહ્યું... સંઘે માન્ય કરી આમૂલ ગુરૂમંદિર ઉતરાયું, ત્યારે દેરાસર ઉતરાવતાં રંગમંડપ શીખરથી છૂટો પડી ગયેલ જોવા મળ્યો. પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના હાથે થઈ.

૫-૬-૭-૮. આ બધી ચોમાસાની સાલો છે.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




(૧) સુનંદાશ્રીજીને કરાવે નિર્યામણા પુત્ર સૂરિ રામ...!
(૨) જન્મદાત્રીને દીયા સમાધિદાન.
(વિક્રમ સંવત ૨૦૨૮ સાલ) રાજામહેતાની પોળ, અમદાવાદ.

www.jaintatvagyanshala.org

[1]નવ્વાણું જામનગરે ગણિપદ ચોમાસ,
બે હજાર એકે ખંભાત ચઉમાસ...ચાતુ...૯
સાત-આઠ-નવ-દશ સાલે મહેસાણા,
ચાણસ્મા સિરોહી જાવાલ ઈમ ક્રમસારા,
ગ્યાર-તેરથી યાવત્ સોલ શામળાપોળ,
ચાણસ્મા સિરોહી-સાદડી-ઉદેપૂર...ચાતુ...૧૦
સત્તાર-ઉન્નીશ-વીસ-એકવીશ-મંડાર,
સાબરમતિ-શિવગંજ તખતગઢ ગામ,
તેવીસ-અડતીસ ધાનેરામાં બે વાર,
પ્રતિષ્ઠા-અંજન વળી બહુલા ઉપકાર...ચાતુ...૧૧
ડહેલાના ઉપાશ્રયે અઠ્ઠવીસ સાલ,
રાજામેતાપોળે સુનંદાશ્રી ગુરુમાત,
**રામસૂરિ** ગુરુ પુત્ર ચોમાસું બિરાજતા,
અંતકાલ આયા જન્મદાત્રી ગુરુમાતના...ચાતુ...૧૨
પંચ્યાશી વર્ષનો જીવન પર્યાય,
બેંતાલીશ વર્ષ દીર્ઘ સંયમ પર્યાય,
નિર્યામણા કરાવે પુત્ર **સૂરિરામ**
ઉપકારો વાળ્યાં દેઈ સમાધિના દાન...ચાતુ...૧૩
**સુનંદાશ્રી** પુત્ર (સૂરિ) પે અતિનેહે ભરીયા,
જન્મદાત્રીના ઋણ અંત લગી ચૂકવીયા,
**હેમચન્દ્રસૂરિ** પાહિની સમ મા-પુત્ર પનુતા,
સમાધિ લેઈ માતા સ્વર્ગે સિધાવતા...ચાતુ...૧૪
•ચોવીશ-•ઉનતીસ-•પાંત્રીશ મુંબઈ [2]ગોડીધામ,
પચીશ ત્રીશ [3]માટૂંગા ક્રમે [4]ગોરેગાંવ,
તિહાંથી સમેતશીખર યાત્રાર્થે જાય,
બિચમે 卐આકોલા એકત્રીશે વર્ષાવાસ...ચાતુ...૧૫

---

૧. આ બધી ચોમાસાની સાલો છે.

● આ નિશાનીમાં જે આંક છે તે વિક્રમસંવત ૨૦૨૪-૨૯-૩૫-૩૨-૩૩ સાલ સમજવી.

૨-૩-૪. મુંબઈ.

卐 મહારાષ્ટ્ર.

•બત્તીશ-•તેત્રીશે કલકત્તા ચોમાસે,
જયેશ બુઝવી ત્યાંથી શીખરજી સંઘે,
પાછા વળ્યા •ચોત્રીશ [1]નાગપુર શહર,
છત્રીશ [2]આદેશ્વર ચાલીસે [3]દાદર...ચાતુ...૧૬
એકતાલીશે [4]શાન્તાક્રુઝ, બેતાલીશ, [5]વાલકેસર,
ઈમ નવ ચોમાસા મુંબઈનગર,
ઉનચાલીશ ચુમાલીસ ઉનપચાસે,
[6]આંબાવાડી [7]જૈનનગર [8]શાન્તિનગરે...ચાતુ...૧૭
છેતાલીશે નવસારી એકાવન સાલ,
દીયોદર સંઘમાં બહુલા ઉપકાર,
છપ્પનસાલે ગાંધીનગરે ચોમાસ,
મહેતા પરિવાર ભક્તિ ઉલ્લાસ...ચાતુ...૧૮
(રાજનગર) [9]સોમેશ્વર ચોમાસું સાલ સત્તાવન,
પછી કરાયા સમુદાય યોગવહન,
તેપન્ન સાલે ચોમાસુ ૠડહેલે,
રાજનગર સવિ જિનાલયો સ્પર્શે...ચાતુ...૧૯
ઓગણસાઠ ચોમાસું [10]કૈલાશનગર,
અંતિમ ચોમાસું [11]ૐકારસૂરિભવન,
અંતિમ ચોમાસા સુરત જયકાર
પદ્મ પ્રિય શિશુ વદે 'રાજ' જગદાધાર...ચાતુ...૨૦

◆

---

● આ નિશાનીમાં જે આંક છે તે વિક્રમસંવત ૨૦૩૨-૩૩-૩૪ સાલ સમજવી.
૧. મહારાષ્ટ્ર.
૨-૩-૪-૫. મુંબઈ.
૬-૭-૮-૯-ૠ. અમદાવાદ-રાજનગર.
૧૦-૧૧. સુરત.

## દુહા
### (રાગ : પ્રણમું શ્રી)

અનેક વ્યાધિ ત્રાટક્યાં, સેવ્યા ન કો' અપવાદ,
આચારમાંહિ અડગતા, પૂર્વઋષિની આવે યાદ. (૧)
દેહમાં વર્તે વેદના, ગુરુદેવ દેહાતીત,
આતમ-દેહ ભેદથી, સમતા-સમાધિ લીધ. (૨)

## ઢાળ-૨૦
### (રાગ : કરી સમતાના પાન, વરીયા શિવ સોપાન)
### (વિષય : રોગ-ઉપસર્ગો અને સમાધિ સિદ્ધ રામ)

જબથી સંયમ લીયા, કર્મ વ્યાધિએ ઘેર્યા,
શૂરવીર ! રોગ પરિષહ સમભાવે સહીયા (૧) ધ્રુવપદ
જિમ વીરે દીક્ષાના દિવસથી, સહ્યા ઉપસર્ગો કેવલ લગી,
નિકાચિત કર્મથિતિ, ભોગવે વિણ ન ગતિ,
મહાસંત ! રોગ પરિષહ...(૨)
ગુરુવરે દીક્ષા લીધી ઉદય આયાં, દર્દો સહી કર્મો ખપાયા,
જ્ઞાનદશાને જગવી, લંહી સમાધિ આગવી,
મહાજ્ઞાની ! રોગ પરિષહ...(૩)
અશાતાના કર્મે રોગ આયા, વીર્યોલ્લાસે કરમો કાપ્યા,
પણ કદી ન હાર્યા, કર્મોના ચૂરા કર્યા,
પરાક્રમી ! રોગ પરિષહને...(૪)
નાગપુર ચોમાસે બિમારી, ચિકિત્સકો કહે (ઈહાં) ન કો ઉપચારી,
શિઘ્રપ્લેનમાં લે જાઓ, **"દોષે [1]મને ન અભડાવો"**
મક્કમધારી ! રોગ પરિષહ...(૫)
[2]નાગપુરમાં પર્વાધિરાજ, મસ્તકે અતિપીડા વર્તાય
શ્રાવકોના આગ્રહ, હોસ્પિટલમાં દાખલ,
સમતાનિધિ ! રોગ પરિષહ (૬)

---

૧. પૂજ્ય ગુરૂદેવના આ વચનો છે. ગુરૂદેવે દીક્ષાથી આજીવન દેહની અતિ અસ્વસ્થ સ્થિતિમાં પણ કોઈ વાહનનો ઉપયોગ સુધ્ધાં કર્યો નથી. વ્હીલચેર પણ ક્યારેય વાપરી નથી.
૨. મહારાષ્ટ્ર.

બારસા સુણાયું ખુદે તિહાં, પાયા અચરિજ ચિકિત્સકને સઘળા,
સાલ [1]અઠાવન લગી, બારસા સૂત્ર સુણાવી,
સંઘનાયક ! રોગ પરિષહ...(૭)

રાજનગર ચઉમાસ હોતાં, પ્રબળ પીડા માત્રાની થાતાં,
ચિકિત્સકોના નિદાન, ઓપરેશન ઉપાય,
સહનશીલ ! રોગ પરિષહ...(૮)

ડૉક્ટર કહે રખો ઓઘો બહાર, સૂરિ કહે મમ પ્રાણ આધાર,
ઓપરેશન વિણ નીસરે, ડૉક્ટરો ચરણે પડે,
સત્ત્વધારી ! રોગ પરિષહ...(૯)

હાર્ટનો હુમલો [2]ઈસરવા ગામે, મધ્યરાત્રિએ આયો ભારે,
ચિકિત્સકો ગાડી સૂચવે, ગુરુ સ્પષ્ટ ના કહે,
વિરતિવંત ! રોગ પરિષહ...(૧૦)

[3]ઝવેરીપાર્કમાં ઉષ્ણપરિષહ, દાઝયા જળથી હાથોને પૃષ્ઠ,
ગજસુકુમાલ યાદ કરે, ચિત્તમાં સમતા ધરે,
સમતા સાધક ! રોગ પરિષહ...(૧૧)

શ્રાવક વીંઝણે માખી ઉડાડે, પૂજ્ય વાયુની હિંસા બતાડે,
શરીરની પીડા સહે, મૈત્રી જીવો પર વહે,
કરૂણાધારી ! રોગ પરિષહ...(૧૨)

આયા અનેક ભયંકર રોગ, જબ જુઓ તબ સજઝાય યોગ,
**"સ્વાધ્યાય [4]મારો આરામ"** વારવાર કહે ગુરુ **રામ**,
સ્વાધ્યાય યોગી ! રોગ પરિષહ...(૧૩)

પીડા વધી કમ્મરે કુવાલા, તૂરત રીપોર્ટ ડૉક્ટરે કહ્યા,
સગવડ મિલે નહિ, **"દોષ[5]સેવું જ નહિ"**
મહાગીતાર્થ ! રોગ પરિષહ...(૧૪)

---

૧. વિ.સં. ૨૦૫૮ સુધી સંવત્સરીએ પૂજ્ય ગુરૂદેવે બારસા સૂત્ર શ્રીસંઘને સંભળાવ્યું. છેલ્લુ કુવાળામાં.


૨. બનાસકાંઠામાં.

૩. અમદાવાદ.

૪. પૂજ્યશ્રીના વચનો છે.

૫. ગુરૂદેવની આચારચૂસ્તતા અજબગજબની હતી.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



**શરીર દાહ પ્રસંગે**

**ઉષ્ણ પરિષહ સહે, મૈત્રી જીવો પર વહે,...!**

**(ઈ.સં. ૧૯૯૭ વિક્રમ સંવત ૨૦૫૩ ચૈત્ર વદ ૧૦)**

**ઝવેરી પાર્ક [illegible] અમદાવાદ.**

www.jaintatvagyanshala.org

卐કહે ગાડીમાં મશીન લાવી, બંધ ગાડીમાંહે બેસી,
સૂરિજી માને નહિ, અસહ્ય દરદ સહી,
દૃઢધારી ! રોગ પરિષહ...(૧૫)
એક જ સ્થાને[૧] સોળ ઓપરેશન, સહન કરીઆ ભવસિંધુ શોષક,
વ્હીલચેરે કદી ન બેસ્યા, અપવાદ પણ છંડ્યા,
કર્મશોધક ! રોગ પરિષહ...(૧૬)
અંત સમયે જીવલેણ વ્યાધિ, તો યે ક્ષણ ક્ષણે સમરસ સાધી,
સમતા સંદેશ દીયા, આંતરશત્રુ હણીયા,
અતિધીર ! રોગ પરિષહ...(૧૭)
રાતે જલ કેરો અતિશોષ, [૨]પાનની જડ લે.તો સંતોષ, (રાહત)
અણાહારી ઔષધ ન લે, અપવાદ ન સેવે,
ષટ્કાય રક્ષક ! રોગ પરિષહ...(૧૮)
વીર ઝઝૂમે કર્મ સંગ્રામે, મહા સમતાએ વ્યાધિ જીતે,
ઉત્કૃષ્ટ સંયમધારી, દેહ મમતા ટાળી,
મહાશૂર ! રોગ પરિષહ...(૧૯)
જિમબાણ છૂટે રોગ રીપુના, તિમ 'સમતેજ' તિક્ષ્ણ આ શૂરના,
ભયભીત થઈને ભાગ્યા, અંતે કર્મો થાક્યા,
+યુદ્ધવીર ! રોગ પરિષહ...(૨૦)
આવા સમાધિ સાધક **રામ**, કરતાં સ્મરણ કર્મોના ઘાણ,
પદ્મ-પ્રિય શિશુ 'રાજ', વંદે સમાધિ શિરતાજ,
સમતા સાધક ! રોગ પરિષહ...(૨૧)

◆

---

卐 ચિકિત્સકો અને શ્રાવકો.
૧. પ્રોસ્ટેડની તકલીફના કારણે.
૨. રાત્રે અણાહારી-ઔષધ પણ લીધું નથી.
+ કર્મયુદ્ધમાં શૂરવીર.



www.jaintatvagyanshala.org

## દુહા

(રાગ : પ્રણમું શ્રી)

ચોમાસું સુરતમાંહે, પધાર્યા પ્રથમવાર,
અંતિમ ચોમાસા તેહિ, વર્ત્યો જયજયકાર. (૧)
દીક્ષા-પ્રતિષ્ઠા-વાચના, શતાબ્દિ આદિનાથ,
જ્ઞાનશાળા ખુલાવીયા, તે સઘળો વૃત્તાંત. (૨)

## ઢાળ-૨૧

**(રાગ - ચઉમાસી પારણું આવે)**


**(વિષય : જીવન સંધ્યાના બે વર્ષો)**

રાજનગરથી નીસરીયા, છેલ્લી યાત્રા સુરત કરીયા,
વિચે વિષમ વ્યાધિ સહીયા, મહા સમતારસ ભરીયા રે,
ગુરુ**રામ**ની શાસનયાત્રા, સમરતાં કૂટે ભંવયાત્રા રે,
ગુરુ રામની (ધ્રુવપદ)...(૧)
કરી ગાંધીનગરે પ્રતિષ્ઠા, [૧]'બાલમુનિ-શ્રમણી' દીક્ષા,
ત્યાંથી માતરધામે આવતા, હુઈ કમ્મરે ભીમ અશાતા રે, ગુરુ રામની...(૨)
ચિકિત્સકો કરે ઉપચાર, પણ ન હુઆ કોઈ સુધાર,
સંઘો રાજનગરના આય, પાછા ફિરો તારણહાર રે, ગુરુ રામની...(૩)
[૨]હસમુખભાઈ નિયમ લીયા, વિહારે રહી સેવા કીયા,
કુમારપાલ યાદ દઈયા, ગુરુ રામ હૃદયે વસીયા રે, ગુરુ રામની...(૪)
તતઃ સુમેરુ તીર્થ આવે, દોશી પરિવાર વંદન જાવે,
સાથે ઉર્વીશ આપ સેવાર્થે, ધામધૂમે [૩]શિષ્ય થાવે રે, ગુરુ રામની...(૫)
વિચે સુરતના સંઘ આવે, ગુરુ પધારે આનંદ છાયે,
કતારગામ નગર પ્રવેશે, સુરતમાં ઉમંગ ન માયે રે, ગુરુ રામની...(૬)
આયા ચોમાસું ગુરુ **રામ**, [૪]કૈલાશનગર બન્યુ ધામ,
કરે મહાજની શાસન કામ, રાખી ન કો વાતે ખામ રે, ગુરુ રામની...(૭)

---

૧. દીયોદરના પ્રજ્ઞેશ અને બહેનની દીક્ષા થઈ.
૨. (મહાજની. ધાનેરાવાળા)
૩. કતારગામ પૂ. વિનિતચંદ્ર મ.સા.
૪. સુરત.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



અંતિમવાચના...

(વિ.સં. ૨૦૬૦ પોષ સુદ-૧૫)

ગોપીપુરા-ૐકારસૂરિ-આરાધનાભવન-સુરત

www.jaintatvagyanshala.org

તિહાં ચોમાસું પૂર્ણ થાય, આગામી વિનંતિ આય,
ૐકાર સંઘે જય બોલાય, [1]ઝોટા-સધાણીના લ્હાવ રે, ગુરુ રામની...(૮)
卐મુનિ-સાધ્વીને કૈલાસનગરે, ગુરુ અંતિમ યોગ વહાવે,
તતઃ દીક્ષા બે કતારગામે, ત્યાંથી રાંદેર દીક્ષા થાવે રે, ગુરુ રામની...(૯)
પછી આવે અઠવાલાઈન્સે, [2]આદિનાથ શતાબ્દિ ઉમંગે,
ત્યાંથી શિબિર હતી [3]ઉમ્મસે, પંચોતેરમા દિક્ષા'દિ' રંગે રે, ગુરુ રામની...(૧૦)
અઠવાલાઈન્સ પાછા ફરીયા, સેંકડો વરસીતપના પારણા,
ચોપ્પનમા સૂરિપદ વધામણા, વિધ વિધ ઓચ્છવ મંડાણા રે, ગુરુ રામની...(૧૧)
ચાતુર્માસં પ્રવેશ ધામધૂમ, અષાડ વદ નોમ રોગ નિદાન,
મહા વ્યાધિ ગળામાં થાય, સહજ સમતામાં રમે **રામ** રે, ગુરુ રામની...(૧૨)
સાધુ-સાધ્વીને (અંતિમ) વાચના દીયે, પોષ સુદ પુનમ ન ભૂલીયે,
[4]પ્રાણપ્રતિષ્ઠા સોમેશ્વર થાયે, ચાર દીક્ષાર્થીને ઓઘો દીયે રે, ગુરુ રામની...(૧૩)
ફરી કૈલાશનગરે આય, ન જાણ્યું અંતિમ દિન આય,
અંતિમ જન્મ'દિ' ઉજવાય, **રવિ**નામે જ્ઞાનશાળા થાય રે, ગુરુ રામની...(૧૪)
દૂર દૂરથી [5]પદસ્થો પધારે, અંતિમ હિતશિક્ષાર્થે આવે,
સૌને શાસનચિંતા દર્શાવે, સૌના યોગક્ષેમ કરે ભાવે રે, ગુરુ રામની...(૧૫)
મહા સુદ ચોથની રાતે, નિજ શ્રમણો હિતશિક્ષાર્થે,
દેઈ વાચના સંયમ શુધ્ધ્યર્થે, જિત થાવે **રામ** 'રાજે' રે, ગુરુ રામની...(૧૬)

◆

---

૧. શાન્તાબેન ચંદુલાલ ઝોટા અને રીખુબેન ઠાકરસીભાઈ સધાણી પરિવારે લાભ લીધેલ.

卐 ઉત્તરાધ્યયનાદિના યોગ સાધુ-સાધ્વીજીઓને કરાવ્યા હતા.

૨. ૧૦૦ વર્ષની સાલગિરી

૩. સુરત પ્રથમશિબિર ત્યાં કરાવી.

૪. પ.પૂ. અભયદેવ સૂરિ મ.સા.ની પ્રેરણાથી થયેલ

૫. પૂજ્યશ્રીના અંતિમકાલમાં શાસનના ઘણા પદસ્થો - મુનિ ભગવંતો દૂર દૂરથી ગામ-નગરોથી પધાર્યા હતા, છેલ્લે સર્વને યોગ્ય યોગ્ય હિતશિક્ષા આપી હતી. અને આચારશુદ્ધિ માટે ઘણું યોગક્ષેમ કર્યુ હતું.



www.jaintatvagyanshala.org

## દુહા

**(રાગ : પ્રણમું શ્રી)**

અંતિમ સમાધિ વર્ણવી, અંતિમ અહોરાત,
અંતિમ પદો જે ઉચ્ચર્યા, અંત ક્ષણોની વાત. (૧)

## ઢાળ-૨૨

**(રાગ - તુમ દરિશન ભલે પાયો ઋષભજિન...)**
**(વિષય : સૂરિ રામની અંતિમ સમાધિ)**

વર્ણન કરૂં ગુરુ **રામ** સમાધિનું, વર્ણન કરૂં ગુરુ રામ,
તાપી તટે બન્યું ધામ, સમાધિનું...વર્ણન... (ધ્રુવપદ)
ઉત્તમ સમાધિ લક્ષણો કેવા, નિહાળ્યા અંતિમ શ્વાસ,
સૂણતાં સૌને અચરિજ હોશે, અપૂર્વભાવ સમાધ...સમાધિનું...(૧)
ફાગણ વદી આઠમ સવેરે, દો લઘુ મુનિ મહારાજ,
વરસીતપ પચ્ચક્ખાણ યાચે, તબ કથે પૂજ્યપાદ્. સમાધિનું...(૨)
**"તપીયો[1] જપીયોને ગપીયો", "કદી ન ભણે જ્ઞાન,"**
**"લઘુવય છે [2]શાસ્ત્ર ભણવામાં, પરિણતિ જ્ઞાન પ્રધાન."** સમાધિનું...(૩)
**જગચ્ચંદ્ર** નિઝામણા કરાવે, રાતનો દુજો પહોર,
વ્યાધિ-વેદના અતિ જોર પકડે, સમતા તો કળા-સોળ. સમાધિનું...(૪)
હૃદયમાં વ્યથા મુંઝવતી રે, શાસન એકતા થાય,
એહ વિચારોમાં અંતિમ રાતે, દેહદર્દ ન વરતાય. સમાધિનું...(૫)
ગુરુવર કથે **જગચ્ચંદ્રસૂરિ**ને, અધુરીં રહી મુજ આશ,
**"શાસન[3]ઐક્ય ન કરી શક્યો"**, છેલ્લા સંઘહિત શ્વાસ. સમાધિનું...(૬)
નિંદ ન આવે અંતિમ રાતે, જપે અધ્યાત્મસાર,
પૂછી રહ્યા **જગચ્ચંદ્રસૂરિ**, ભગવન્ ! શું કરો વિચાર. સમાધિનું...(૭)
ઉત્તર દીયે સમાધિસ્થ સૂરિ, વિચારૂં 卐સમતાધિકાર,
**"હે જીવ ![4] બહુ દુઃખ દીધુ જીવોને, અબ તું સમતા ધાર."** સમાધિનું...(૮)

---

૧-૨-૩-૪. અંતિમ દિવસ અને રાતના પૂજ્યશ્રીના સ્વમુખે ઉચ્ચરાયેલા પદો છે.
卐 અધ્યાત્મ કલ્પદ્રુમના સમતાધિકારનો સ્વાધ્યાય અનુપ્રેક્ષા-દોહન કરતા હતા.
આ ઢાળમાં પૂજ્યશ્રીના અંતિમ બે દિવસનું વર્ણન છે.




www.jaintatvagyanshala.org

## અંતિમ રાતે, સૂરિ જગતની સાથે...

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala


## અધૂરી શાસન એકતાનો અફસોસ દાખે...







અંતિમસમયે કાનમાં નવકાર મંત્ર
સુણે ગુરૂ રામ





અંતિમવાચના

સ્વર્ગવાસ દિન વિક્રમ સંવત ૨૦૬૧
ફાગણ વદ-૯ સાંજે ૫-૩ મિનિટે
કૈલાશનગર (સુરત)
ઈ.સં. તા - ૩/૪/૨૦૦૫

www.jaintatvagyanshala.org

શ્રમણો કહે. ચિકિત્સક આવે, જેથી રાહત થાય,
સમાધિસ્થ ગુરૂ મુખે ઉચ્ચરે, **"અતિજીર્ણ[૧]વસ્ત્ર ન સંધાય."** સમાધિનું...(૯)
ફોન કરી ડોક્ટર બોલાવીએ, મુનિ વદે અનુપયોગ,
**卐"કરીએ ન હિ કરાવીએ કહો"**, હરપળ સંયમ ઉપયોગ. સમાધિનું...(૧૦)
જિમ જિમ કરૂં સમાધિ વર્ણન, તિમ તિમ સમરસ પાય,
**રામ** સમાધિ મૃત્યુ સમરતાં, સમતા ગુણ પ્રગટાય. સમાધિનું...(૧૧)
કેન્સર ગાંઠ અન્નનળીપે, ચારે ઓર ફેલાય,
કફ ભરાયો આકંઠ યાવત્, અતિ વેદના વરતાય. સમાધિનું...(૧૨)
નિર્ણય લિયો ઓપરેશન કાજ, સૂરિ કરે ઈન્કાર,
**"સમાધિ વિણ[૨] અબ વાત ન કરશો"** વદે યોગી અવતાર. સમાધિનું...(૧૩)
**કલ્પજ્ઞ** કરાવે નિઝામણા, સીમંધર પ્રભુયાત્રા,
સ્વયંપ્રભનું સ્વયંપ્રભુ બોલે, 'ઉ'ની ભૂલ નિકાલતા. સમાધિનું...(૧૪)
ખરક વૈદ્ય જબ કાઢે ખીલા, વીરને પડે ચીસ,
ચિકિત્સકે જબ કાઢ્યા કફ, વેદના તબ અતિદિશ. સમાધિનું...(૧૫)
ઉપસર્ગ સહ્યો અંતિમદિને, સમાધિ લી વરભાવ,
ધબકાર ધબકે હૃદયે જિનનો, સમ શીખરે ચડાણ. સમાધિનું...(૧૬)
ડહેલા કુવાલા મોરવાડા, ઝવેરીપાર્ક સુરત,
વારાહિ આદિ શ્રી સંઘો, અંતિમ ટાણે હાજર. સમાધિનું...(૧૭)
વંદન કર્યા અંતિમદિને, તબ દીયો સંકેત,
અનુવંદનાં કીધી [+]મુજને, કેમ ભૂલું તાત હેત. સમાધિનું...(૧૮)
જનપ્રવાહ લાખો ગમે, અંતિમ દર્શને આય,
[૩]જાણે લૈ રહ્યા યોગી સમાધિ, માઈલો તક લટાર. સમાધિનું...(૧૯)
અંતલગી આંખે અમી, વરસે તારણહાર,
લાખો જનને દર્શન દીયા, સમકિતના દાતાર. સમાધિનું...(૨૦)
મધ્યાહ્ને સૌ નિજ આશ્રિતો, ધ્યાનમાં થયા લીન,
નવકારમંત્ર ધૂન મચી રહી, ગુરુ સ્વમાં તલ્લીન. સમાધિનું...(૨૧)

---

૧-卐-૨. અંતિમ દિવસ અને રાતના પૂજ્યશ્રીના સ્વમુખે ઉચ્ચરાયેલા પદો છે.

૩. પૂજ્યશ્રીના કાળધર્મ પૂર્વે ચાર કલાકથી હજારો મેદની ઉમટી હતી. બધાંને બેઠાં બેઠાં દર્શન આપ્યા હતા.

+. અંતિમ દિવસે અમને સવારે ૯ વાગે વંદન કર્યા બાદ અનુવંદના કરી હતી.



www.jaintatvagyanshala.org

**અભયદેવ જગચ્ચંદ્ર** વળી, શિષ્ય-પ્રશિષ્ય વિશાલ,
નિઝામણા કરાવે અંતિમ, સહ શ્રમણી પરિવાર. સમાધિનું...(૨૨)
ચાર વાગે ★ચિકિત્સકો આવે, અચરિજ પામી જાય,
ઈસી સમાધિ આ વેદનામાં, ન વિણ યોગી અવતાર. સમાધિનું...(૨૩)
કહે ચિકિત્સકો સવા ચારે, ગુરૂને છે સુખશાત,
બુઝતો દીપ તેજ વધારે, ન જાણ્યું થશે અંધાર. સમાધિનું...(૨૪)
પડિલેહણ ચાર ચાલીશે, કરતા શુદ્ધ ઉપયોગ,
અ...હો...કા...યં...વંદનામાં, શુક્લભાવ મનોયોગ. સમાધિનું...(૨૫)
સુણાવે નવકાર કર્ણમાં રે, **જગચ્ચંદ્રસૂરિ** રાય,
અંતિમ ક્ષણ લગી દેઈ સમાધિ, ગુરુ ઋણ ચૂકવાય. સમાધિનું...(૨૬)
ફાગણ વદી નોમ રવિની, ઢળી સંધ્યા ગોઝાર,
[1]બેઠા બેઠા પાંચ ત્રણે, અંતિમ આંખડી ઢાળ, સમાધિનું...(૨૭)
ધ્યાન મુદ્રા ખૂલ્લા નેણલા, પ્રભુ શરણે હુઆ લીન,
ધીરેથી શ્વાસ ગયો બેસી, ગચ્છ બને છત્રહીન. સમાધિનું...(૨૮)
નયન દ્વારેથી આત્મ પ્રદેશો, ઉડી ગયા મમ સ્વામ,
**"રામ-જગત"**ની અજબ જોડી, તોડી ગયા ક્યાં **રામ**. સમાધિનું...(૨૯)
આવા મૃત્યું મહોત્સવમાં, લીધી વિદેહ વાટ,
મહાવિભૂતિ ભસ્મે ભળી પણ, અમર રહી યશોગાથ. સમાધિનું...(૩૦)
**રામ** સમાધિ સામે રાખી, વર્ણન કરૂં આ કાજ,
તુમ સમ સમાધિ યાચું સ્વામી ! દીજે પ્રિય શિશુ 'રાજ'. સમાધિનું...(૩૧)

◆

---

★.અંતિમ સમયે ડો. જયેશભાઈ, ડો. આર. સી. શાહ, ડો. ઉપેન્દ્રભાઈ શાહ, ડો. સંજયભાઈ, આ ચારે ડોક્ટર સારવારમાં હાજર રહ્યા હતા.

૧. વિ.સં. ૨૦૬૧-ફા.વદ-૯ રવિવાર સાંજે ૫-૩ મિનિટે તા. ૩-૪-૨૦૦૫ બેઠા બેઠા કાળધર્મ પામ્યા હતા.

## દુહા

શાસનગગને સૂર્ય આજ, અસ્ત થતાં અંધકાર,
હાહાકાર ભારતભૂમિ, ચારેકોર સુનકાર...૧
રામવિણ અયોધ્યા સુની, તિમ તપગચ્છ **રામ** વિણ,
યુગપુરુષ ગુરૂ **રામની** ખોટ સાલે ખીણખીણ...૨

## ઢાળ-૨૩

**(રાગ - બાલુડો નિસનેહી થઈ ગયો રે)**
**(વિષય : સૂરિરામનો ઐતિહાસિક મૃત્યુ મહોત્સવ)**

શાસનદીપક બુઝાઈ ગયો રે, છાયો ઘોર અંધાર (૨),
શિષ્યો અને તપાગચ્છમાં, વરતે હાહાકાર...(૨)
ભારત સંઘ આજ રડી રહ્યો, (ધ્રુવપદ)
શાસન સ્થંભ તૂટી જાય...(૨)...ભારત...(૧)
ધરતી ધ્રુજીને આભ તુટીયું રે, હૈયે વજ્ર આઘાત...(૨)
વીજ વેગે [1]વાવડ પહોંચીયા, ચારેકોર એકવાત...(૨)...ભારત...(૨)
**અભયદેવસૂરિ** સુના બન્યા રે, **જગચ્ચંદ્ર** આંસુધાર, (૨)
શિરછત્ર તૂટી પડયું, કોનો લેશું આધાર...(૨) ભારત...(૩)
શિષ્યો-પ્રશિષ્યો ઝૂર રહ્યા રે, આર્યાઓ રડે ચોંધાર...(૨)
ગુરુમૈયાં વિણ ટળવળે, કરે વિલાપ અપાર...(૨) ભારત...(૪)
ગામ-નગર ખૂણે ખૂણેથી રે, લાખો લોકો ઉભરાય,
ખોટ પડી જિનશાસને, ગુરૂદેવની વિદાય...(૨) ભારત...(૫)
ભારતમાં એક સાથે બંને રે, સૂર્ય સાંજે અસ્ત થાય, (૨)
**રામસૂર્ય** પુનરપિ ન ઉગ્યો, છાયે શાસને અંધાર...(૨) ભારત...(૬)
મૃત્યુ મહોત્સવ હુઓ અજબનો રે, વીર નિર્વાણની યાદ, (૨)
જયજયકાર થયો શાસને, **રામ**નામે ચાર ચાંદ...(૨) ભારત...(૭)
તપગચ્છરાય પ્રભાવવંતી રે, ઋદ્ધિ ભોગવી જનાર, (૨)
આવો મહોત્સવ (મૃત્યુ) 'કો'દિ ન બન્યો, દેશ પાખી પળાય...(૨) ભારત...(૮)

૧. સમાચારો.



www.jaintatvagyanshala.org

પ્રભુ આણામય જીવન જીવી રે, મ્હેંકે સંયમ સુવાસ, (૨)
સુવર્ણપૃષ્ઠે અંકિત હુઓ રે, ભવ્ય **રામ**નો ઈતિહાસ...(૨) ભારત...(૯)
દેહ છોડ્યો જિણ સમયમાં રે, બન્યું એહવું અદ્‌ભુત, (૨)
મૃતદેહ પે તેજ ચમકતું, જાણે [૧]દેવનું સ્વરૂપ...(૨) ભારત...(૧૦)
તે દિન તે ઘડી તે ક્ષણો રે, અવર્ણનીય કહાય, (૨)
જાણ્યો-માણ્યો માહોલ જિણે, શબ્દમાં ન સમાય...(૨) ભારત...(૧૧)
સૂણતાં દર્શને ઉમટ્યો રે, જન મહેરામણ અમાપ, (૨)
રાતના [૨]અંત પહોર લગી, ગગને ગાજે **રામ** નામ...(૨) ભારત...(૧૨)
બાળવૃદ્ધ શિષ્યો પ્રશિષ્યો રે, દિલ ન રહે હાથ, (૨)
**રત્નચંદ્રસૂરિ** વિહાર કરી, અંતિમ દર્શને આય...(૨) ભારત...(૧૩)
અગ્નિ સંસ્કાર ઉછામણી રે, કોટિ નાણા બોલાય, (૨)
卐ભણશાલીએ લ્હાવા લઈ, લખમી પાવન કરાય....(૨) ભારત...(૧૪)
દૂર દૂરથી ભક્તો આવ્યા રે, સંપત્તિ મોહ ઉતાર, (૨)
તુચ્છ સંપત્તિ 'ગુરુ માં' વિણ, ગુરુચરણે ધરાય...(૨) ભારત...(૧૫)
પાલખી દીપે નવશીખરની રે, દેહ ગુરુનો[૩] પધરાય, (૨)
જયનંદા જય જય ભદ્દા, ગાજંતે સૂર રેલાય...(૨) ભારત...(૧૬)
સંવત બે હજાર એકસઠેરે, વદી દશમ સોમવાર, (૨)
યાત્રા અંતિમ કૈલાશનગરથી, મધ્યાહ્ને 'વાગ્યા'તા બાર...(૨) ભારત...(૧૭)
તાપ તપે ધમધખતો રે [૪]ખૂલ્લા પગે નરનાર, (૨)
વિઘન ન આયું કોઈસ્યું, દાઝે પગ ન લગાર...(૨) ભારત...(૧૮)
અંતિમયાત્રામાં આ સૂરિનો રે, દીઠો પ્રબળ પ્રભાવ, (૨)
પુન્ય પ્રભાવે લાખો હૃદયના, બન્યા **રામ** પુનિત ધામ...(૨) ભારત...(૧૯)
જૈન જૈનેતરો દર્શને રે, અંતિમ યાત્રાએ જોડાય, (૨)
ફરી પૂરા સુરતે પાલખી, ચાર વાગે[૫]પાલ આય...(૨) ભારત...(૨૦)

---

૧. કાળધર્મ પામતાં જ રૂપધર્મ ખીલી ઉઠ્યું હતું.
૨. સાંજે ૫-૩ મિનિટે દેહ છોડ્યો ત્યારથી પરોઢે ૪ વાગ્યા સુધી લાખો લોકો પૂજ્યશ્રીના મૃતદેહના દર્શન કરવા આવ્યા હતા. સ્ત્રી-પુરૂષોની બે કિ.મિ. સુધીની લાઈન હતી.
卐 હાડેચાના શ્રાવક.
૩. કુવાળાના ભક્તવર્ગે પાલખીમાં પધરાવ્યા હતા.
૪. હજારો મેદની પાલખીયાત્રામાં જોડાઈ હતી. હજારો ખુલ્લા પગે ચાલ્યા હતા, મુસ્લિમ વિ. જૈનેતરોએ પણ પાલખી યાત્રામાં જોડાયેલાઓને માટે પાલ રાખ્યા હતા જૈનેતરો પણ ગુરૂદેવથી પ્રભાવિત થયા હતા અને પ્રભુ ઘેર પધાર્યા હોય તેમ પાલખીને વધાવતા હતા.
૫. પૂજ્યશ્રીના સમાધિસ્થળે




Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

www.jaintatvagyanshala.org

ઈન્દ્રજોવા જાણે આવ્યા રે, અપૂરવ આ મહોત્સવ, (૨)
અંતિમયાત્રા અદ્ભૂતતા, મહાયોગી વિણ ન હોય...(૨) ભારત...(૨૧)
ધ્રુજતા હસ્તે રડતા દિલડે રે, ચંદન ચિતા રચાય, (૨)
અશ્રુઉભરાય ચારે કોરા, ગુરુ પાલખી મૂકાય...(૨) ભારત...(૨૨)
ચંદન ચિતાએ બળે દેહડી રે, રડે લાખો જોનાર, (૨)
ધૂપ જિમ ફેલાવીયા, સુહવાસ ગુરુ**રામ**...(૨) ભારત...(૨૩)
અગ્નિ સંસ્કાર સાંજે થયો રે, કોઈને ધૂમ ન દેખાય, (૨)
લાલ-પીળી કેશરી જ્યોતે, ક્ષણમાં દેહ વિલાય...(૨) ભારત...(૨૪)
નશ્વર દેહ ગુરુ**રામ**નો રે પંચભૂતે ભળી જાય, (૨)
પુનિત ભસ્મએ દેહની, દિશા દશમાં ઉડ જાય...(૨) ભારત...(૨૫)
શાસનદેવ એ અણુઓ થકી રે, પ્રગટાવે આવો **રામ**, (૨)
ભરતક્ષેત્રે અવતારજે, બને યુગપ્રધાન...(૨) ભારત...(૨૬)
દેવવંદન ચતુર્વિધસંઘ રે, પદસ્થ મુનિઓ બહુ આય, (૨)
સુવિશાલ ગચ્છ સમુહમાં, **શ્રેણીકભાઈ** ગુણ ગાય...(૨) ભારત...(૨૭)
તપાગચ્છ સિંહાસન સુના રે, કોણ શોભાવશે નાથ ? (૨)
વડસમ વિસામો લૂટીયો, શ્રમણ સંઘ ગુણ ગાય...(૨) ભારત...(૨૮)
**રામ**દેહની ભસ્મ હુઈ રે, વર ઔષધ સમાન, (૨)
સુબહ થતાં [૧]રાખકણ નહિ, મહાયોગી [૨]થા **રામ**...(૨) ભારત...(૨૯)
ગુરુ**રામ** અંતેવાસીયા રે, **અભયદેવસૂરિરાય જગચ્ચંદ્રસૂરિરાય**,
સર્વશિષ્યોને-પ્રશિષ્યો, ઉજવાલે **રામ**નામ...(૨) ભારત...(૩૦)
આચારનિષ્ઠા-સંયમ શુદ્ધિ રે, જ્ઞાન ગુરુના ઝળકાવે, (૨)
સાચા વારસદાર **રામ**ના, કીર્તિ જગમાં પ્રસરાવે...(૨) ભારત...(૩૧)
શોક છાયો ગુરુ વિરહમાં રે, નથી ભૂલાતી યાદ, (૨)
રાસ રચ્યો **રામ**ની યાદમાં, પદ્મ-પ્રિય-શિશુ 'રાજ'...(૨) ભારત...(૩૨)

◆

૧. પૂજ્યશ્રીના મૃતદેહની ભસ્મ હજુ ઠરી પણ ન હતી, અને ગરમગરમ ભસ્મ લોકોએ ઉપાડી હતી, સવારે છ વાગ્યે તો તે અગ્નિસંસ્કારની જગ્યામાં ઉંડો ખાડો પડી ગયો. રાખ લેવા માટે પોલિસનો બંદોબસ્ત રાખવો પડ્યો હતો, ઔષધ સમાન માનીને લોકોએ રાખનો સંગ્રહ કર્યો હતો.

૨. હતા.

## દુહા

પળપળ યોગક્ષેમ કીયા, શીખ દીયા ઉત્કૃષ્ટ,
ખોટ સાલે હરક્ષણે, પ્રાર્થું આલંબન પુષ્ટ. (૧)
શિષ્ય-પ્રશિષ્ય શ્રમણી સહુ, આપ વિણ નિરાધાર,
તુજ વિયોગે ઝૂરતા, આપ વચન આધાર. (૨)

## ઢાળ-૨૪

### (રાગ - હે વીર વ્હેલા આવો ને)

### (વિષય : શિષ્યોનો વિલાપ)

હે ગુરુ રામ વહેલા આવોને, સ્વર્ગમાંહેથી પધારોને ! કરૂણા અમ પર કીજીયેજી,
તુજ દરિશન કાજે, નયણાં બન્યાં અધીર. હે ગુરૂરામ
સાખી - 卐પંચશત આંબિલ તપના, પારણા દિન તો દીયા,
ચઉમાસ અઠવાગેટ કરવા, સંઘને તુમે હા દીયા,
હે આજ લગી કદી ન ફરી તુજ વાંણ... હે ગુરુરામ (ધ્રુવપદ) (૧)
સાખી - વિશ્વાસ હતો જેહથી કે, આજ આપ નહિ જશો,
આશા હતી ઉર અંતરે કે, નહિ હજુ તરછોડશો,
એ દૃઢ વિશ્વાસે છેતરાઈ ગયા નાથ... ગુરુરામ (૨)
સાખી - અંતક્ષણ સુધી ન જાણ્યું, આધાર મુજ ચાલ્યા જશે,
અતિ નેહ વશ ન સમજીયો, આ નોમ ગોઝારી થશે,
હે પ્રાણાધાર ! પળમાં હુઆ અંધાર... ગુરુરામ (૩)
સાખી - હર પ્રસંગે નોમ કેરી, [૧]તિથિ આપે ટાળીયા,
તો જીવન કેરી ચિરવિદાયે, એહિ દિવસ કિમ લીયા,
આ રડતા શિશુને જોવા ઘડી ન રોકાણા... ગુરુરામ (૪)
સાખી - **જગચ્ચંદ્ર-જગચ્ચંદ્ર** કહી, આપ મુખે બોલાવતા,
બધું જ પડતું મૂકીને, તુમ્હ ચરણે શિષ ઝૂકાવતા,

卐. (૧) પ્રેમીલાબેન હસમુખભાઈ કુવાળાવાળાને ૫૦૦ આંબિલ પૂર્ણ થયાનો મહોત્સવ દિન આપ્યો હતો. (૨) અને નાનપુરા (સુરત) ચોમાસાની જય બોલાઈ હતી પણ ન થયું. પૂજ્યશ્રીના વચનો તેમજ આપેલા મુહુર્તો લગભગ સફળ થયા હતા.
૧. પૂજ્યશ્રી નોમતિથિ કોઈ પ્રસંગે પ્રાયઃ લેતા નહિ.

એ મીઠો ટહુકો...! સુણવા તલસે મારા કાન...
એ મધુરો રણકો...! હજુયે ગૂંજે મારા કાન... હે ગુરુરામ (૫)

સાખી - શિષ્યો-પ્રશિષ્યો સવાર સાંજ, સમુહ વંદન આવતા,
હૈયા હૂંફાળો હાથ સહુના, મસ્તકે ફેરવતા,
એ હેત ભર્યો...! હાથ ન કોઈ મૂકનાર, હે ગુરુરામ...(૬)

સાખી - આગમ સૂત્રોની વાચના, દેઈ અનુભવ આપતા,
નિશિથ-છેદ [1]સૂત્રો તણા, રહસ્યો ગૂઢ સુઝાવતા,
હે શાસ્ત્રજ્ઞાતા...! અબ ક્યાં ભણશું તુમ વિણ. હે ગુરુરામ...(૭)

સાખી - [2]આસન થકી ઉઠી ઘડી ઘડી ઉપનિષદમાં આવતા,
મન કેરી મૂંઝવણો અને પ્રશ્નોને પળમાં ઉકેલતા,
અબ કિહાં કરૂં ? શંકા તણા સમાધાન... હે ગુરુરામ...(૮)

સાખી - વાત્સલ્યભીનું, નેહનમણું, સ્મિત મીઠું હોઠનું,
ક્યારે હવે જોવા મળે એ, હાસ્ય મલકતું મુખડું,
ચારે કોર દેખું ! દર્શન લાગે અબ શમણું - હે ગુરુરામ...(૯)

સાખી - અઠવાલાઈન્સમાંહિ જબ, કીધી મહિનો સ્થિરતા,
સૌ સંઘનાં શ્રાદ્ધો આવી, પધારવાને વિનવતા,
[3]શ્રી સંઘ કહે ! **જગચ્ચંદ્રસૂરિ**ને આજ્ઞા દાન, હે ગુરુરામ...(૧૦)

---

૧. ૮૩ વર્ષની વયે પૂજ્યશ્રીએ પૂ.આ.ભ.શ્રી જગચ્ચંદ્રસૂરિ મ.ને છેદસૂત્રો ભણાવ્યા હતા, આગમસૂત્રોને ઉકેલવામાં અને ગૂઢ રહસ્યો ખોલવામાં પૂજ્યશ્રીની હથોટી હતી.

૨. વીર ગૌતમની જેમ પૂજ્યશ્રી પ્રત્યેક કાર્યમાં રણકા સાથે જગચ્ચંદ્ર કહીને બોલાવતા અને બાળકની જેમ તેઓશ્રી પણ કામ કરતા હોય કે અભ્યાસ કરતા હોય સાદ સાંભળતાં જ પૂ. જગચ્ચંદ્ર મ. તે જ ક્ષણે ઉઠીને પૂજ્યશ્રી પાસે આવતા, પૂજ્યશ્રીની બાજુમાં જ બેઠક રહેતી. પૂ. જગચ્ચંદ્ર સૂરિ. મ. પાસે નાનકડો પ્રશ્ન આવે કે મોટો, પૂજ્યશ્રીને પૂછયા વિના ક્યારેય ઉત્તર ન આપતા, નાની વાત પણ પૂજ્યશ્રીને પૂછવા વારંવાર ઉઠતા, અને સમાધાન કરતા, કોઈ પૂછે કે આનો અર્થ શું થાય ? તો જગચ્ચંદ્રસૂરિ મ. જાણતા હોવા છતાં સાહેબજીને પૂછીને કહું... સાહેબજી સ્વસ્થ હોય તો તો સાહેબજી પાસે જઈને પૂછીને જણાવતા સાહેબજીની અસ્વસ્થતામાં પણ છેલ્લા દિવસ સુધી પૂજ્યશ્રીના ચરણોમાં તન-મન અને પૂરા જીવનને સમર્પણ કરીને પસાર થયા હતા, અને તેઓશ્રીના આદર્શરૂપ સમર્પણથી ગુરૂરામના હૃદયમાં અનન્યભાવે વસ્યા હતા.

૩. અઠવા લાઈન્સના ટ્રસ્ટી પુષ્પકાન્તભાઈએ કહ્યું હતું કે આપની તબિયતના કારણે બધા સંઘોમાં જવાનું માંડીવાળો આપ અહીં સ્થિરતા કરો અને જગચ્ચંદ્રસૂરિ મ. અને ચાર-છ સાધુઓને આજ્ઞા આપો બધા સંઘોની લાગણી સંતોષાય... ત્યારે પૂજ્યશ્રીએ જવાબ આપેલો જગચ્ચંદ્ર તો મારી પાસે જોઈએ.



www.jaintatvagyanshala.org

સાખી - આપે કહ્યું **જગચ્ચંદ્ર** વિણ ઘડી એક ન સુહાવતું,
તો સદા આપ 'જગત'ને છોડી ગયા કિમ દૂરશું,
હે અંતરાધાર...! એક પળ ન કીયા નોંધાર... હે ગુરુરામ...(૧૧)
સાખી - સમુદાયનું શિરછત્ર તૂટે, શ્રમણ-શ્રમણી સહુ રડે,
નાયક વિનાનો સાર્થ જિમ, રણમાં જિમતિમ આથડે,
હે સુઝે નહિ...! કેડી બતાવો સ્વામ... હે ગુરુરામ...(૧૨)
સાખી - એકદા [૧]આપે કહ્યું કે, પચાસ-સાઠ ઓળી થશે,
તબ બાલવયે આવી તુમ્હ, પાસ મુજ દીક્ષા હોશે,
હે તુમ દીક્ષાર્થે... ઓળી કરે લગાતાર. હે ગુરુરામ...(૧૩)
સાખી - [૨]આપે બતાવી આપની, છાયા તણા અજવાશમાં,
ચાલી રહ્યા આજે અમે તો, આપ દર્શન થઈ રહ્યા,
હે આપ આદર્શે...! સદા અમે ચાલનાર... હે ગુરુરામ...(૧૪)
સાખી - માત-તાતને ભ્રાત-ત્રાત તું, સર્વસ્વ અમ સૌ સાથ હતો,
સવિ હેતને સવિ શીખ દેતો, એક તું ગુરુ **રામ** હતો,
હે તારણહારા...! અંતર દ્વાર ખોલનાર... હે ગુરુરામ...(૧૫)
સાખી - આ નાના નાના બાલુડાનો, હાથ તેં ઝાલ્યો હતો,
તો અધવચ્ચે છોડીને મુનિ નાથ કિમ ચાલ્યો ગયો,
હે ગુરુમાં વિયોગે... અંતર રડે છે અપાર... હે ગુરુરામ...(૧૬)
સાખી - વારવાર સાનિધ્યમાં રહેવા સૌભાગ્ય પામીયા,
અંતિમ દિવસે અમ નયનમાં, અંજન અમીના કર્યા,
હે અંતર્યામી...! 'પ્રિયશિશુ'ના પરમાધાર... હે ગુરુરામ...(૧૭)

◆

---

૧. મહાત્માઓ એકવાર આયંબિલ કરી રહ્યા હતા, પૂજ્યશ્રીને ત્યારે કેન્સરના કારણે પ્રવાહી સિવાય કશું લેવાતું ન હતું. ત્યારે કહ્યું મારે આયંબિલનું વાપરવું છે. પૂ. જગચ્ચંદ્રસૂરિ મ.સા. એ કહ્યું : આપને શુષ્ક આહાર ન લેવાય, ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : "તમને બધાને પચાશ-સાઈઠ ઓળીઓ થશે ત્યારે હું આવીને દીક્ષા લઈશ પછી હું પણ ઓળીઓ કરીશ."
૨. કાળધર્મના થોડા દિવસ પૂર્વે પૂજ્યપાદ્શ્રીએ આશ્રિત મુનિ મહાત્માઓને હિતશિક્ષા આપી કહ્યું હતું કે "જગચ્ચંદ્રસૂરિ મારી છાયા છે, તમે સૌ તેમના અનુશાસનને ઝીલજો", "તમારા સહુનું સુંદર યોગક્ષેમ કરશે, તમે સૌ જરાય ચિંતા ન કરશો", અને ત્યારે સર્વ મહાત્માઓએ પૂજ્યપાદ્શ્રીની હિતશિક્ષા મસ્તકે ચડાવી હતી, સંવેગરંગશાળા ગ્રંથમાં કહ્યું છે કે વયોવૃદ્ધ આચાર્ય ભગવંત - ગચ્છાધિપતિશ્રી અંતિમ અવસ્થામાં આશ્રિતોના યોગક્ષેમની અનુશાસ્તિ કરે, તે રીતે અનુશાસ્તિ પૂજ્યશ્રીએ અંતિમ અવસ્થામાં કરી હતી.

## કળશ

### (રાગ : તપગચ્છનંદન સુરતરૂ પ્રગટ્યો)

સદ્ગુરુ **રામ**સૂરિરુપી સૂરજ, ઉદિત હુઓ મુજ હૃદ્ઘટજી,
મોહ-અજ્ઞાન હટાવ્યું સ્વામી, સમકિત ઘો મુજ આતમજી. (૧)
એકવીસમી સદીના યુગભૂષણ, સંઘસકલ શિરતાજજી,
જસ જીવનનું વર્ણન કર્યુ મેં, પરમાર્થ લેવા કાજજી. (૨)
**અભયદેવસૂરીશ્વર** કેરા, વરસે આશિર્વાદજી,
**રત્નચંદ્રસૂરીશ્વર**ના પણ, મિલિયા કૃપાવાદજી. (૩)
**રામ**જીવન ગુણ ગેયમાં રચવા, **જગચ્ચંદ્રસૂરિ**એ ખાસજી,
કૃપાવંતી તસ પ્રેરણા હુઈ, જસ વચને રચું **રામ**રાસજી. (૪)
પાર્શ્વશંખેશ્વર છત્રછાયામાં, દો સહસ બાસઠ સાલજી,
રાજનગર-ગુરુકુળ મેમનગરે, વર્તે ચોમાસા કાલજી. (૫)
શ્રાવણ સુદ પડવા શુભદિને, **રામ** સજઝાય પ્રારંભીજી,
ચોવીશ ઢાળે પંચશતત્રય, કડી યશોગાથા રચીજી. (૬)
**ધર્મ** પંન્યાસ સમુદાયવર્તિ, (મહા) પ્રભાવિકા [1]**જેકોરશ્રીજી,**
ધનાસુથારની પોળ બનાવી, સારી જૈન વૈષ્ણવથીજી. (૭)
તસ શિશુ, **જિનશ્રીજી**ના શિષ્યા, **મણીશ્રીજી** સુવર્ણખાણજી,
ઉપન્યા **કંચનશ્રીજી** સુઆર્યા, શતાધિક શિશુ ગુરુમાતજી. (૮)
તસ શિષ્યા **ભદ્રાશ્રીજી** ગુરુણી, વાત્સલ્યના ધામજી,
તસ લઘુભગિની **સરસ્વતિશ્રી,** તપસીના આશિર્વાદજી. (૯)
હરપળ સંયમજીવનમાં દે, હિતશિક્ષાના દાનજી,
પ્રશાંતમૂર્તિ પ્રગુરૂણી મમ, **પદ્મલત્તાશ્રી** મહાનજી. (૧૦)
ઉપકાર કીયા મુજ પર અનંતા, આલંબન મહંતાજી,
તસ શિષ્યા **પ્રિયદર્શના**શ્રીજી, સંયમ સાધ્યું જસનિશ્રાજી. (૧૧)
'પદ્મ' સમ સુઆચાર સુવાસી, પાળું પ્રભુ **'પ્રિય'** આણજી,
**'રાજ'** કરે આતમરિદ્ધિનું, **રામ**નામે જયકારજી. (૧૨)
હેમચન્દ્રાચાર્ય જનમદિને, પૂર્ણ હુઈ રાસ રચનાજી,
**રામ** રાસ જે ભણે ભણાવે, વાંછિત પૂરે સહુનાજી. (૧૩)

૧. પ.પૂ. આ મહાપ્રભાવિકા સાધ્વીજી ભગવંતે અમદાવાદ-રાજનગર-ધનાસુથારની પોળમાં રહેલા અનેક વૈષ્ણવોને પણ જૈન બનાવ્યા હતા.



www.jaintatvagyanshala.org

# પ્રભુ મહાવીર ઉપસર્ગ સજ્ઝાય

## દુહો

પ્રણમું પંચ પરમેષ્ઠિને, વંદુ પરમગુરુ**રામ**,
સમરૂં સરસ્વતિ માતને, વર્ણવું સમતા સ્વામ । (૧)
સમાધિ દાનના મિષથી, કરૂં પ્રશસ્ત પ્રયાસ,
વીર ઉપસર્ગને રચું, સફળ કરો મમ આશ । (૨)
વ્યાધિ-વેદના તીવ્રતમ, તો યે શમરસ લીન,
તે **ગુરૂરામ** સમાધિમાં, અર્ધ્ય અર્પણ આધીન । (૩)

## ઢાળ - ૧

**(રાગ : ધન ધન તે દિન માહરો)**

સંયમ લઈ પ્રભુ વીરજી, વિચર્યા દેશ-વિદેશ,
ભરતની ભૂમિ પાવન કરી, સમતાનો દીધો સંદેશ.
ધન ધન ધીર મહાવીરને...૧
સિદ્ધ સાખે મહાવ્રત ઉચ્ચરી, પંચમુષ્ટિ કીધો લોચ,
સાડા બાર વરસ તપ તપ્યાં, કાપવા કર્મની ફોજ. ધન ધન...૨
સુરોએ સુગંધી વિલેપન કર્યું, સંયમ પૂર્વે જાણ,
ભ્રમરો ડંખ દેહ પર દીયે, સહે વીર સમતાખાણ. ધન ધન...૩
કુમાર ગામના સીમાડે, કાઉસગ્ગ રહે તિહાં ઠામ,
ગોપાલ આવી પ્રભુને કહે, રાખજો વૃષભનું ધ્યાન. ધન ધન...૪
ધ્યાન-મૌનમાં સ્થિર પ્રભુ, દીયો નહિ ઉત્તર,
વળતો ગોવાળ આવી જુએ, દેખે નહિ બળદ. ધન ધન...૫
રોષે ભરાયો ગોવાળીયો, રાશ લઈ મારવા ધાય,
ઈન્દ્રે આવી અટકાવીયો, પ્રભુ તો શમજલે ન્હાય. ધન ધન...૬
સૌધર્મેન્દ્ર કરે વિનંતિ, આજ્ઞા દીઓ રહું પાસ,
ઉપસર્ગો બહુલા આવશે, સેવા કરવા મુજ આશ. ધન ધન...૭
વીર વદે ઈન્દ્ર સુણો, ન હુઆ હોશે કદી,
જિનવર કોઉ સહાયથી, કેવલ પામ્યા નથી. ધન ધન...૮
પ્રાણાંત કષ્ટો આવશે, જાણ્યું શક્રેન્દ્રે નાણ,
વ્યંતર સિદ્ધાર્થ મૂકીયો, રાખવા પ્રભુનું ધ્યાન. ધન ધન...૯

ઉપસર્ગ આરંભે ગોવાળીયો, અંતે પણ ગોવાળ,
**રામગુરુ** શિષ્ય ભાવથી 'જગત' યાચે સમરસ થાળ. ધન ધન...૧૦

## ઢાળ - ૨

**(રાગ : મેતારજ મુનિવર ! ધન ધન તુમ અવતાર)**

ઉપશમ રસના સાગરૂંજી, સાચા શ્રમણ અણગાર,
પરાર્થ વ્યસને વિચરતાજી, ક્ષમા તણા અવતાર.
વૈરાગી વીર ! નમો નમો વીર અણગાર ! (૧)
ઈર્યાસમિતિ પાળતાજી, આવે અસ્થિક ગામ,
શૂલપાણી યક્ષ મંદિરેજી, રહીયા કાઉસગ્ગ ધ્યાન. વૈરાગી વીર ! (૨)
આભ તૂટી પડે તેવું ભયંકર, યક્ષ કરે અટ્ટહાસ્ય,
હાથી-સિંહ-પિશાચ-નાગ, છરી-કુહાડીના ત્રાસ. વૈરાગી વીર ! (૩)
અખૂટ ધૈર્યધારી પ્રભુંજી, ડગ્યા નહિ મેરૂ ધૈર્ય,
આંખ-કર્ણાદિ આઠે કોમળ, અંગે કીધો ઉપસર્ગ. વૈરાગી વીર ! (૪)
દેહે શ્રમ હુઓ અતિ કષ્ટેજી, પ્રહર ચાર પર્યન્ત,
બાર વરસમાં બે ઘડી નિદ્રા, તબ હુઈ મહાસંત. વૈરાગી વીર ! (૫)
વિભુની અગાધ શક્તિ દીઠી, હાર્યો શૂલપાણી યક્ષ,
ક્ષમાશીલ પ્રભુ ચરણે પડીને, માંગે માફી પ્રત્યક્ષ. વૈરાગી વીર ! (૬)
શાંત મુદ્રામાં દેખી વીરની, સેવા કરે ગાન ગીત,
કષ્ટકાર પણ યક્ષનેજી, દીઓ પ્રભુએ સમકિત. વૈરાગી વીર ! (૭)
પ્રથમ ચોમાસું વીર પ્રભુજી, વસીયા શૂલપાણી મંદીર,
લોકોત્તર પ્રભુ **રામ** દશાને, **'જગત્ચંદ્ર'** વંદે વીર ધીર. વૈરાગી વીર ! (૮)

## ઢાળ - ૩

**(રાગ : વીર પ્રભુજી પધારો, રાજ ! વીર પ્રભુજી પધારો)**

મૈત્રીભાવમાં મ્હાલે હો વીર, મૈત્રીભાવમાં મ્હાલે,
ભવ્યજીવોને તારે હો વીર, મૈત્રીભાવમાં મ્હાલે.
સવિ જીવપે કરૂણા ધરતાં, વિચરે ધરણી તલમાં,
કનકખલ આશ્રમમાં આવે, દષ્ટિવિષ જે દરમાં.
હો વીર મૈત્રી...(૧)



www.jaintatvagyanshala.org

ગોવાળો પશુઓ પ્રભુને નકારે, તિહાં છે ભયંકર નાગ,
યોજન લગી વિષની જ્વાળે, પ્રાણી માત્ર કરે ખાખ.
હો વીર મૈત્રી...(૨)

ભોરીંગની ભવ્ય ભવિતવ્યતા, પ્રભુ પધાર્યા પ્રતિબોધવા,
પૂરવ ઋણાનુબંધે પશુયોનિ, પન્નગની દુરગતિ રોધવા.
હો વીર મૈત્રી...(૩)

બીલ પાસે રહ્યા કાઉસગ્ગધ્યાને, મધ્યાન્હે સૂરજ ધખતે,
કાતિલ ડંખ દીધો કૌશિકે, દૂધ સમ રૂધિર ચમકે.
હો વીર મૈત્રી...(૪)

નેણ મિલે પ્રભુ કરૂણા નજરમાં, કૌશિક વિભુને વિચારે,
"બુજ્ઝ બુજ્ઝ" ચંડકોશિયા કહી (પ્રભુ), હાથથી શક્તિ સંચારે.
હો વીર મૈત્રી...(૫)

સુધા શીતલ મંત્ર વચને, કોપાનલ સમતા ધારે,
અણસણ કરી દિન પંદ્રહનું, જાતિ સ્મરણે સંભારે.
હો વીર મૈત્રી...(૬)

તિહાં લગી કાઉસગ્ગ ધ્યાને, વસે વીર તેહી ઠાણે,
પ્રાણ છોડી સહસ્ત્રારે જાવે, ચંડકૌશિક તે ટાણે.
હો વીર મૈત્રી...(૭)

તિહાં ગોવાળો તાપણું તાપતાં, તણખો પ્રભુને પગે લાગે,
બે ઈંટ મૂકી ચરણો મધ્યે, ગોવાળો ખીરને રાંધે.
હો વીર મૈત્રી...(૮)

કટપૂતના જટા ભરી ભરી, જલ પ્રભુ પર સીંચે,
શીત ઉપસર્ગ સહેતા પ્રભુને, પરમાવધિ નાણ નીપજે.
હો વીર મૈત્રી...(૯)

શિષ્ય બનીને ગોશાલે વીરને, બહુલા કષ્ટ દીયા શિરે,
અપાત્ર જાણ્યો તોયે નિયતિ, શીખવી તેજોલેશ્યા વીરે.
હો વીર મૈત્રી...(૧૦)

આપે શીખવી વિદ્યા તુજ પર, છોડી પાપી ગોશાલે,
કેવલનાણ પછે કીયો ઉપસર્ગ, ષટ્માસ તક રૂધિર બાળે.
હો વીર મૈત્રી...(૧૧)

બાર વરસ વીર કદી ન વદીયા, બન્યા નાગના કારૂણ્ય,
**રામસૂરિગુરુ** શિષ્ય પભણે, 'બાળ જગત્'ના શરણ્ય.
હો વીર મૈત્રી...(૧૨)

## ઢાળ - ૪

**(રાગ : કરી સમતાના પાન, વરીયા શિવ સોપાન મહાસંત...)**

અપ્રમત્ત ચરમશીખરે, અનાર્યદેશમાં વિચરે, સમતાવીર !
કેવા કેવા કષ્ટો વીરે સહીયા,
કષ્ટથી હજુ ય ન થાક્યા, કર્મો કઠીન પાક્યાં... સમતાવીર !
કેવા કેવા...(૧)

દ્રઢ ભૂમિના પોલાસચૈત્યે, જિનમુદ્રાએ પડિમા વહે,
એક અણુ પે ધ્યાન, પ્રથમ પાયે શુક્લધ્યાન... સમતાવીર !
કેવા કેવા...(૨)

તિહાં જંગલી શ્વાનો કરડાયા, માંસ લોચા પગથી નીકાલા,
કરવત થકી ચીરે, તાડે પ્રભુને તીરે... સમતાવીર !
કેવા કેવા...(૩)

ક્રુર કાઠી-લાઠીએ તિરસ્કાર, વિલિન કીધો વીરે અહંકાર,
ઈન્દ્રિયો પાંચે દમે, પ્રશમરસમાં રમે...સમતાવીર !
કેવા કેવા...(૪)

નૌકામાંહે બેસ્યા વિણ મૂલે, દુષ્ટ નાવિકના પેટમાં શૂલે,
જોરશોરથી દાબ્યા, ધખતી વેળુમાં શેક્યા...સમતાવીર !
કેવા કેવા...(૫)

અનાર્ય દેશની જનતા અનાડી, દુઃખો છોડ્યા પ્રભુપે પહાડી,
કર્મોના ચૂરા વાળ્યા, મ્લેચ્છોપે કરૂણા આણ્યા. સમતાવીર !
કેવા કેવા...(૬)

વીરની અચલ અડગતા ઈન્દ્રે, નાણથી જાણી સભામાં પ્રશંસે,
વીરના ધૈર્ય તોલે, વીર 'કો'થી ન ચલે. સમતાવીર !
કેવા કેવા...(૭)

સુણી પ્રશંસા આયો સંગમ પાપી, કરવા વીર ધૈર્યની ખાત્રી,
ધ્યાનથી ચલિત કરવા, અનેક પ્રયત્નો ધર્યા. સમતાવીર !
કેવા કેવા...(૮)



www.jaintatvagyanshala.org

વૃષ્ટિ ધૂળ કેરી વરસાવી, શ્વાસોશ્વાસ પ્રભુના રૂંધાવી,
લોહ તીક્ષ્ણ કીડીઓ, દેહને ચાલણી કરીઓ. સમતાવીર !
કેવા કેવા...(૯)

ઉન્મત્ત હસ્તિ સૂંઢે ઉછાળીયા, વળી દાંતને પગથી કચરીયા,
સિંહ શરીરને ફાડે, પ્રચંડ પવન પછાડે. સમતાવીર !
કેવા કેવા...(૧૦)

એક રાતમાં વીશ ઉપસર્ગો, વીંટ્યા દેહે ભયંકર સર્પો,
માર્મિક અંગે ડંખે, સંગમ હજુ ય ન જંપે. સમતાવીર !
કેવા કેવા...(૧૧)

ષટ્માસના ઉપવાસ હુઆ, નિત દોષિત આહાર કીયા,
વીંછી વાઘને વિકુર્વ્યાં, અપ્સરા-સ્વર્ગ દેખાડ્યાં. સમતાવીર !
કેવા કેવાં...(૧૨)

ચક્ર નાંખ્યું પ્રભુના મસ્તકે, પથરાળ પૃથ્વીમાં ઢીંચણ ખૂંચે,
તો યે શુક્લ ધ્યાનસ્થ, પ્રસન્નભાવે સ્વસ્થ. સમતાવીર !
કેવા કેવા...(૧૩)

ઈમ અનેક ઉપસર્ગ કરીયા, તો યે કરૂણા રસે વીર ભરીયા,
વહાવે કૃપા સિંધુ, નયને અશ્રુબિંદુ. સમતાવીર !
કેવા કેવા...(૧૪)

અભવી સંગમની દયા ઉભરાઈ, નેત્રામ્બુ કેરા દાન દેઈ,
વીરની કરૂણા ઉભરે, રામનો 'જગત્' ઉધ્ધરે. સંમતાવીર !
કેવા કેવા...(૧૫)

## ઢાળ - ૫

**(રાગ : રાજગૃહી પ્રભુવીર પધાર્યા, સાથે સુરકોડી)**

ક્ષાયિક ભાવોને સંવેદવાના, અધ્યવસાયો જાણે,
સ્થિતપ્રજ્ઞ ચિત્તે વહેતા પ્રભુજી, અપ્રમત્ત ગુણ ઠાણે...
હો પ્રભુજી વંદુ તારી ધીરતા (૧)

જૃંભિકા ગામે કાઉસગ્ગ ધ્યાને, વીરને વંદન આવે,
ઈન્દ્ર કહે વીર માધવ સુદી દિન, દશમી કેવલ થાવે...
હો પ્રભુજી વંદુ (૨)




www.jaintatvagyanshala.org

ગામ ષન્માનિક ઉદ્યાનમાંહે, દેહાધ્યાસને તોડે,
કર્મ તણી કુકરામત જુઓ, પ્રભુને પણ ન છોડે...
હો પ્રભુજી વંદુ (૩)
ત્રિપૃષ્ઠ ભવે શય્યાપાલકના, કર્ણોમાં સીસું રીશે,
પાક્યાં તે કર્મ ઉદયે વૈરી, આયો ગોપ મીષે,
હો પ્રભુજી વંદુ (૪)
બળદો મૂકી હું જાઉ છું ગામમાં, ગોપ કહે મૌની વીર,
પાછો આયો પૂછે પ્રભુને, ધ્યાની ન બોલે લગીર.
હો પ્રભુજી વંદુ (૫)
પૂરવ ભવના વૈરથી ગોપને, દ્વેષ હુઓ ઈણ સ્થાને,
શરકટ તરૂના અગ્ર અણીદાર, ખીલ્લા ઠોક્યા બે કાને.
હો પ્રભુજી વંદુ (૬)
ઘણા સહ્યા વીરે ઉગ્ર ઉપસર્ગો, તોયે નિશ્ચલ નિશદિશ,
ખરક વૈદ્યે જબ ખીલ્લા ખેંચ્યા, કારમી પડી ચીસ.
હો પ્રભુજી વંદુ (૭)
મહા વેદના સહી તે સમયે, તો યે તેજંતુ નિલાડ,
ઘોરાકાર શબ્દે પહાડની, શિલામાં પડી તીરાડ.
હો પ્રભુજી વંદુ (૮)
વ્રણ સંરોહિણી ઔષધી થકી, ઘાવને મીટાવે,
જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટા કષ્ટો, હવે પૂરણ થાવે.
હો પ્રભુજી વંદુ (૯)
જઘન્યે ઉત્કૃષ્ટ કટપૂતનાનો, અતિ શીત ઉપસર્ગ,
મધ્યમે ઉત્કૃષ્ટ સંગમે છોડ્યું, માથે કાળચક્ર.
હો પ્રભુજી વંદુ (૧૦)
ઉત્કૃષ્ટે ઉત્કૃષ્ટ ખરક વૈદ્યે, જબ ખીલ્લા આકૃષ્ટ,
કોડીકષ્ટો સમતાએ સહેતા, વીરની ધીરતા પ્રકૃષ્ટ.
હો પ્રભુજી વંદુ (૧૧)
સહનશીલતા ટોચે સમતા, મળે પ્રભુ **'રામ'** નામ,
સમરણ અહોનીશ રહે તાહરૂં, **'સૂરિ જગત્'**ના સ્વામ.
હો પ્રભુજી વંદુ (૧૨)

## કળશ


ઈમ શમ સમંદર વીર જિનવર, કેરી ઘોર સાધના,
વર્ણવતાં સંભારતાં, પામું સમાધિ ઉપાસના...(૧)
**સત્ય વિજય** પટ્ટપરંપરાએ, **રૂપવિજય** યુગંધરા,
પંન્યાસ દાદા **ધર્મગુરૂ**ની વિશુદ્ધ આચારપરંપરા ...(૨)
તસ પાટે પ્રથમ સૂરિવરા, **સુરેન્દ્ર** પ્રતિભા ધારકા,
તસ શિષ્ય તપગચ્છતરણી તપતા, **રામસૂરિ** મમ તારકા...(૩)
અંતિમ ટાણે વ્યાધિમાંહે, ઉપસર્ગ **વીર** સંભારીયા,
તે કારણે પ્રભુ**વીર**ની, સમાધિનું વર્ણન કીયા ...(૪)
પ્રભુવીરની સમતા સરે, ગુરૂ **રામ** હૃદયની ભાવના,
અંતિમ દિને સુણી ગુરૂએ, પૂરણ હુઈ મમ કામના ...(૫)
**રૂપ-રત્ન-મોહન ધર્મ; સુરેન્દ્ર** ગુરૂ કૃપા થકી.
**સૂરિરામ શિષ્ય** 'જગતચંદ્રે', **રામ સમતાર્થે** રચી ...(૬)

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## સંયમદિવસની હિતશિક્ષા

સંયમમાર્ગની પ્રાપ્તિનો દિવસ મેળવીને આત્મગુણોની વૃદ્ધિ કરવામાં ખુબજ ઉદ્યમશીલ બનો બસ એજ લિ. રામસૂરિની અનુવંદના સુખશાતા

## ગોચરી વાપરવા બાબતે પૂજ્યશ્રીની હિતશિક્ષા

ગોચરીમાં મૌનપણે વાપરવાથી અને આજુબાજુની વાતો ઈસારા કરવા આદિ બંધ કરવાથી સમયનો બગાડ થતો નથી અને કર્મબંધન ઓછું થાય. વળી યતના ધર્મ પણ બહુજ સારી રીતે સચવાય તેમજ પાત્રામાં સુક્ષ્મ જીવજંતુ પડી જાય તો તેને સંભાળીને લઈને દૂર મૂકાય. અન્યથા વિરાધના થાય. જો મૌન રખાય તો પરમાત્મા જીનેશ્વરદેવની આજ્ઞાનું પાલન થાય. આહારસમયે શાંત રહેવાય તો આહાર સુયોગ્ય રસાદિરૂપે પરિણમે. પરસ્પર કલેશાદિકનાં નિમિત્તો ઊભાં ન થાય. સાથ સાથ એક બીજાની પરસ્પર સભ્યતા પણ સચવાય. અરે મુનિજીવનમાં ગોચરી વાપરતાં ન બોલવાથી કેટલાય આધ્યાત્મિક લાભો પણ આત્મા મેળવી શકે

લિ. આ. વિજય રામસૂરિ.